Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 25 DECEMBER, 2020 Vol. 16, No. 51 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

## કોરોનાના નવા બે જોખમી પ્રકારને કારણે બ્રિટન દુનિયાથી વિખુટું પડી ગયું

# બ્રિટનમાં અઠવાડિયામાં કોરોનાનો બીજો સ્ટ્રેન મળ્યો

## નવો સ્ટ્રેન દક્ષિણ આફ્રિકાથી આવ્યાનું અનુમાન, જે પહેલા સ્ટ્રેન કરતા પણ વધારે ચેપી હોવાનો દાવો

લંડન : બ્રિટનમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન મળતા ફરી વખત આખી દુનિયામાં ડરનું વાતાવરણ છે. કોરોના વાયરસનો આ નવો પ્રકાર બ્રિટનમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે, જેના કારણે ત્યાં પહેલા કરતા પણ કડક લોકડાઉન લાગુ કરાયું છે. તો દુનિયાના અનેક દેશોએ બ્રિટન ઉપર હવાઈ પ્રતિબંધ મુક્યો છે. આ બધા વચ્ચે વધારે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે કે બ્રિટનમાં કોરોના વાયરસનો બીજો નવો સ્ટ્રેન સામે આવ્યો છે. આ બીજો નવો સ્ટ્રેન પણ ઘણો વધારે ચેપી છે.



બ્રિટને બુધવારે એલાન કર્યુ કે તેમને કોરોના વાયરસનો નવો પ્રકાર મળ્યો છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી મૈટ હેનકે બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે બ્રિટનમાં આ નવા સ્ટ્રેન સાથેના બે કેસ સામે આવ્યા છે. દક્ષિણ આફ્રિકાથી આવેલા લોકોના સંપર્કમાં આવેલા લોકોમાં આ બીજા પ્રકારનો સ્ટ્રેન જોવા મળ્યો છે. જેના કારણે છેલ્લા બે અઠવાડિયામાં દક્ષિણ આફ્રિકાથી આવેલા તમામ લોકોને આઈસોલેશનમાં રહેવાના આદેશ કરવામાં આવ્યા છે.

સાથે જ બ્રિટને દક્ષિણ આફ્રિકાથી આવતી ફલાઈટો ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. બ્રિટનમાં હાલમાં કોરોનાની જે બીજી લહેર છે તેનું કારણ કોરોના વાયરસનો નવો સ્ટ્રેન છે તેમ માનવામાં આવે છે. ત્યારે હવે ત્યાં બીજા નવા સ્ટ્રેનની ઓળખ થઈ છે. તો આ તરફ દક્ષિણ આફ્રિકામાં પણ કોરોના વાયરસના કેસમાં ફરીથી વધારો થઈ રહ્યો છે. દક્ષિણ આફ્રિકાના સ્વાસ્થ્ય વિભાગે ગયા અઠવાડિયે જ કહ્યું હતું કે અમને કોરોના વાયરસના નવા વેરિએન્ટની જાણકારી મળી છે. એવી શક્યતા છે કે દેશમાં જે કેસ વધી રહ્યા છે તેની પાછળ આ નવો વેરિએન્ટ જવાબદાર હોય. ત્યારે બ્રિટનમાં આવેલો કોરોનાનો આ બીજો નવો સ્ટ્રેન દક્ષિણ આફ્રિકાથી આવ્યે હોવાનું મનાઈ રહ્યું છે.

# કેનેડામાં કોરોનાના નવા ૬૬૫૬ કેસ, ૧૧૩ના મોત

ઓન્ટેરિયો : કેનેડામાં કોરોનાનું સંક્રમણ ફરી બેફામ બની રહ્યું હોય તેમ બુધવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં વધુ ૬૬૫૬ નાગરિકો કોરાનાગ્રસ્ત નીકળ્યા હતા. આ સાથે જ ૧૧૩ દર્દીઓના મોત નિપજ્યા હતા. બુધવારે સૌથી વધુ કેસ ક્યૂબેકમાં ૨૨૪૭ નોંધાયા હતા. ક્યૂબેકમાં ૭૪ દર્દીના કોરોનાને કારણે મોત નિપજ્યા હતા. જયારે અહીં ૧૬૦૨ દર્દીઓને સાજા કરવામાં આરોગ્ય વિભાગે સફળતા મેળવી હતી. મળતી વિગતો મુજબ બુધવારે ઓન્ટેરિયોમાં કોરોનાના વધુ ૨૪૦૮ કેસ મળવા સાથે ૪૧ દર્દીના મોત નોંધાયા હતા. જયારે અહીં ૨૨૪૩ દર્દીને રિકવરી આવી હતી. ન્યુબ્રુન્સવીકમાં આજે માત્ર પાંચ નવા કોરોના પોઝિટવ દર્દી મળ્યા હતા. એ જ રીતે મોનીટોબામાં વધુ ૨૦૧ નાગરિકોને કોરોના હોવાની પૃષ્ટિ થઈ હતી. અહીં ૧૫ લોકો કોરોનાને કારણે મોતને ભેટ્યા હતા. મોનીટોબામાં બુધવારે ૧૪૧ દર્દીઓ સાજા થયા હતા. આ ઉપરાંત ન્યુ ફાઉન્ડલેન્ડમાં માત્ર એક કેસ મળ્યો હતો. સમગ્ર દેશમાં કુલ ૬૬૫૬ દર્દીનો ઉમેરો થતાં અત્યાર સુધીના સંક્રમિતોનો આંકડો ૫૨૮૧૬૫ ઉપર પહોંચી ગયો હતો. દેશમાં હજી પણ એક્ટિવ કેસની સંખ્યા ૭૮૨૨૧ હોવાનું જાણવા મળ્યું છે. જે પૈકી ૭૧૫ દર્દીઓની હાલત અત્યંત નાજુક છે. કેનેડામાં કોરોનાને કારણે કુલ મરણાંક ૧૪૫૩૮ થઈ ગયો છે.

# વિશ્વમાં ૭.૬૮ કરોડ કેસ, ૧૭ લાખનાં મોત

વોશિંગ્ટન : સમગ્ર વિશ્વને કોરોનાએ ભરડામાં લીધું છે. કોવિડ-૧૯ તરીકે ડબલ્યુએચઓ દ્વારા જારી કરવામાં આવેલી મહામારી એક વર્ષ બાદ પણ ૨૦૨૦ના ડિસેમ્બરમાં યથાવત રહી હતી. વિશ્વભરમાં ૭.૬૮ કરોડ લોકોને સંક્રમિત કરનાર અને અંદાજે ૧૭ લાખ લોકોનો ભોગ લેનાર આ મહામારી ૨૦૨૧માં જોવા મળવાની જ છે. માર્ચથી મે સુધીનો તબક્કો એવો આવ્યો જ્યાં ઈટાલી, સ્પેન અને યુરોપના બીજા દેશોમાં કોરોના સંક્રમિતોની સંખ્યા અધધ વધી ગઈ અને મૃતાંક પણ ચરમસીમાએ પહોંચી ગયો. અમેરિકા અને બ્રાઝિલમાં પણ આ જ સ્થિતિ આવી ગઈ. હાલમાં પણ આ દેશોમાં વિશ્વના સૌથી વધારે કેસ છે. અમેરિકામાં હાલમાં ૧.૭૫ કરોડ કેસ છે અને ૩.૧૩ લાખ લોકો મોતને ભેટયા હતા. બ્રાઝિલમાં પણ ૭૧ લાખ કેસ છે જ્યારે ૧.૮૫ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. રશિયામાં પણ ૨૮ લાખ કેસ છે અને ફ્રાન્સમાં પણ ૨૪ લાખ કેસ છે.

સ્વદેશ
પરિવાર તરફથી સૌને નાતાલ
પર્વની હાર્દિક શુભેચ્છા

RE/MAX CROSSROADS REALTY INC.
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયોમાં કોરોનાનું સંક્રમણ વધતા ૨૬મીથી લોકડાઉન

## ઉત્તર ઓન્ટેરિયોમાં કેસોનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાં લોકડાઉનનો અમલ ૯મી જાન્યુઆરી સુધી રહેશે

- ક્રિસમસ બાદ કોઈ પણ સ્થળે લોકોને મોટી સંખ્યામાં એકત્ર ન થવા અપીલ



ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે સોમવારે કહ્યું હતું કે, કોવિડ -૧૯ના વધતા જતા કેસોને કારણે નાતાલના તહેવારોમાં એનો પ્રસાર વધી ન જાય એ હેતુથી સરકાર ૨૩મી જાન્યુઆરી સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવાનું નક્કી કર્યું છે. ઓન્ટેરિયોમાં કોવિડ -૧૯ના ૨૧૨૩થી વધુ કેસ નોંધાયા હોવાથી આ પગલું લેવાયું છે. બીજા તબક્કામાં પણ કેસો ઝડપથી વધી રહ્યા હોવાથી આ પગલું જરૂરી બન્યું છે. લોકડાઉનનો અમલ ૨૬મી ડીસેમ્બરની વહેલી સવારે ૧૨.૦૧ મિનીટથી શરૂ થશે અને કમસેકમ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૧ સુધી રહેશે. જેમાં ઓન્ટેરિયોના દક્ષિણભાગના ૨૭ પબ્લીક હેલ્થ યુનિટસનો સમાવેશ થાય છે એમ સરકારી યાદીમાં જણાવાયું હતું.

ઉત્તર ઓન્ટેરિયોમાં કેસોનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાં લોકડાઉનનો અમલ ૯મી જાન્યુઆરી,૨૦૨૧ સુધી રહેશે. પ્રિમીયર ફોર્ડે એમ પણ કહ્યું હતું કે, વાઈરસનો ફેલાવો ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે અને પ્રાંતમાં આગોતરી યોજના બનાવી આરોગ્યની સેવાઓ પુરી પાડવી જરૂરી બનશે. એટલા માટે જ આ કઠોર નિર્ણય લેવો પડયો છે. પરંતુ એ લોકોના હિત માટેનો છે. એટલે લોકોએ પણ અમલ કરવામાં ભુલ ન કરવી જોઈએ. કેમકે એમાં હજારો લોકોના જાનને જોખમ છે. પત્રકારોએ તેમને પુછ્યું કે લોકડાઉનના અમલ માટે ૨૬મી ડિસેમ્બર સુધી રાહ કેમ જુઓ છો ? તો જવાબમાં તેમણે કહ્યું કે, વ્યાપારીઓને આવનારા મુશ્કેલ દિવસોનો સામનો કરવા પુરતો સમય આપવો જરૂરી છે. વળી, ટોરોન્ટો અને પીલ રીજિયન જેવા વિસ્તારોમાં તો અત્યારે લોકડાઉન ચાલે જ છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, નાના વ્યાપારીઓ માટે લઘુત્તમ ૧૦ હજાર યુએસ ડોલરનું વળતર આપવાની યોજના પણ બની રહી છે. ક્રિસમસના બીજા દિવસથી લોકડાઉન શરૂ થનાર હોવાથી લોકોને મોટી સંખ્યામાં એકત્ર ન થવાની અપીલ પણ તેમણે કરી હતી.

# કોવિડ-૧૯ના પ્રસારને રોકવા યુ.કે.ની ફલાઈટસ પર પ્રતિબંધ

### યુકેથી આવનારા તમામ પ્રવાસીઓએ સ્ક્રીનીંગ અને કવોરન્ટાઈનનું પાલન કરવું પડશે



ઓન્ટેરિયો : રવિવારે કેનેડાએ પણ કેટલાક યુરોપિયન દેશો સાથે યુ.કે.થી આવનારી ફલાઈટસ ઉપર પ્રતિબંધ લાદવામાં જોડાવાનું નક્કી કર્યું હતું. કોરોના વાઈરસના બીજા તબક્કાના પ્રસારને અટકાવવા આ પગલું લેવાયું હતું. મીડિયાને ટ્રાન્સપોર્ટ કેનેડા તરફથી જારી કરાયેલી નોટીસ ઓફ એરમેન (નોટામ)ની નકલ મળી છે. જેમાં યુ.કે.થી આવનારી કોમર્શિયલ, પ્રાઈવેટ અને ચાર્ટર્ડ ફલાઈટસ જે પ્રવાસીઓની હેરફેર સાથે સંકળાયેલી હોય, એને રવિવારની મધરાતથી પ્રતિબંધિત ઘોષિત કરવામાં આવી હતી. જો કે, કારગો અને ટેકનીકલ કારણોસર સલામતી માટે લેન્ડીંગ કરનારી ફલાઈટસને આમાંથી મુકિત આપવામાં આવી હતી. જેમાં પ્રવાસીઓ બહાર નીકળી શકતા નથી.

નોટીસમાં જણાવવામાં આવ્યું હતું કે, ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર માર્ક ગેરમેન માને છે કે, એવિયેશનની સલામતી અને લોકોની સલામતી માટે યુ.કે.થી આવનારી કેનેડાની કોમર્શિયલ વિમાની સેવાઓ બંધ રાખવી જરૂરી છે. ફલાઈટ ટ્રેકીંગ વેબસાઈટના ડેટા મુજબ લંડન એરપોર્ટથી ઉપડનારી ૧૦ નોનસ્ટોપ ફલાઈટસ ટોરન્ટો આવે છે અને બે વાનકુંવરમાં ગયા અઠવાડિયે આવી હતી. બીજી કેટલીક ફલાઈટસ કેલગેરી અને એડમન્ટનની પણ હતી. પબ્લીક સેફટી એન્ડ ઈમરજન્સી પ્રિપેર્ડનેસના મિનીસ્ટર બિલ બ્લેરે ટવીટ કર્યું હતું કે, આ પ્રતિબંધો ૭૨ કલાકમાં અમલી બની શકશે. પછીથી એની મુદતમાં વધારો પણ કરી શકાશે. પબ્લિક હેલ્થ એજન્સી ઓફ કેનેડાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જે પ્રવાસીઓ રવિવારે યુ.કે.થી કેનેડા આવી ચુકયા છે. તેમણે નવા ધોરણો મુજબ સ્ક્રીનીંગ અને કવોરન્ટાઈનનું પાલન કરવું પડશે. એ અગાઉ જે પ્રવાસીઓ યુ.કે.થી આવી ચુકયા હોય, તેમને માટે કેનેડા સરકાર તરફથી સુચના આપવામાં આવશે. જેનું પાલન કરવું પડશે. એર કેનેડાએ કહ્યું હતું કે, સોમવારથી તેઓ કામચલાઉ ધોરણે કેનેડા અને લંડનના હિથરો એરપોર્ટ વચ્ચેની તમામ ફલાઈટસ મુલતવી રાખશે. કેનેડાના ટોરોન્ટો અને વાનકુંવરથી ઉપડનારી બે છેલ્લી ફલાઈટસ રવિવારે સાંજે રવાના થઈ હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, સરકારના નિર્ણયને કારણે પ્રવાસીઓને પડનારી મુશ્કેલી બદલ અમે માફી માંગીએ છે અને તેમના પ્લાનને અનુરૂપ શિડયુલ ગોઠવાય એનું ધ્યાન રાખવામાં આવશે.

# માસ્ક ન પહેરતા પ્રવાસીઓને દંડ

ઓન્ટેરિયો : ટ્રાન્સપોર્ટ કેનેડાએ વિમાન પ્રવાસ દરમિયાન માસ્ક પહેરવાનો ઈન્કાર કરનારા સંખ્યાબંધ પ્રવાસીઓને ચેતવણીના પત્રો આપ્યા હતા અને કેટલાકને દંડ પણ કર્યો હતો. આ બાબત મીડિયા સમક્ષ ટ્રાન્સપોર્ટ કેનેડાના રીવ્યુ ડેટાને કારણે બહાર આવી હતી. જેમાં એવું જોવા મળ્યું હતું કે, વેસ્ટજેટના પ્રવાસીઓ વધુ દંડાયા હતા. કુલ ૭૨ બનાવો પૈકી ૫૦ એટલે કે, ૭૦ ટકા પ્રવાસીઓ કાલગેરી સ્થિત આ એરલાઈન્સના હતા. દંડના કુલ નવ કિસ્સા પૈકી આઠ વેસ્ટજેટના પ્રવાસીઓના હતા.

નવમો કિસ્સો એર નોર્થના વાનકુંવરથી વ્હાઈટહોર્સના પ્રવાસીનો હતો. જુન માસથી લાગુ કરાયેલા નિયમો મુજબ પ્રવાસીઓએ વિમાનમાં પણ માસ્ક પહેરવું ફરજિયાત છે. જેનો ભંગ કરનારાને વહીવટી ખર્ચ તરીકે દંડની જોગવાઈ છે. એ ઉપરાંત ટ્રાન્સપોર્ટ કેનેડાએ ૧૨ ચેતવણીપત્રો એર કેનેડાના પ્રવાસીઓને આપ્યા હતા. જેમાં બે જાઝ પ્રવાસીઓ અને અન્ય બે એર ટ્રાનસેટની ફલાઈટના હતા. જયારે એર નોર્થ, કામ એર, ફલેર, કેએલએમ અને સ્વુપના એક-એક પ્રવાસીનો સમાવેશ થાય છે. ટ્રાન્સપોર્ટ કેનેડાએ સપ્ટેમ્બરમાં જાણકારી આપી હતી કે, પહેલા બે દંડ જુન અને જુલાઈમાં લેવામાં આવ્યા હતા. જે ૧૦૦૦ યુએસ ડોલરના હતા. બે પ્રવાસીઓને ૧૦૦ યુએસ ડોલર અને ૫૦૦ યુએસ ડોલરનો દંડ કરાયો હતો. પાંચ પ્રવાસીઓને ૫૦૧ ડોલરથી ૧૦૦૦ ડોલર સુધીનો દંડ થયો હતો. એક પ્રવાસીને ૧૫૦૧થી ૨૦૦૦ ડોલર સુધીનો દંડ થયો હતો. અન્ય ૬૩ પ્રવાસીઓને ચેતવણીપત્રો અપાયા હતા. જેમાં દંડનો ઉલ્લેખ નહોતો. પરંતુ જો બીજીવાર ભુલ થાય તો મોટો દંડ થવાની ચેતવણી અપાઈ હતી.


કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.

કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
◆ Better Commission package ◆ Weekly product training
◆ One on one basis support ◆ Full flexibility

# પ્રતિબંધો સામે સેવ ક્રિસમસની અપીલ અલ્બર્ટાની અદાલતે અંતે ફગાવી દીધી




અલ્બર્ટા : અલ્બર્ટાના કેટલાક જુથોએ ક્રિસમસ દરમિયાનના કોવિડ વિષયક પ્રતિબંધો રદ કરાવવા પ્રાંતની કોર્ટ ઓફ કિવન્સમાં કરેલી અરજીને ફગાવતા અલ્બર્ટાના જજે કહ્યું હતું કે, આવી માંગણી કાગળ ઉપર સારી લાગે તેમ છે. બાકી જાહેર આરોગ્યને લગતા નિર્ણયો અને પ્રતિબંધો સામેની સેવ ક્રિસમસ પ્રકારની માંગણી આવી મહામારીના સમયમાં સ્વીકારી શકાય એવી નથી. કમસે કમ અલ્બર્ટામાં તો નહીં જ.

**સરકારના આદેશો બંધારણીય હક્કોનું ઉલ્લંઘન કરતા હોવાની દલીલ થઈ પરંતુ મહામારીના સમયમાં માંગણી અયોગ્ય હોવાનું કોર્ટનું તારણ**

અલ્બર્ટાના બે ચર્ચ અને ત્રણ વ્યકિતઓએ એવી દલીલ કરી હતી કે, પ્રાંતમાં જારી કરાયેલા પ્રતિબંધક આદેશો, સામાજિક મેળાવડાઓ નહીં યોજવા, પ્રાર્થના માટે એકત્ર ન થવું અને ફરજિયાત માસ્ક જેવા આદેશો એમના બંધારણીય અધિકારોની વિરૂધ્ધ હોવાથી અદાલતે સરકારના આ આદેશો પરત લેવા હુકમ કરવો જોઈએ. રીટ કરનારાના વકીલ જેફ રાથે જસ્ટીસ એન કીરકર સમક્ષ સોમવારની સુનાવણી સમયે એવી દલીલ કરી હતી કે, જયારે તમે આ અદાલતના ન્યાયાધિશ તરીકેના સોગંદ લીધા હતા ત્યારે ન્યાય આપવાના શપથ લીધા હતા. આ તો ક્રિસમસને બચાવવાની માંગણી છે એટલે અમે તમારી પાસે યોગ્ય માંગણી કરી રહ્યા છીએ. લાંબી દલીલો સાંભળ્યા બાદ અને જાહેર આરોગ્ય વિભાગના અધિકારીઓના જવાબો સાંભળ્યા બાદ ન્યાયાધીશે કહ્યું હતું કે, સરકારના પ્રતિબંધોથી કોઈ નુકસાન દેખાતું નહીં હોવાથી એને રદ કરવાની માંગણી સ્વીકારી શકાય એમ નથી. આ પ્રતિબંધો વિશાળ જનસમુહના હિત માટેના છે.

સોમવારની સુનાવણી દરમિયાન અરજદારો તરફથી ઘણી દલીલો થઈ હતી. જેમાં ચીફ મેડીકલ ઓફિસરને આવા પ્રતિબંધો લાદવાની સત્તા નથી. કેનેડામાં હવે પોલીસ રાજ આવી રહયું છે અને કોવિડ-૧૯ સ્વસ્થ માણસોને થતો નથી, માત્ર એનો હાઉ ઉભો કરવામાં આવ્યો છે તેવી દલીલો પણ અદાલતમાં રજૂ થઈ હતી.




# કેનેડિયન ઈમિગ્રેશન પોલીસી વિશ્વમાં ચોથાક્રમે

## બહુમુખી સંસ્કૃતિવાળી નીતિને કારણે સરવેમાં કેનેડાના રેંકીંગમાં બે પાઈન્ટ વધ્યા

ઓન્ટેરિયો : વિશ્વના બાવન દેશોની ઈમિગ્રેશન પોલીસીના સર્વેમાં કેનેડાએ ટોચનું ચોથુ સ્થાન મેળવ્યું હતું. ધી માઈગ્રેશન ઈન્ટીગ્રેશન પોલીસી ઈન્ડેક્ષ (એમઆઈપીઈએકસ) માટે કરાયેલા આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબની પોલીસી માટે આ સરવે હાથ ધરાયો હતો.

સરકારની આવી પોલીસીને પગલે નવા આવનારાઓને રોજગારી અને ભાષા તથા શિક્ષણ મેળવવાની તકો વધે છે અને આવનારાઓને એ દેશના નાગરિક બનવાની ઈચ્છા થાય જે સમાજમાં સંપૂર્ણ રીતે શામેલ થઈ શકે.

રાયરસન યુનિવસીટી ખાતેની કેનેડા એકસલન્સ રીસર્ચ ચેર સંભાળનારાએનાટ્રીયાનડાફીલીડસ કહે છે કે,'એમઆઈપીઈએકસનો આંક આપણી પોલીસી નવા આવનારાઓની પ્રતિભાને કેનેડાના સમાજમાં શામેલ થવામાં કેટલો પ્રોત્સાહક બને છે એનું માપ બની ગયો છે. આ ઈન્ડેક્ષ આપણો દેખાવ બીજા દેશોની સરખામણીમાં




સમયાંતરે કયાં છે એ જાણવામાં મદદરૂપ બને છે. વર્ષ ૨૦૨૦ના ઈન્ડેક્ષમાં કેનેડાનું એકંદરના રેટીંગમાં બેનો વધારો થયો છે. જેમાં શરણું લેનારની હેલ્થકેર અને ૨૦૧૭ના સિટીઝનશીપ એકટમાં સુધારો કારણરૂપ છે.

વર્ષ ૨૦૧૫માં કેનેડા છઠ્ઠા ક્રમે હતું, જે આ વખતે ચોથા ક્રમે આવ્યું છે. કેનેડાનું મજબૂત પાસુ એ છે કે, પોલીસીમાં કોઈ ભેદભાવ નથી. વળી, વિશ્વમાં શ્રેષ્ઠ કાનૂન અને પોલીસી બનાવવામાં કેનેડા અગ્રેસર રહયું છે.

દેશના સંવિધાનમાં પણ બહુમુખી સંસ્કૃતિવાળી પોલીસીને મહત્વ અપાયું છે અને એ મુજબની સ્વતંત્રતા અને અધિકારો આગંતુકોને પણ મળી શકે છે. કેનેડામાં સિટીઝનશીપ સ્ટેટસ વિનાના લોકોને રાજકારણમાં ભાગ લેવાનો અધિકાર નથી. એટલે કેટલાક પોઈન્ટસ એણે ગુમાવવા પડે છે. કેનેડાનું પરમેનન્ટ રેસીડેન્ટ સ્ટેટસ ધરાવનારાઓનો સમાવેશ પોલીસી બનાવનારી બોડીમાં થતો નથી. જો કે, પરમેનન્ટ રેસીડેન્ટ સ્ટેટસ ધરાવનારાને સીટીઝનશીપની તકો છે. જેથી એમને મતદાનનો અધિકાર મળી શકે છે. જો એમ હોત તો કેનેડા થોડા વધુ પોઈન્ટસ મેળવી શકયું હોત.

# કેદીઓએ ૮૨૧૭૦૩ માસ્ક તૈયાર કર્યા

ઓટાવા: કેનેડાની ફેડરલ પ્રિઝન લેબર ઈન્ડસ્ટ્રીએ કોરોના વાઈરસની મહામારી દરમિયાન પીપીઈ કીટસ અને માસ્કનું ઉત્પાદન મોટાપાયે કર્યું હતું. જેથી સરકારના અન્ય વિભાગો એ ઉત્પાદનો મેળવી શકે. કેનેડાની જેલના જે કેદીઓને કરેકશનલ સર્વિસ ઓફ કેનેડા (કોરકેન)દ્વારા કામ આપવામાં આવ્યું હોય, તેમણે એપ્રિલથી ડીસેમ્બરના આરંભ સુધીમાં કુલ ૮૨૧૭૦૩ માસ્ક તૈયાર કર્યા હતા એમ મીડિયાએ જણાવ્યું હતું.

કેનેડામાં જુદી જુદી સંસ્થાઓએ ૬૧૫૦૬૨ ડીસ્પોઝેબલ માસ્ક અને ૨૦૬૬૪૧ વોશેબલ માસ્ક તૈયાર કર્યા હતા. એ ઉપરાંત પીપીઈ કીટ માટે ૩૨૩૮૭ ડીસ્પોઝેબલ ગાઉન્સ અને ૧૭૩૦૬ વોશેબલ ગાઉન્સ પણ એ સમયગાળામાં તૈયાર કર્યા હતા. કોરકેન એ સીએસસીની એક એજન્સી છે, જે દાયકાઓથી સક્રિય છે અને કેદીઓની સુધારણા માટે તેમને રોજગારીની તકો પુરી પાડવાનું કામ કરે છે.

**પીપીઈ કીટની તંગી સર્જાયા બાદ તરત જ કેદીઓને તાલીમ આપી કાર્ય કરાવાયું**

જેનો આશય ગુનેગારોના કેનેડીયન સમાજમાં સલામતી સાથે એકીકરણનો છે. એજન્સી કેદીઓને તાલીમ અને રોજગારીની તકો પુરી પાડે છે. એજન્સી ઓફિસ ફર્નીચર, ડોરમેટરી બેડસ અને બેડીંગ્સ જેવા ઉત્પાદનો કરે છે.

જેને ભૂતકાળમાં પણ જાહેર ક્ષેત્ર અને કેનેડાના ડિફેન્સ વિભાગ તેમજ કોસ્ટગાર્ડ વિભાગનો સહયોગ મળે છે. સીએસસીના પ્રવકતા ઈસાબેલ રોબિટેઈલે મીડિયાને જણાવ્યું હતું કે, જયારે પીપીઈ કીટની તંગી સર્જાઈ ત્યારે અમને ડીસ્પોઝેબલ અને વોશેબલ ગાઉન્સ અને માસ્ક તૈયાર કરવાની તક મળી. મહામારીને કારણે સરકારની

માર્ગદર્શિકા મુજબ અને ધારાધોરણો મુજબના ઉત્પાદનો તૈયાર કર્યા હતા. આ માસ્કનું વિતરણ કેદીઓ અને જેલના કર્મચારીઓને કરવામાં આવ્યું હતું અને સીએસસીની ૪૩ સંસ્થાઓ દ્વારા કોવિડ -૧૯ના સંક્રમણવાળા વિસ્તારમાં તે વિતરણ કરવામાં આવ્યું હતું.

# ટોરન્ટો પાસેથી બલૂચ એક્ટિવિસ્ટનો મૃતદેહ મળી આવતા ભારે ખળભળાટ

બલુચિસ્તાન : પાકિસ્તાન ના બલુચિસ્તાનમાં સેનાની બર્બરતાની વિરૂદ્ધ અવાજ ઉઠાવનાર મહિલા એક્ટિવિસ્ટ કરીમા બલોચ ની કેનેડામાં શંકાસ્પદ પરિસ્થિતિઓમાં મોત થયું છે. રવિવારે ગુમ થયેલ કરીમાનો મૃતદેહ ટોરેન્ટોમાંથી મળ્યો. ૨૦૧૬મા રક્ષાબંધન પર બલોચ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ કરીમા બલોચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાના ભાઈ ગણાવતા એક ભાવુક વીડિયો સંદેશ રજૂ કર્યો હતો.

કરીમા બલોચ રવિવાર સાંજથી ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. છેલ્લે બપોરે ૩ વાગ્યાની આસપાસ દેખાઈ હતી. હવે તેના પરિવારે પુષ્ટિ કરી છે કે કરીમાનો મૃતદેહ મળી આવ્યો છે. કરીમા બલોચને પાકિસ્તાની સરકાર અને સૈન્યની વિરુદ્ધ સૌથી વધુ અવાજ ઉઠાવ્યો હતો તેમ માનવામાં આવતું હતું. તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં પણ બલુચિસ્તાનમાં પાકિસ્તાની સૈન્યના અત્યાચારો સામે અવાજ ઉઠાવ્યો હતો. શંકાસ્પદ પરિસ્થિતિઓમાં થયેલા તેના મોતને લઈ પાકિસ્તાન સરકાર અને તેમની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ પર શંકા ઉભી થાય છે. બીબીસીએ પણ કરીમા બલોચને ૨૦૧૬માં વિશ્વની ૧૦૦ સૌથી પ્રેરણાદાયી અને પ્રભાવશાળી મહિલાઓની એક યાદીમાં નામ આપ્યું હતું. ૨૦૧૬માં કરીમા બલોચે પીએમ મોદીને એક ભાઈ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે રક્ષાબંધનના દિવસે બલુચિસ્તાનની બહેન તેમને એક ભાઈ તરીકે કંઈક કહેવા માંગે છે.

# કોરોના વાયરસના બદલાયેલા સ્વરૂપથી વિશ્વભરમાં ફફડાટ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દુનિયાભરમાં છેલ્લા એક વર્ષથી હાહાકાર મચાવી રહેલા કોરોના વાઈરસની વેક્સિન શોધાયાના સમાચાર સાંભળીને લોકો હાશકારો અનુભવે એ પહેલા તો કોરોના વાઈરસનો નવો વેરિયન્ટ એટલે કે જુદા જ પ્રકારનો લાગી રહેલા વાઈરસ બ્રિટનમાં દેખાયો છે. બ્રિટનમાં એક અઠવાડિયામાં કોરોના વાઈરસના બે નવા સ્વરૂપે દેખા દેતા દુનિયાની ચિંતા ફરી વધારી દીધી છે.

બ્રિટનની સરકારે કહ્યું છે કે, કોરોના વાઈરસનું આ નવું સ્વરૂપ ભારે ઝડપથી ફેલાઈ રહ્યું છે અને એ બેકાબુ બની ગયું છે. બ્રિટનમાં ફેલાઈ રહેલો મ્યુટેશન પામેલો કોરોના વાઈરસ મૂળ વાઈરસ કરતા ૭૦ ગણી વધારે ઝડપથી ફેલાય છે. યુકેના આરોગ્ય મંત્રીએ બુધવારે તો નવા સ્ટ્રેનના બે કેસ મળ્યા હોવાનું સ્વીકાર્યું હતુ. સાથે જ બે અઠવાડિયામાં દ. આફ્રિકાથી આવેલા બધા લોકોને આઈસોલેટ કરવા અપીલ કરી હતી. પરિસ્થિતિને જોઈને ભારત ઉપરાંત જર્મની, ફ્રાન્સ, ઈટાલી, નેધરલેન્ડ, આયર્લેન્ડ અને બેલ્જિયમ જેવા દેશોએ બ્રિટનની ફ્લાઈટો તાબડતોબ રદ્દ કરી દીધી છે. એવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે કે, બીજા કેટલાંક દેશોમાં પણ આ વાઈરસ ફેલાઈ ચૂક્યો છે. ઘણાં દેશોએ એવી શક્યતા પણ દર્શાવી છે કે, તેમને ત્યાં પહેલેથી જ કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન પહોંચી ચૂક્યો છે. એક રિપોર્ટ અનુસાર ઈટાલી, ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ, આયર્લેન્ડ અને ડેનમાર્કમાં કોરોના વાઈરસની નવી સ્ટ્રેનની પુષ્ટિ થઈ છે. હકીકતમાં વાઈરસ હંમેશા પોતાનું સ્વરૂપ બદલતા રહે છે. મતલબ કે, તે હંમેશા મ્યૂટેટ થતા રહે છે. એટલા માટે વૈજ્ઞાનિકો વાઈરસના વ્યવહારમાં થતા ફેરફાર પર ચાંપતી નજર રાખતા હોય છે. આ વાઈરસ ભારે ઝડપથી બીજા સ્વરૂપોનું સ્થાન લઈ રહ્યો છે. જાણકારોના મતે વાઈરસના મહત્ત્વપૂર્ણ મનાતા ભાગોમાં મ્યુટેશન થઈ રહ્યું છે. લેબોરેટરીમાં થયેલા પ્રયોગોમાં જોવા મળ્યું છે કે, કેટલાક મ્યુટેશનમાં માનવ કોશિકાને સંક્રમિત કરવાની ક્ષમતા વધી ગઈ છે. કોરોનાના આ નવા પ્રકારની સૌથી પહેલા જાણ સપ્ટેમ્બરમાં થઈ હતી. નવેમ્બરમાં લંડનમાં થયેલા કોરોના સંક્રમણના ચોથા ભાગના કેસોમાં નવો વાઈરસ કારણભૂત હતો. આ નવો વાઈરસ કોરોનાના મૂળ વાઈરસ કરતા ૭૦ ગણો વધારે ચેપી હોવાનું અનુમાન છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, કોરોના વાઈરસના આ નવા સ્વરૂપમાં ઓછામાં ઓછા ૧૭ મહત્ત્વપૂર્ણ ફેરફાર નોંધવામાં આવ્યા છે. સૌથી મહત્ત્વનો ફેરફાર સ્પાઈક પ્રોટીનમાં થયો છે. આ એ પ્રોટીન છે જેનો ઉપયોગ કરીને વાઈરસ આપણા શરીરના કોષોમાં પ્રવેશવા માટે પ્રયાસ કરે છે. વાઈરસનું મ્યુટેશન થવું સામાન્ય બાબત છે. અને બદલાયેલો વાઈરસ વધારે ખતરનાક હોય તેવું કાયમ પણ બનતું નથી. પરંતુ કોરોના વાઈરસનો આ નવો પ્રકાર વધારે ઝડપથી ફેલાતો હોવાથી તેના પર નજર રાખવી જરૂરી છે. પ્રકૃત્તિમાં રહેલા દરેક સજીવની જેમ જ વાઈરસ પણ સતત પ્રજનન અને ક્રમિક વિકાસ કરતા હોય છે. વાઈરસ એક શરીરને સંક્રમિત કર્યા બાદ બીજા શરીર સુધી પહોંચવા માંગે છે. જેથી કરીને તે ફેલાઈ શકે અને પોતાની પ્રજાતિને જીવિત રાખી શકે. આ સંક્રમણ માટે જીનમાં જે પ્રકારના ફેરફારની જરૂર હોય એ વાઈરસ કરવા લાગે છે. આ પ્રક્રિયાને જ વૈજ્ઞાનિક ભાષામાં જીનેટિક મ્યુટેશન કહેવાય છે.

સતત મ્યુટેશન બાદ વાઈરસનું વધારે ઝડપથી ફેલાતું સ્વરૂપ તૈયાર થાય છે. આવા વાઈરસ એક પ્રજાતિ માટે મામૂલી હોય છે તો બીજી પ્રજાતિ માટે જીવલેણ સાબિત થાય છે. સાર્સ કોવિ-૨ જેવું નામ ધરાવતો કોરોના વાઈરસ બીજા વન્ય જીવો માટે જીવલેણ નથી. પરંતુ માનવીના શરીરમાં દાખલ થતાની સાથે જ તેણે મહામારીનું સ્વરૂપ લઈ લીધું છે. વાઈરસની નવી સ્ટ્રેન અંગે સૌથી મોટો સવાલ એ થઈ રહ્યો છે કે, હાલ જે વેક્સિનો લગાવવાની શરૂઆત થઈ છે એ નવા વાઈરસ વિરુદ્ધ અસરકારક હશે કે પછી અસરહીન પુરવાર થશે? વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હજુ વાઈરસની આ નવી સ્ટ્રેન વિશે ચિંતા કરવાની જરૂર નથી. કારણ એ કે સામાન્ય રીતે કોઈ પણ વેક્સિન શરીરની રોગપ્રતિકારક શક્તિને વાઈરસના અનેક પાસા વિરુદ્ધ લડવા માટે તૈયાર કરતી હોય છે. જો વાઈરસના કેટલાક ભાગમા મ્યુટેશન થયું હોય તો પણ શક્ય છે કે વેક્સિન એનો સામનો કરી લેશે. જોકે એ પણ સાવચેતી રાખવાની આવશ્યકતા છે. જો વાઈરસ સંપૂર્ણપણે મ્યુટેટ થઈ ગયો તો શક્ય છે કે, વેક્સિન અસરહીન બની જાય. કેટલાક વૈજ્ઞાનિકોને લાગે છે કે, કોરોના વાઈરસ એવો મ્યૂટન્ટ બનાવી લે જે વેક્સિનથી બચી જાય. જો એવું થયું તો પછી ફ્લૂની વેક્સિનની જેમ કોરોના વાઈરસની વેક્સિનને નિયમિત રીતે અપડેટ કરતા રહેવી પડશે. સારી બાબત એ છે કે હાલ જે પણ વેક્સિનો આવી રહી છે એમાં ફેરફાર સરળતાથી થઈ શકે એમ છે. સાર્સ નામનો કોરોનાવાઈરસ અત્યંત ખતરનાક મનાય છે. આ વાઈરસ પણ અગાઉ ચીનમાં જ ફેલાયો હતો. વર્ષ ૨૦૦૨માં ચીનમાં આ સાર્સ વાઈરસનો આશરે નવ હજાર જણાને ચેપ લાગ્યો હતો જેમાંના ૭૭૪ જણાના મૃત્યુ નીપજ્યાં હતાં. વૈજ્ઞાનિકોની શોધખોળમાં બહાર આવ્યું હતું કે, સાર્સનો વાઈરસ ચામાચિડીયા મારફતે માણસોમાં ફેલાયો હતો. વર્ષ ૨૦૧૨માં સાઉદી અરેબિયામાં પણ મિડલ ઈસ્ટ રેસ્પિટરી સિન્ડ્રોમ નામનો વાઈરસ ફેલાયો હતો. ત્યારથી લઈને અત્યાર સુધી આ વાઈરસના કારણે મધ્યપૂર્વના દેશોમાં ૮૦૦થી વધારે લોકોના મૃત્યુ નીપજ્યાં છે. આ વાઈરસ ઊંટો દ્વારા માણસોમાં ફેલાયો હતો. આજના હવાઈ મુસાફરીના યુગમાં એક દેશમાંથી બીજા દેશમાં જવું સાવ આસાન બની ગયું છે. દુનિયાના એક ખૂણેથી બીજે ખૂણે કલાકોમાં પહોંચી શકાય છે. કહેવા માટે તો દુનિયા ખોબા જેવડી બની ગઈ છે પરંતુ ક્યારેક આ આશીર્વાદ પણ અભિશાપ બની શકે છે. જે ઝડપે માણસો એક દેશમાંથી બીજા દેશમાં ઝડપથી અને સરળતાથી જઈ શકે છે એ જ ઝડપે ચેપી અને જીવલેણ વાઈરસ પણ એ માણસોને વાહક બનાવીને જુદાં જુદાં દેશોમાં પહોંચી શકે છે.

રોજના જ્યારે લાખો લોકો હવાઈ મુસાફરી દ્વારા દુનિયાના ખૂણેખૂણામાં પહોંચતા હોય ત્યારે આવા ખતરનાક વાઈરસ કે કોઈ મહામારી ભારે ઝડપે ફેલાઈ શકે છે. કોરોના વાઈરસ પણ એટલે જ વીજળીવેગે આખી દુનિયામાં ફેલાયો છે. આમ પણ દર વર્ષે ભારતમાં કોઈને કોઈ જીવલેણ વાઈરસ ત્રાટકતો હોય છે. વાઈરસનો હુમલો થયાના થોડા દિવસ સુધી લોકો સાવચેત રહે છે પરંતુ મહામારીનો પ્રકોપ શાંત થતાં જ લોકો સતર્ક રહેવાનું છોડી દે છે. પરિણામે જુદાં જુદાં જીવલેણ વાઈરસ વખતોવખત ત્રાટક્યા કરે છે. છેલ્લા બે વર્ષથી કેરળમાં નિપાહ વાઈરસ ત્રાટકી રહ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, એક સમયે સ્વાઈન ફ્લૂની બીમારી માત્ર શિયાળામાં થતી જોવા મળતી હતી. કારણ કે સ્વાઈન ફ્લૂનો વાઈરસ ૩૦ ડિગ્રીથી વધારે તાપમાનમાં જીવિત ન રહી શકતો હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે. પરંતુ હવે તો ઉનાળાની ૪૦ ડિગ્રી કરતા પણ વધારે ગરમીમાં સ્વાઈન ફ્લૂના કેસ નોંધાય રહ્યા છે. જે વાતે રિસર્ચ કરીને એ શોધવાની જરૂર છે કે, સ્વાઈન ફ્લૂનો વાઈરસ પણ મ્યૂટેશન દ્વારા જિન બદલી રહ્યો છે કે કેમ. કોરોનાનો મૂળ વાઈરસ હોય કે મ્યુટેશન પામેલો નવો વાઈરસ હોય, સૌથી મહત્ત્વની બાબત છે આવા જીવલેણ વાઈરસ પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાવવાની અને એ માટે વ્યાપક પ્રયાસોની આવશ્યકતા છે.

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

ક્રિસમસ સ્પેશિયલ
ચાઈનીઝ ફૂડ મળશે

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**
**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ભારતના ખેડૂત આંદોલનના સમર્થનમાં કેનેડામાં રેલી

## ટોરોન્ટો સ્થિત ભારતીય કોન્સ્યુલેટ સમક્ષ વિરોધ પ્રદર્શનઃ નવા કૃષિ કાયદાને રદ કરવા માંગણી કરાઈ

ટોરોન્ટો : વરસાદ અને ઠંડીના મોજા વચ્ચે કેનેડામાં સેંકડો લોકોએ જુદા જુદા શહેરોમાં એકત્ર થઈને ભારતના ખેડૂતોના આંદોલનના સમર્થનમાં રેલી યોજી પ્રદર્શનો યોજ્યા હતા. તેઓ ભારતના ખેડૂત આંદોલનને સમર્થન આપી રહ્યા છે અને નવા કૃષિ કાનૂનને અયોગ્ય ગણાવ્યો હતો. આ રેલી પ્રદર્શનો મોન્ટ્રીયલ, ટોરોન્ટો અને કેનેડાના અન્ય શહેરોમાં યોજાઈ હતી. જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે સપ્ટેમ્બરમાં પસાર કરેલા નવા કૃષિ ખરડાનો વિરોધ કરવામાં આવ્યો હતો. ખેડૂતો માને છે કે, આ કાનૂનથી એમની રોજીરોટી અને કૃષિ સેકટરને મોટું નુકસાન પહોંચી શકે છે. ટોરોન્ટો સ્થિત ભારતીય કોન્સ્યુલેટ સમક્ષ વિરોધ



પ્રદર્શનમાં ભાગ લેનારા એન્ટરપ્રિન્યોર મનપ્રીત સિંહ પાબ્લાએ મીડિયા સમક્ષ કહ્યું હતું કે, અમે ભારતના નવા કૃષિ કાનૂનને અયોગ્ય માનીએ છીએ અને ત્યાં જે કંઈ ચાલી રહયું છે એ બરાબર નથી, એ દર્શાવવા અહીં દેખાવો કરી રહ્યા છીએ. પાબ્લાના પરદાદા ખેડૂત હતા અને એના પરિવારના સભ્યો ઘરે પાછા ગયા હતા. તેઓ કહે છે કે આ પ્રદર્શન કોઈ જાતિવિશેષનું નથી પણ ખેડૂતોના અધિકારો માટેનું જ છે. કેનેડાની કુલ વસતિમાં બે ટકાથી ઓછા શીખો છે છતાં ય તેઓ કેનેડામાં શકિતશાળી જાતી તરીકે ઓળખાય છે. કેટલાંક અઠવાડિયાઓથી ભારતમાં ખેડૂત આંદોલન ચાલી રહયું છે જેમાં પણ શીખ ખેડુતોનું પ્રમાણ વધુ છે. જે મોટાભાગે પંજાબ અને હરિયાણાના છે. જો કે, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ખેડૂતો પણ આ આંદોલનમાં મોટા પ્રમાણમાં જોડાયા છે અને નવો કૃષિ કાનૂન પરત ખેંચવાની માંગણી કરી રહ્યા છે. બીજી તરફ સરકાર આ કાનૂનથી થનારા લાભોની સમજણ આપવા માટે પણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

# ગોલ્ડ માઈન્સને ટેક ઓવર કરવાની ચીનની દરખાસ્તને કેનેડાએ ફગાવી

ટોરોન્ટો : કેનેડાએ અતિ સંવેદનશીલ ગણાતા આર્કટીક વિસ્તારમાં આવેલી ગોલ્ડ માઈનને ચીનની સરકારી માઈનીંગ કંપની શેનડોંગ દ્વારા ટેક ઓવર કરવાના પ્રસ્તાવને નકારી કાઢયો હતો. કેનેડા અને ઓસ્ટ્રેલિયાએ ચીનની સરકારી માલિકીની માઈનીંગ કંપનીઓ સાથેના કરારોમાં વધુ સાવચેતી રાખવાનું શરૂ કર્યું છે. કેમ કે, હાલની કોરોના મહામારીને કારણે સર્જાયેલી આર્થિક સ્થિતિમાં કોઈ જોખમ લઈ શકાય એમ નથી. જો કે, ઓટાવાના આ નિર્ણયને કારણે ચીન સાથેના કેનેડાના સંબંધોમાં કડવાશ વધી શકે છે. કેમ કે, આ અગાઉ વર્ષ ૨૦૧૮ના ડિસેમ્બરમાં હુવેઈ ટેકનોલોજીસના ચીફ ફાઈનાન્સીયલ ઓફિસર મેંગ વાન્ઝોઉની ધરપકડ અમેરિકાની ભલામણને પગલે કરી હતી.

ત્યારથી ચીન સાથેના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. આ બાબતોના જાણકાર ઓટાવા ખાતેના સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે, ચીનની સરકારી કંપની જો દેશના દૂર ઉત્તરના વિસ્તારમાં આવેલી ખાણ ટેક ઓવર કરે તો એ રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ જોખમ બની શકે, એવી ચિંતાને કારણે જ ચીનના પ્રસ્તાવને નકારી કઢાયો છે. શાનડોંગ ગોલ્ડ એ ચીનના શાનડોંગ પ્રાંત અને ચીનની સૌથી મોટી ગોલ્ડ માઈનીંગ કંપની છે. કંપનીએ જણાવ્યું હતું કે, તેમને મંગળવારે એવી જાણ કરવામાં આવી હતી કે, કેનેડીયન સત્તાવાળાઓએ ૧૮મી ડિસેમ્બરે આ નિર્ણય લીધો છે કે રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર આ ટેક ઓવર નહીં થઈ શકે. સોનાના ઉત્પાદક ટીએમએસીએ સોમવારે સાંજે જણાવ્યું હતું કે, તેમને આ આદેશ ઈન્વેસ્ટમેન્ટ કેનેડા એકટ હેઠળ લીધો હોવાનું જણાવવામાં આવ્યું છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Furnace Install Start From $ 2300



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT



# ગુજરાતમાં કોરોનાની ગતિ ધીમી પડી, ૯૫૮ કેસ

## ૨૨૨૯૧૧ લોકો સાજા થયા, રાજ્યમાં એક જ દિવસમાં ૧૫ લાખ નાગરિકોને વેક્સિનનો ડોઝ અપાશે

ગાંધીનગર : રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. બુધવારે ૬૧ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧000ની નીચે આવ્યો છે. બુધવારે રાજ્યમાં નવા ૯૫૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩0૯ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૫૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવો સરકાર કરી રહી છે. બુધવારે રાજ્યમાં કુલ ૫૪૮૪૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૨૧૭૮૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોનાના નવા ૯૫૮ કેસમાંથી અમદાવાદમાં ૨0૨ કેસ, ૪નાં મોત, સુરતમાં ૧૫૭ કેસ, ૨નાં મોત, રાજકોટમાં ૧૨૬ અને વડોદરામાં ૧૨૮ કેસ, ગાંધીનગરમાં ૩૪ અને જામનગરમાં ૧૮ કેસ, જૂનાગઢમાં ૧૯ અને ભાવનગરમાં ૧૫ કેસ, ખેડામાં ૩૩, મહેસાણામાં ૩૧, કચ્છમાં ૨૪ કેસ, દાહોદમાં ૨૩, સાબરકાંઠામાં ૧૭, સુરેન્દ્રનગરમાં ૧૬ કેસ, બનાસકાંઠા – મોરબીમાં ૧૫ – ૧૫, અમરેલીમાં ૧૧ કેસ, પંચમહાલમાં ૧0 અને ગીર સોમનાથમાં ૬ કેસ, ભરૂચ, મહિસાગર, નર્મદા, પાટણમાં ૯ – ૯ કેસ, આણંદમાં ૭, બોટાદ – દ્વારકામાં ૩ – ૩ કેસ નોંધાયા હતા. આજે રાજ્યમાં અમદાવાદ કોપ ોરેશનમાં ૪ અને સુરત કોર્પોરેશનમાં ૨ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપ જ્યા હતા. કોવિડ-૧૯ સામે ગુજરાતમાં સરકારના ૧૫ હજાર વેક્સીનેટર અર્થાત રસી આપનારા મેઈલ અને ફિ મેઈલ હેલ્થ વર્કરોને ટ્રેઈન કરાયા છે. જેઓ ૬0 હજાર સહાય કર્મચારીઓની સાથે મળીને રાજ્યમાં એક જ દિવસમાં ૧૫ લાખ નાગરીકોને વેક્સીન આપશે.

### લંડનથી અમદાવાદ આવેલી ફ્લાઇટમાં પાંચ કોરોના પોઝિટિવ નિકળતા દોડધામ

લંડનથી અમદાવાદ આવતી એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૧૧૭૧ આજે સવારે ૧૦.૪૦ વાગ્યાની આસપાસ અમદાવાદ આવી પહોંચી હતી. ૨૩૩ જેટલા પેસેન્જર આવતાં ઈન્ટરનેશનલ ટર્મિનલમાં તમામનો RTPCR ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાંથી એક બ્રિટિશ નાગરિક સહિત પાંચ લોકોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેને પગલે પોઝિટિવ આવેલા તમામ મુસાફરોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ૪ લોકોને ખાનગી હોસ્પિટલમાં જ્યારે એક વ્યક્તિને SVP હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, સૌ પ્રથમ તો UKથી છેલ્લી ફ્લાઈટને અમદાવાદ એરપોર્ટ પર સિગ્નલ ન મળતા ૨૦ મિનિટ સુધી હવામાં ચક્કર લગાવ્યા હતા. પરંતુ બાદમાં વાટાઘાટો બાદ આખરી નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર આરોગ્ય વિભાગના ૪૦ કર્મચારીની ટીમ તૈનાત કરી દેવામાં આવી હતી. ફ્લાઈટમાં ૨૩૩ જેટલા પેસેન્જરના ઈન્ટરનેશનલ ટર્મિનલમાં RT-PCR ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કોરોના ટેસ્ટ માટે કોર્પોરેશનની બે ટીમ અને DDOની ટીમ PPE કિટ સાથે એરપોર્ટ પર હાજર છે. સરકારે તત્કાલિન નિર્ણય લેતા, અમદાવાદ એરપોર્ટ પર લંડનથી આવેલી ફ્લાઈટમાં આવનારા તમામ પેસેન્જરોને ટર્મિનલ ઉપર જ રોકી દેવામાં આવ્યા હતા.

### વડોદરામાં 'મ્યુકોરમાઇકોસિસ'થી પ્રથમ મોત, વૃધ્ધા ભોગ બની

વડોદરા: વડોદરામાં 'મ્યુકોરમાઇકોસિસ'થી સોમવારે પ્રથમ મૃત્યુ નોંધાયુ હતુ. રાજપીપળા ખાતે રહેતા ૬૯ વર્ષના વૃધ્ધ મહિલાને કોરોનાનું સંક્રમણ લાગતા ૧૦ દિવસ પહેલા વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેઓની કોરોનાની સારવાર ચાલી રહી હતી આ દરમિયાન તેમના નાકમાંથી લોહી નીકળવાનું શરૂ થતા ડોક્ટર ચોંકી ઉઠયા હતા. આ અંગે વાત કરતા ડોક્ટરે કહ્યું હતુ કે વૃધ્ધ મહિલા દર્દીને નાકમાંથી લોહી નીકળવા ઉપરાંત મોઢા પર સોજો આવ્યો હતો અને ગાલ પરથી સંવેદના જતી રહી હતી. આ ક્ષણો 'મ્યુકોરમાઇકોસિસ'ના છે એટલે અમે કોરોનાની સાથે 'મ્યુકોરમાઇકોસિસ'ની સારવાર પણ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન શનિવારે તેમનું મૃત્યુ થયુ હતુ પરંતુ તેમનો બાયોપ્સિ રિપોર્ટ આવવાનો બાકી હોવાથી અમે મોતના કારણ અંગે અનિશ્ચિત હતા. આજે બાયોપ્સિનો રિપોર્ટ આવી ગયો છે અને તેમાં તેઓને 'મ્યુકોરમાઇકોસિસ'નું સંક્રમણ લાગ્યુ હોવાનુ નિદાન થયુ છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતની રાજ્યસભાની બે બેઠકોની પેટાચૂંટણી, બેઉ બેઠકો બીજેપીને મળશે

ગાંધીનગર : રાજ્યસભાની બે બેઠકોની પેટા ચૂંટણી યોજવા ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા- ઈસીઆઈએ ગુજરાતના ચીફ ઈલેક્શન ઓફિસર- સીઈઓ પાસે અધિકારીઓના નામો સાથે તૈયારીની વિગતો માંગી છે. કમિશને સીઈઓને પાઠવેલા પત્રમાં 'સેપ્રેટ' શબ્દ પ્રયોજાતા અલગ અલગ ટર્મની બે બેઠકો માટે અલગ અલગ બેલેટથી મતદાન થશે તે સત્તાવારપણે સ્પષ્ટ થતા બેઉ બેઠકો ભાજપે ફાળે જશે તે પણ નિશ્ચિત થઈ ચૂક્યુ છે. આ પેટાચૂંટણી ફેબ્રુઆરીમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પૂર્વે થશે. ૧૪મી વિધાનસભામાં સાંપ્રત સમયે ભાજપના ૧૧૧ અને કોંગ્રેસના ૬૫ ધારાસભ્યો છે. આથી અલગ અલગ મતપત્રકો સાથે યોજનારી ચૂંટણીમાં બંને બેઠક ભાજપના હિસ્સે જશે.

ઓગસ્ટ ૨૦૧૯માં ચૂંટાયેલા સ્વ. એહમદ પટેલની આ બેઠકની ટર્મ ઓગસ્ટ- ૨૦૨૩માં પૂર્ણ થતી હતી જ્યારે જુન- ૨૦૨૦માં ચૂંટાયેલા સ્વ. અભય ભારદ્વાજની મુદ્દત જુન- ૨૦૨૬ સુધીની હતી. કમિશને ઝઈને આપલી સુચનામાંબંને બેઠકોની સામાન્ય ચૂંટણી સંદર્ભે હાઈકોર્ટમાં કોઈ અરજી દાખલ થઈ છે કે કેમ ? અને અરજીમાં અરજદાર તરફથી પરાજીત ઉમેદવારને જીતેલો જાહેર કરવા માંગણી થઈ છે કે કેમ ? તેની વિગતો મોકલવા પણ કહ્યુ છે.

અભય ભારદ્વાજના અવસાનથી ખાલી પડેલી રાજ્યસભાની બેઠક રાજકોટને જ ફાળવાશે તેવી સ્થાનિક ભાજપમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. સોશિયલ મિડિયાના પ્લેટફોર્મ પર આ બેઠક તેમના ભાઈ નીતિન ભારદ્વાજને મળશે તેવા મેસેજ વહેતા કરવામાં આવ્યા છે.

# 'ચલો ખેતરે-ચલો ગામડે' ૨૬મીએ કૃષિ બિલની જાહેરમાં હોળી કરાશે

- તમે નક્કી કરો એ સ્થળે કૃષિ જાહેરમાં ચર્ચા કરવા તૈયાર : કોંગ્રેસનો ફળદુને પડકાર

અમદાવાદ : કૃષિ કાયદાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવ્યાં છે કેમકે, ભાજપે રાજ્યભરમાં ખેડૂત સંમેલન ઉપરાંત ખાટલા બેઠકો યોજી ખેડૂતોને સમજાવવા પ્રયાસો કર્યા છે જયારે કોંગ્રેસે જિલ્લા મથકોએ આંદોલન સ્થળે મૃત્યુ પામેલા ખેડૂતોને શ્રધ્ધાજંલિ અર્પી હતી. આ ઉપરાંત કોંગ્રેસે ૨૬મીએ ચલો ખેતરે - ચલો ગામડે કાર્યક્રમ યોજવા એલાન કર્યુ છે. આ દિવસે કૃષિ બિલની જાહેરમાં હોળી કરીને વિરોધ વ્યક્ત કરવામાં આવશે ગુજરાતમાં કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો સમર્થન આપી રહ્યાં છે. અત્યાર સુધી ૫૦૦થી વધુ ખેડૂતો દિલ્હી બોર્ડર પહોંચ્યા છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ એવા પ્રહારો કર્યા હતાં કે, કોંગ્રેસ પહેલાં જ કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યુ છે. સંસદથી માંડીને રસ્તા પર કોંગ્રેસે વિરોધ કર્યો છે. ભાજપ અત્યારે ખેડૂત સંમેલન અને ખાટલા પરિષદ કરીને ખેડૂતોને ભ્રમિત કરી રહ્યુ છે ત્યારે કોંગ્રેસ ૨૬મીએ ચલો ખેતરે- ચલો ગામડે કાર્યક્રમ યોજીને ખેડૂતોને કૃષિ કાયદાથી થનારાં નુકશાનથી વાકેફ કરશે.

## કચ્છમાં પકડાયેલા ૫૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં છ પાકિસ્તાની સામે ચાર્જશીટ

કચ્છ : જખૌ નજીકના દરિયામાંથી પકડાયેલા રૂપિયા ૫૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં એન.આઈ.એ.એ અમદાવાદ કોર્ટમાં છ પાકિસ્તાની આરોપીઓ અને એક ભારતીય આરોપી સામે ચાર્જશીટ ફાઈલ કર્યુ છે. જખૌ નજીકના દરિયામાં પાકિસ્તાનની અલ-મદીના બોટે ઘૂસણખોરી કરતા ડી.આર.આઈ. દ્વારા આ બોટને રોકી તપાસ અને પૂછપરછ કર્યા હતા. બોટમાં ચરસ સહિતના ડ્રગ્સનો જથ્થો મળી આવતા તપાસ થઈ હતી. બોટમાં રહેલા સફદરઅલી અલાવરિયુ શેખ, અલાહી દાદ અંગિયારા, અઝીમખાન ઓસમાન બલોચ, અબ્દુલઅઝીઝ મોહમ્મદ ઝુમા અને મોહમ્મદ મલાહ મોહમ્મદઉર્સ પાકિસ્તાનના કરાચની રહેવાસી હતા અને સાતમો આરોપી રમઝાન ગની પલાણી ગુજરાતના બેટદ્વારકાનો વતની હતો.

# રાજ્યની પ્રથમ AIIMSનો પ્લાન, ૬ માળના પાંચ ટાવર બનાવાશે

રાજકોટ નજીક ખંઢીરીમાં રૂપિયા ૧૧૯૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સનો માસ્ટર પ્લાનને કેન્દ્રિય આરોગ્ય વિભાગે મંજૂરી આપતા એક વર્ષમાં જ પ્રોજેક્ટ પુરો કરી દેવામાં આવશે તેમ રાજકોટ માટે નિયુક્ત કરવામાં આવેલા ડાયરેક્ટરે જણાવ્યું હતું.

જામનગર રોડ ઉપર ખંઢેરી અને પરાપીપળીયાની સરકારી ખરાબાની ૨૦૧ એકર જમીનમાં એઈમ્સ બનાવવામાં આવનાર છે. એઈમ્સમાં બે હોસ્પિટલ, હોસ્ટેલ, મેડીકલ કોલેજ અને સ્ટાર ક્વાર્ટર બનાવવામાં આવશે. એઈમ્સમાં ૬ માળના કુલ ૫ ટાવર ઉભા કરવામાં આવશે.



એઈમ્સની ફાયનલ ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી છે. અલગ અલગ ૫ બિલ્ડીંગ બાંધવામાં આવશે જેમાં તમામ વિભાગ અલગ કરવામાં આવશે. એઈમ્સનો પ્રોજેક્ટ એક વર્ષમાં પુરો કરવા માટે કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે અત્યારે ૭૦ ટકા બાઉન્ડ્રી વોલનું કામ પુરું કરી દેવામાં આવ્યું છે.

## કામરેજ સુગર મિલની ચૂંટણીમાં અશ્વિન પટેલની પેનલનો ભવ્ય વિજય

સુરત : શનિવારે કામરેજ સુગરની ૧૮ ઝોનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૫ બેઠક બિનહરીફ થતા ૧૩ બેઠક પર ચૂંટણી થઈ હતી. જેનું પરિણામ આવી જાહેર થતાં વર્તમાન પ્રમુખ જયેશ પટેલની પેનલનો કારમો પરાજય થવા પામ્યો છે. જેમાં વર્તમાન પ્રમુખ જયેશ પટેલે ઉગતા સૂરજના ચિન્હ પર આખી ટીમ ઉતારી હતી. જ્યારે સામે પક્ષે સુરત જિલ્લા પંચાયતના માજી પ્રમુખ અશ્વિન પટેલ તાજવાના ચિન્હ પર ચૂંટણી જંગ લડ્યા હતા. ૧૮ ઝોનમાંથી ૫ ઝોન બિન હરીફ થતા ૧૩ ઝોનમાં ૩૫ ઉમેદવારો મેદાને હતા. વર્તમાન પ્રમુખ જયેશ પટેલની પેનલનો કારમો પરાજય થવા પામ્યો હતો. જોકે અશ્વિન પટેલની પેનલનો ભવ્ય વિજય થતા કામરેજ સુગર કેમ્પસમાં ફટાકડા ફોડી વિજય ઉત્સાહ મનાવ્યો હતો.

# રો- પેક્સ અને ફેરી સર્વિસ માટે નવા રૂટ જાહેર

ઘોઘા : ભારત સરકારના બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે દેશમાં રો-રો, રો-પેક્સ અને ફેરી સર્વિસ માટે ૧૩ બંદરોના નવા રૂટ સોમવારે જાહેર કર્યા હતા. જેમા ગુજરાતના ૯ રૂટનો સમાવેશ થાય છે. આ વિભાગના મંત્રી મનસુખ માંડવિયાએ જળમાર્ગે પરિવહન સેવાઓ શરૂ થવાથી રેલ અને રોડ નેટવર્ક ઉપરનું ભારણ ઘટશે અને પ્રવાસન પ્રવૃતિઓ વધશે તેમ જણાવ્યુ હતુ. ભારત સરકારે તાજેતરમાં જ હઝીરાથી ઘોઘા વચ્ચે રોપેક્સ ફેરી સર્વિસ શરૂ કરીને તેનો સફળતા પૂર્વક અમલ કર્યો છે. આ સેવાથી ઘોઘા- હઝીરા વચ્ચે ૩૭૦ કિલોમીટરનું અંતર ઘટીને ૯૦ કિલોમીટર થયુ છે. આ પ્રયોગ બાદ સાગરમાલા કાર્યક્રમ હેઠળ ભારતના ૭૫૦૦ કિલોમીટર દરિયાકાંઠાનો ઉપયોગ કરીને બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે ગુજરાતના હઝીરા, ઓખા, સોમનાથ મંદિર, પીપાવાવ, દિવ, મુંબઈ-જેએનપીટી, જામનગર, કોચી, ઘોઘા, ગોવા, મુન્દ્રા અને માંડવી જેવા સ્થાનિક બંદરોની પસંદગી કરી છે. એટલુ જ નહી, બાંગ્લાદેશના ચટ્ટોગ્રામ, પૂર્વ આફ્રિકાના સેશીલ્સ તેમજ મડાગાસ્કર અને શ્રીલંકાના જાફના એમ ચાર આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડવા ભારતીય મુખ્ય દરિયાઈ શહેરોમાંથી ૬ આંતરરાષ્ટ્રીય જળમાર્ગની પણ પસંદગી કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી સહિતના નેતાઓ ગામડે ગામડે જશે

ગાંધીનગર : વાજપેયીના જન્મદિવસ ૨૫ ડિસેમ્બરે ભારત સરકાર સુશાસન દિવસ તરીકે ઉજવે છે. એ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે બપોરે ૧૨ કલાકે ખેડૂતો સહિત દેશના નાગરીકોને સંબોધન કરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત ભાજપના તમામ આગેવાનો આ દિવસે રાજ્યના તમામ ગામડાઓમાં જશે, ખેડૂતો સાથે બેસીને વડાપ્રધાનનું સંબોધન સાંભળશે. એમ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલે સોમવારે જણાવ્યુ હતુ. ગ્રામ્યસ્તરે સુશાસન દિવસના કાર્યક્રમના આયોજન શ્રી કમલમ ખાતે સોમવારે પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળી હતી. પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે મિડિયા સમક્ષ જણાવ્યુ કે, આ દિવસે દેશના ૯ કરોડ ખેડૂતોના બેંક એકાઉન્ટમાઁ સ કિસાન સન્માન નિધી યોજના હેઠળ રૂ.૧૮૦૦૦ કરોડ જમા થશે. વડાપ્રધાન મોદીનું આ દિવસે ખાસ કરીને ખેડૂતોના હિતમાં લીધેલા નિર્ણય, ખેડૂતોના હિતમાં તૈયાર થયેલા કાયદા, બીલોનું મહત્વ એ વિષય ઉપર સંબોધન રહેશે.

# મહેસાણામાં પક્ષાંતર ધારાની ફાઈલ દફતરે કરાઈ

મહેસાણા : મહેસાણા નગરપાલિકાના કોંગ્રેસના નવ જેટલા તત્કાલીન નગરસેવકોએ પાલિકા પ્રમુખની ચૂંટણીમાં પક્ષ વિરોધ જઈ ભાજપના ઉમેદવારને પોતાનો મત આપતા ભાજપના ઉમેદવાર પ્રમુખ બન્યા હતા. આ મામલે નવ જેટલા કોંગી નગરસેવકો સામે ગુજરાત રાજ્યના નામોર્દિષ્ટ અધિકારીની કચેરીમાં પક્ષાંતર ધારા હેઠળ છ માસ પૂર્વે વિવાદ અરજી દાખલ કરી હતી. આ વિવાદ અરજી કચેરીમાં આવી હતી. જોકે ૧૪ ડિસેમ્બરે મહેસાણા નગરપાલિકાની મુદ્દત પૂર્ણ થઈ જતા આ અરજી બિન ફદાયી થતા અરજીને દફતરે કરવામાં આવી છે. મહેસાણા નગરપાલિકાની ચૂંટણી વર્ષ ૨૦૧૫માં યોજાઈ હતી. ૧૧ વોર્ડ માટે ૪૪ નગરસેવકો ચુંટાઈને આવ્યા હતા. તે સમયે કોંગ્રેસના નગરસેવકો ભારે બહુમતીથી સત્તા હાંસલ કરી હતી. જોકે થોડો સમય વિત્યા બાદ આંતરિક વિખવાદો શરૂ થયા હતા અને તેનો લાભ ભાજપે લીધો હતો.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ઓસ્ટ્રેલિયાની ધરતી પર કોહલીની ટીમની નાલેશીભરી હારથી ભારતીય ક્રિકેટ રસીયાઓ હતાશ

# ઓસ્ટ્રેલિયામાં ટીમ ઈન્ડિયાના ધબડકાથી દુનિયામાં ફજેતી

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

કોરોનાનો કકળાટ, કૃષિબિલ વિવાદ અને ખેડૂતોના આંદોલનના ગરમાટા વચ્ચે ભારતીય ક્રિકેટજગત માટે એક માઠા સમાચાર ઓસ્ટ્રેલિયાથી આવ્યા. જ્યાં ટીમ ઈન્ડિયાની નાલેશીભરી હાર થઈ. ભારતીય ક્રિકેટ ટીમ આશરે ૧૫ દિવસથી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. જ્યાં બંને દેશની ટીમ વચ્ચે સીરીઝ ચાલી રહી છે. આમ તો ક્રિકેટ ભારતીયોની સૌથી પસંદગીની રમત છે. પરંતુ મોદી સરકારે બનાવેલા ૩ કૃષિ કાયદાને લીધે ઉઠેલો ભડકો હજી ઉંચે ઉંચે ઉઠી રહ્યો હોવાથી ૨૦-૨૫ દિવસથી મીડિયાને તેમાં જ રસ પડી રહ્યો છે. તેથી ઓસ્ટ્રેલિયામાં રમાતી મેચ વિશે ઝાઝી ચર્ચા થતી નથી. પરંતુ શનિવારે અચાનક ક્રિકેટના સમાચાર મીડિયામાં છવાઈ ગયા હતા. જેનું કારણ એવું હતુ કે, વિરોટ કોહલીની ટીમની નાલેશીભરી હાર થઈ હતી.

ઓસ્ટ્રેલિયા સામેની પહેલી ટેસ્ટના બીજા દિવસ સુધી તો ભારતીય ટીમનું પલ્લુ ભારે હતુ. વિરાટ કોહલી જેને ટીમમાંથી બહાર ફેંકી દેવા મથ્યા કરે છે એ રવિચંદ્રન અશ્વિનની જોરદાર બોલિંગના કારણે ભારતે ઓસ્ટ્રેલિયાની ટીમને પહેલી ઈનિંગ્સમાં ૧૯૧ રનમાં સમેટી દીધું હતુ. જેને ભારતને લીડ અપાવી તેના કારણે ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભાગ્યે જ ઉભી થતી જીતની તક ભારત માટે ઉભી થઈ હતી. ક્રિકેટ ચાહકો ઉત્સાહમાં હતા. પણ તે પછી વિરાટ કોહલીની ટીમ બીજી ઈનિંગ્સમાં માત્ર ૩૬ રનમાં તંબુભેગી થઈ જતાં ચાહકોના ઉત્સાહ પર પાણી ફરી ગયું.

ક્રિકેટ ચાહકોને કદી ના ભુલાય એવો મોટો આઘાત આ હારથી લાગ્યો છે. ભારતીય ટીમના ધુરંધરોએ રીતસરનું તું જા હું આવું છું કર્યુ અને એક પછી એક વિકેટો પડતી ગઈ. આ મેચ જોનારા આમ તો બહુ ઓછા હશે પણ જેમણે પણ આ ઈનિંગ જોઈ. એ લોકો કોઈ ઈન્ટરનેશલ મેચના બદલે સ્કૂલનાં શિખાઉ છોકરાંની મેચ જોતાં હોય એવો ઘાટ થઈ ગયો. કમ સે કમ ભારતના બેટ્સમેન જે રીતે આઉટ થયા એ રીતે તો સ્કૂલનાં છોકરાં પણ આઉટ થતાં નથી. વિરાટ કોહલીની ટીમમાંથી એક પણ ખેલાડી બે આંકડે પણ ના પહોંચ્યો અને એક જોરદાર નાલેશી આપણા નામે નોંધાઈ ગઈ.

ટેસ્ટ ક્રિકેટમાં ૩૬ રન કરતાં પણ ઓછા સ્કોરે આઉટ થનારી ટીમો છે પણ છેલ્લાં પાંચ દાયકામાં કોઈ ટીમે આ રીતે આબરૂનો ફજેતો નથી કર્યો. ટેસ્ટ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં સૌથી ઓછો સ્કોર ન્યૂઝીલેન્ડના નામે છે. તેણે ૧૯૫૫માં આ નીચો સ્કરો કર્યો હતો. ત્યારપછી ૩૬ રન કરતાં જે પણ ઓછા સ્કોર નોંધાયા છે એ પૈકી મોટાભાગના ઓગણીસમી સદીના એટલે કે ક્રિકેટની શરૂઆતના દિવસોના છે. વીસમી સદીમાં ૩૬ રનથી ઓછા જે પણ સ્કોર નોંધાયા છે એ બધા દક્ષિણ આફ્રિકાના છે. એક જમાનામાં દક્ષિણ આફ્રિકા સાવ ફાલતું ટીમ હતી. એ વખતના આ સ્કોર છે અને તેમાં પણ ૩૬ રનથી ઓછો છેલ્લો સ્કોર ૧૯૩૨માં નોંધાયો હતો. મતલબ કે છેલ્લાં ૮૮ વર્ષમાં કોઈ ટીમ આ રીતે સાવ ફાલતું બેટિંગ કરીને આઉટ નથી થઈ.

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં માત્ર બીજી વાર એવું બન્યું કે, ટીમનો એક પણ બેટસમેન ડબલ ફિગર પર પહોંચી શક્યો ના હોય. ૧૯૨૪માં દક્ષિણ આફ્રિકાની ટીમ ઈંગ્લેન્ડ સામે ૩૦ રનમાં ઓલઆઉટ થઈ ત્યારે એક પણ ખેલાડી બે આંકડે નહોતો પહોંચ્યો. વિરાટ કોહલીની ટીમે લગભગ સો ૧૦૦ પછી એ સિદ્ધિ દોહરાવી દીધી. શરમજનક વાત એ પણ છે કે, ભારતની આખી ટીમ ફક્ત ૨૫ ઓવર પણ ના રમી. બાવીસમી ઓવર સુધીમાં તો ટીમના બધા જ ખેલાડી તંબુ ભેગા થઈ ગયા. આ ધબડકાના કારણે ક્રિકેટ ચાહકોમાં આક્રોશ છે. આઈપીએલમાં સપાટ પિચો પર તોફાની બેટિંગ કરનાર ધુરંધરો વીસ ઓવરમાં ધરાશાયી થઈ જાય, તે બાબત ચાહકો માટે આંચકારૂપ છે. કમ સે કમ ટી ૨૦ જેવી બેટિંગ કરી હોત તો પણ આવી બેઈજ્જતી ના થઈ હોત. આ શરમજનક દેખાવ પછી પોતાને ક્રિકેટના ખાં માનતા સુનિલ ગાવસકર સહિતના લોકોએ વિરાટ કોહલીની ટીમનો બચાવ કર્યો છે. દિવસ ખરાબ હતો તેથી આવું થયું એમ માનીને ભૂલી તેઓએ જવાની સલાહ આપી છે. જો કે, હકીકત એ છે કે, આ માત્ર ખરાબ દેખાવ નથી, પરંતુ ભારતીય ક્રિકેટ ઈતિહાસની કલંકિત ઘટના છે.

ક્રિકેટમાં હાર-જીત ચાલ્યા કરે એ વાત સાચી પણ આ રીતની હારને પચાવવી અઘરી છે. વિરાટ કોહલી સહિતના બેટ્સમેન જે રીતે આઉટ થયા એ પચાવવું અઘરું છે. વિર્શ્વમાં કોઈ ક્રિકેટ ટીમ આટલી બેજવાબદારીભરી બેટિંગ કરીને આઉટ નહીં થઈ હોય. આખી ટીમ માત્ર ૧૨૮ બોલ રમીને તબું ભેગી થઈ જાય એ શરમજનક કહેવાય. કોહલીમાં શરમ હોય તો તેણે આ દેખાવ પછી કેપ્ટન્સી છોડી દેવી જોઈએ. એ પોતે એક છેડે ઊભો રહીને ટીમનું પતન રોકી શક્યો હોત પણ એમ કરવામાં પણ તે નિષ્ફળ ગયો છે. આ બધી એવી ઘટનાઓ છે કે જે કદી ભુલાતી નથી. કમ સે કમ જે પેઢી આ ઘટનાની સાક્ષી બની હોય, તેના મનમાં તો વરસોના વરસો લગી તેનો ડંખ રહે જ છે. આ ઘા બહુ જલદી ભરાતા નથી. ટીમ ઝૂમી ઉઠીએ એવું પરાક્રમ ના કરે ત્યાં લગી એ ડંખ રહે છે. શારજાહમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૮૦ના દાયકામાં બહુ મેચો રમાતી હતી. એ વખતે ઓસ્ટ્રેલેશિયા કંપની ફાઈનલમાં પાકિસ્તાને છેલ્લા બોલે જીતવા માટે ચાર રન કરવાના હતા અને ચેતન શર્માના ફૂલટોસ બોલમાં જાવેદ મિયાંદાદે સિક્સર ફટકારીને પાકિસ્તાનને જીતાડી દીધેલું. આ મેચ જોનારી પેઢી વરસોના વરસો સુધી યાદ છે.

પાકિસ્તાન માટે મનમાં જોરદાર ખાર જ થઈ ગયો. મિયાંદાદ તો વિલન જ બની ગયેલો. ૧૯૯૬ના વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલમાં અજય જાડેજાએ પાકિસ્તાનના બોલરોની બેફામ ધોલાઈ કરી અને પછી વેંકટેશ પ્રસાદે આમીર સોહેલને સ્ટાઈલમાં આઉટ કરીને પેલેવેયિન ભેગો કર્યો ત્યારે ક્રિકેટ ચાહકોને શાંતિ મળેલી. ભારતીય ટીમ એ પહેલા પણ પાકિસ્તાન સામે જીતી જ હતી. પરંતુ પરંતુ બરાબર મજા નહોતી આવી. પાકિસ્તાનને વર્લ્ડકપમાંથી બહાર ફેંક્યું ત્યારે લોકોને મિયાંદાદની સિક્સરનો બરાબર બદલો લેવાયો હોય એટલી શાંતિ થયેલી. જો કે ૧૯૯૬ના વર્લ્ડકપમાં શ્રીલંકા સામેની સેમી ફાઈનલમાં આપણે એક સમયે જીતવાની અણી પર હતા અને પછી વરઘોડો કાઢીને ૧૨૦ રનમાં ૮ વિકેટો પડી ગઈ ત્યારે કોલકાત્તાના ઈડન ગાર્ડનમાં પ્રેક્ષકોએ તોફાન મચાવેલું. તેના કારણે શ્રીલંકાને જીતેલું જાહેર કરી દેવાયું હતુ.

આ હારને ક્રિકેટ ચાહકો પચાવી જ નહોતા શક્યા અને રેફરી ક્લાઈવ લોઈડે લંકાને જીતેલું જાહેર કરીને ૧૯૮૩ના વર્લ્ડકપ ફાઈનલની હારનો બદલો વાળ્યો એવું લોકોને લાગતું હતું. દિવસો સુધી મેચ રેફરી ક્લાઈવ લોઈડે લુચ્ચાઈ કરીને ભારતને હારેલું જાહેર કર્યુ તેવી વાતો પણ ચાલી હતી અને આખી સેમી ફાઈનલ રદ થશે અને ફરી રમાશે તેવી અટકળો વહેતી થઈ હતી. એ પછી આપણે શ્રીલંકાને બહુ રગદોળ્યું પણ પેલી હાર નહોતી ભુલાતી. ૨૦૧૧ના વર્લ્ડકપની ફાઈનલમાં ગૌતમ ગંભીર અને ધોનીએ લંકાને રગદોળ્યું ત્યારે જૂની પેઢીના ચાહકોને ટાઢક વળેલી. ૨૦૧૫ના વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમની ભૂંડી હાર થઈ હતી. ૨૦૧૭માં પાકિસ્તાન સામે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતે એ રીતે વરઘોડો કાઢીને જ ઈજ્જતનો કચરો કરાવેલો. ૨૦૧૯ના વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ન્યુઝિલેન્ડ સામે ૨૩૧ રન જેવો મામૂલી સ્કોર પણ ભારત સર કરી શક્યું ન હતુ.



બીજી ઈનિંગ્સમાં ટીમનો એક પણ બેટસમેન ડબલ ફિગર પર પહોંચી શક્યો નહીં, ૮૮ વર્ષ બાદ ટેસ્ટ મેચનો સૌથી નીચો સ્કોર નોંધાયો



## ઉર્મિલા માંતોડકરનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક

મુંબઈ: બોલીવુડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકરનું અધિકૃત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થઈ ગયું હતું. આ કારણે ઉર્મિલા ખુબ પરેશાન હતી. મુંબઈ પોલીસના સાઈબર સેલમાં ફરિયાદ કરી હતી. જો કે એકાઉન્ટને ફરીથી રિકવર કરી લેવાયું. ઉર્મિલાએ મુંબઈ પોલીસને તરત કાર્યવાહી કરીને તેનું એકાઉન્ટ રિકવર કરવા બદલ ધન્યવાદ પાઠવ્યા. જો કે અભિનેત્રીએ ફરિયાદ કરી હતી કે તેની કેટલીક પોસ્ટ હજુ પણ ગાયબ છે. તેણે ટ્વિટર પર લખ્યું કે મારું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થઈ ગયું હતું જેને ફરી રીકવર કરી લેવાયું છે. પરંતુ હજી પણ ઘણી પોસ્ટ ગાયબ છે.

## 'પાતાલ લોક', 'ધ ફેમિલી મેન'ને ફિલ્મ ફેર OTT એવોર્ડ્ઝ ૨૦૨૦ એનાયત




મુંબઈ: ફિલ્મ ફેર દ્વારા આ વર્ષે સૌ પ્રથમવાર ઓટીટી એવોર્ડ્ઝની શરૂઆત કરવામાં આવી છે. ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવેલા વેબ શો અને ફિલ્મોને વિવિધ કેટેગરી પ્રમાણે એવોર્ડ આપવામાં આવ્યા હતા. 'પાતાલ લોક' અને 'ધ ફેમિલી મેન'ને બેસ્ટ વેબ સિરીઝ અંતર્ગત ફિલ્મ ફેર એનાયત કરાયો હતો. એન્ટરટેઇનમેન્ટથી ભરપૂર 'પાતાલ લોક' અને 'ધ ફેમિલી મેન' વેબ સિરીઝને કુલ પાંચ ઓટીટી એવોર્ડ્ઝ એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત એમેઝોન પ્રાઇમની સિરીઝ પંચાયતને પણ ચાર એવોર્ડ એનાયત થયા હતા. રઘુવીર યાદવને બેસ્ટ સપોર્ટિંગ એક્ટર (પંચાયત), નીના ગુપ્તા બેસ્ટ સપોર્ટિંગ એક્ટર્સ (પંચાયત), સુદીપ શર્માની પાતાલ લોકને બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે, સુમિત અરોરાની ધ ફેમિલી મેનને બેસ્ટ ડાયલોગ્સ, સિલ્વેસ્ટર ફોન્સેકા ૨ સ્વપનિલ સોનવાનેને બેસ્ટ સિનેમેટોગ્રાફર (સેક્રેડ ગેમ્સ ૨) તેમજ અદ્વૈત નેમ્લેકરની બેસ્ટ ઓરિજિનલ સાઉન્ડ ટ્રેડ (સ્પેશિયલ ઓપ્સ) માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

# બોલીવુડમાં નાઈટ પાર્ટીઃ સુરેશ રૈના, ગુરુ રંધાવા, સુઝેન ખાન સહિત ૩૪ સામે કેસ



મુંબીઃ મુંબઈમાં મોડી રાત સુધી પાર્ટી કરનારા ક્રિકેટર સુરેશ રૈના, સિંગર ગુરુ રંધાવા અને રિતિક રોશનની એક્સ વાઈફ સુઝેન ખાન સહિત ૨૭ સેલિબ્રિટી અને ક્લબના ૭ સ્ટાફ મેમ્બર સહિત ૩૪ લોકોની પોલીસે અટકાયત કરી હતી. લોકડાઉન અને ટ્વમહામારીના નિયમોના ભંગ બદલ આ તમામની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ ઘણાને નોટિસ પાઠવીને જવા દેવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સોમવારે રાત્રે બે કલાકે પોલીસ દ્વારા મુંબઈ એરપોર્ટ પાસે ડ્રેગન ફલાય ક્લબમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન એક હાઈ પ્રોફાઈલ પાર્ટી ચાલતી હતી. તેમાં ઘણા જાણીતા કલાકારો અને સેલેબ્સ હાજર હતા. પોલીસે આ તમામ સામે આઈપીસીની કલમ ૧૮૮, ૨૬૯ અને ૩૪ હેઠળ કેસ દાખલ કર્યો હતો. સૂત્રોના મતે પોલીસના દરોડા દરમિયાન સિંગર બાદશાહ પણ પાર્ટીમાં હાજર હતો, જો કે તે પાછલા દરવાજે ભાગી ગયો હતો. પોલીસે તેને પણ નોટિસ પાઠવી છે. ક્લબમાં થયેલી ઘટના અંગે સુરેશ રૈનાની ટીમ દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું છે. તેમાં જણાવાયુ છે કે, રૈના એક શૂટિંગ માટે મુંબઈ આવ્યો હતો જે મોડી સુધી ચાલ્યું હતું. દિલ્હી આવતા પહેલાં તેના એક મિત્ર દ્વારા તેને ડિનર માટે ઈનવાઈટ કરવામાં આવ્યો હતો. તેને વર્તમાન ટાઈમ લિમિટ અને પ્રોટોકોલની જાણ નહોતી. જાણકારી મળ્યા બાદ તેણે તેનું અનુસરણ કર્યુ હતું.

## PM મોદીને ટેગ કરીને કરણ જોહરે કરી મોટી જાહેરાત



૨૦૨૧માં ૧૫ ઓગસ્ટના રોજ ભારતના સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. દરેક ભારતીય માટે આ દિવસ એક ખૂબ જ ખાસ તક બનવા જઈ રહી છે. આવી સ્થિતિમાં સિનેમા જગતના લોકો પણ આ ખાસ પ્રસંગની ઉજવણી માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આ વિશેષ પ્રસંગને વધુ સ્પેશિયલ બનાવવા માટે Change Within ઈનિશિએટિવ હેઠળ એક એપિક સીરિઝની ઘોષણા કરવામાં આવી છે, જે ભારતની ગૌરવપૂર્ણ ગાથા બતાવશે. કરણ જોહરે ટ્વીટ કર્યું, "આઝાદીના ૭૫ વર્ષ પુરા થવાની ઉજવણી માટે #ChangeWithin હેઠળ પ્રથમ એપિક સીરિઝની ઘોષણા કરીને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. ક્રિએટિવ દોસ્ત રાજકુમાર સંતોષી, દિનેશ વિજન અને મહાવીર જૈન આઝાદીની આશ્ચર્યજનક વાતો કહેવા માટે એક સાથે આવ્યા છે. સાત એપિસોડની આ સીરિઝમાં દેશની શક્તિ, સંસ્કૃતિ અને સભ્યતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ખાસ વાત એ છે કે કરણે આ ટ્વીટમાં પીએમ મોદીના ટ્વિટર હેન્ડલને પણ ટેગ કર્યુ છે. આ ટ્વિટને ટેગ કરતા કરણે લખ્યું કે નરેન્દ્ર મોદી જી. કરણનું આ ટ્વિટ સોશિયલ મીડિયા પર લોકપ્રિય થયું છે.

# તેલંગણામાં લોકોએ સોનુ સૂદનું મંદિર બનાવ્યું, અભિનેતા બોલ્યો, હું આવા માનને યોગ્ય નથી




વિશ્વભરને સતાવી રહેલી કોરોનાની મહામારીને કારણે ભારતમાં પણ કફોડી સ્થિતિ થઈ હતી. આ દરમિયાન બોલિવૂડ અભિનેતા સોનૂ સુદે હજારો શ્રમિકો અને ઘર વિહોણા લોકોને પોતાના વતન અને ઘરે પહોંચવામાં મદદ કરી હતી. અભિનેતાની આ જ દરિયાદિલી અને મદદને વધાવવા માટે તેલંગણાના એક ગામમાં અનોખી પહેલ કરવામાં આવી હતી. તેલંગણાના સિદ્દિપેટના ડુબ્બા ડાંટા ગામમાં લોકોએ સોનૂ સુદની મદદને વધાવતા તેનું મંદિર બનાવીને તેની પૂજા કરવાની શરૂઆત કરી દીધી છે. આ મંદિરની તસવીરો સોશિયલ મીડિયા ઉપર ખૂબ જ વાઈરલ થઈ હતી. આ તસવીરો ફરતી થતાં સોનૂ સુદ લાગણીશિલ થઈ ગયો હતો. તેણે લોકોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, હું આટલા મોટા સન્માનને યોગ્ય નથી.

## અભિનેત્રી રકુલ પ્રીતસિંહ કોરોના પોઝિટિવ



બોલીવુડ અભિનેત્રી રકુલપ્રીત સિંહ કોરોનાની ઝપેટમાં આવી છે. રકુલે સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા માહિતી આપી હતી કે તેનો કોરોના ટેસ્ટ પોઝીટિવ આવ્યો છે. રકુલ પ્રીત સિંહે પોસ્ટ કરતાં લખ્યું છે કે હું આપ સૌને જણાવવા માંગુ છું કે હું કોરોના સંક્રમિત થઇ છું. મે પોતાને ક્વોરન્ટીન કરી છે. હું સ્વસ્થ છું. હું અત્યારે આરામ કરી રહી છુ, જેથી શૂટ પર પાછી આવી શકું.

રિકવેસ્ટ કરું છુ કે જો મારા સંપર્કમાં આવ્યા છે તે દરેક પોતાનો ટેસ્ટ કરાવી લે. રકુલપ્રીતના આ પોસ્ટ બાદ તરત જ તે જલ્દી જ સ્વસ્થ થાય તેની પ્રાર્થના કરવા લાગ્યા. કોરોના સંક્રમિત થયા પહેલાં રકુલ મેડે ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી. ફિલ્મમાં તેની સાથે અજય દેવગણ, અમિતાભ બચ્ચન પણ જોવા મળશે. ફિલ્મમાં તેનો મુખ્ય રોલ એક પાયલટ નો છે. અજયે ૧૧ ડિસેમ્બરથી શૂટિંગ શરૂ કર્યુ છે.



# કડકડતી ઠંડીમાં પગની સંભાળ કેવી રીતે રાખશો?

તમારા પગની સુંદરતાની પણ હવે નોંધ લેવાય છે એ ધ્યાનમાં રાખજો ચોમાસાની ઋતુ પૂરી થઈ અને હવે આવ્યો શિયાળો. જેવી ઠંડી પડવી શરૂ થાય છે કે, તરત જ પગની પાની ફાટવા માંડે, વાઢિયા પડે. આમ પગના સૌંદર્યની સંભાળના અનેક પ્રશ્નો ઊભા થવા લાગે છે, જેથી મનોમન કંટાળો આવે અને નિરાશ પણ થઈ જવાય કે, આ પગની પાનીનું કરવું શું? વાઢિયા પડે ત્યારે તો તોબા, ચલાય જ નહીં. પગની પાનીની ત્વચા કઠણ થઈ જવી, વાઢિયા પડવા જેવી સમસ્યાઓ ખાસ કરીને ઠંડી ઋતુમાં પેદા થાય છે.

પગની પાનીમાં ચીરા પડવાની સમસ્યાથી બચવા માટે પગ ઉપર પૂરતું ધ્યાન રાખવામાં આવે તો, આવી સમસ્યામાંથી છૂટકારો મેળવી શકાય છે. આ વખતે શિયાળામાં જોતમે સાવચેતી રાખશો, તો ચોક્કસ પગની પાનીમાં ચીરા કે વાઢિયા પડવાની ફરિયાદ કરશો નહીં.



## પાનીમાં ચીરા પડવા

શરીરમાં કેલ્શિયમ અને તૈલીતત્વની ઊણપ હોવાને કારણે પાની ફાટવા લાગે છે. પાની અને પગના તળિયાની ત્વચા જાડી હોય છે. તેથી શરીરની અંદર ઉત્પન્ન થતું સીબમ. અર્થાત્ કુદરતી તેલ પગના તળિયાની બહારની સપાટી સુધી પહોંચી શકતું નથી.

પૌષ્ટિક તત્વ અને તૈલીતત્વ ન મળવાથી જ પગની પાની ખરબચડી બની જાય છે. અને તેમાં ચીરા પડે છે. પાની વધારે ફાટી જાય તો પગમાં ખૂબ દર્દ થાય છે. ચીરા પડેલી પાનીની સારવાર માટે નીચેના ઉપાયો અજમાવો.

(૧) દોઢ ચમચી વેસેલિનમાં એક નાની ચમચી બોરિક પાઉડર નાંખીને સારી રીતે મેળવો. અને ચીરા પડેલી પાની ઉપર સારી રીતે લગાવો. થોડા જ દિવસોમાં પાની પરના ચીરા રૂઝાઈ જશે.

★ જો પાની વધુ પ્રમાણમાં ફાટી ગઈ હોય તો મેથિલેટેડ સ્પિરિટમાં રૂનું પૂમડું બોળીને પાનીના ચીરા ઉપર મૂકો. બે મિનિટ પછી રૂ લઈ લો. ૧૦ મિનિટ પછી ફરીથી મેથિલેટેડ સ્પિરિટમાં બોળેલું રૂનું ભીનું પૂમડું પાની ઉપર રાખો. આ પ્રમાણે ત્રણ ચાર વખત કરો. આથી પાની ફરીથી ઠીક થઈ જશે.

હુંફાળા પાણીમાં થોડુંક શેમ્પૂ, એક ચમચી ખાવાના સોડા, અને થોડાંક ટીપાં ડેટોલના નાંખી મિશ્રણ તૈયાર કરો. આ મિશ્રણના પાણીમાં પગને ૧૦ મિનિટ સુધી બોળી બેસી રહો.ત્વચા ફૂલશે એટલે સ્પિરિટ લગાવી પાનીને પ્યુમિક સ્ટોનથી ઘસીઘસીને સાફ કરી લો. એથી પાનીની નકામી ત્વચા સાફ થઈ જશે. પછી સ્વચ્છ ટુવાલથી લૂંછી નાંખો. ત્યારબાદ હુંફાળા જૈતુનના તેલથી અથવા કોપરેલ તેલથી પાની ઉપર માલિશ કરો. પગને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અઠવાડિયામાં એક વખત પેડીક્યોર ચોક્કસ કરો, અથવા બ્યુટિપાર્લરમાં જઈને કરાવો. એથી પગના નખ, પાની અને તળિયાની સફાઈની સાથો સાથ પગની માલિશ અને કસરત પણ થઈ જશે.

પેડીક્યોર એક સરળ પધ્ધતિ છે, તમે જાતે જ ઘેર બધી સાધન સામગ્રી એકઠી કરીને એની રીત સમજીને કરી શકો છો. જો તમારા પગની હાલત વધારે ખરાબ હોય તો પેડીક્યોર કરાવવા માટે તમારે સૌંદર્ય વિશેષજ્ઞા પાસે જવું જરૂરી છે.

## પેડીક્યોર માટેની સામગ્રી

નાનકડું ટબ, હૂંફાળું પાણી, શેમ્પૂ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, નેલપોલિશ, નેલપોલિશ રિમૂવર, નેલકટર, ઓરેંજસ્ટિક, ક્યુટિકલપુશર, નેલફાઈલર, પ્યુમિકસ્ટોન, કોલ્ડક્રીમ, રૂ અને ટુવાલ.

## પેડીક્યોરની વિધિ

- સર્વપ્રથમ નેલપોલિશ રિમૂવર વડે નખ પરની જૂની નેલપોલિશ દૂર કરી દો.
- નેલકટરથી અથવા નાની કાતરથી વધેલા અથવા વાંકાચૂંકા નખ કાપી લો. પગના નખ હંમેશા સીધા જ કાપો.
- નેલફાઈલરથી નખને સુંદર આકાર આપો. નેલફાઈલર હંમેશા બહારથી કેન્દ્ર તરફ ચલાવો.
- ટબમાં હૂંફાળું પાણી લઈને તેમાં થોડું શેમ્પૂ અને એક ચમચી હાઈડ્રોજન પેરોક્સાઈડ નાંખી મિશ્રણ તૈયાર કરો. અથવા હૂંફાળા પાણીમાં ત્રણ ચમચી મીઠું, અડધા લીંબુનો રસ, અને એક નાની ચમચી જેટલું ગુલાબજળ નાંખીને મિશ્રણ તૈયાર કરો. એમાં પગ બોળી પાંચ-દસ મિનિટ સુધી બેસી રહો. એથી નકામી ત્વચા ઢીલી થઈને ફૂલી જશે. આઠ-દસ મિનિટ પછી પ્યુમિકસ્ટોનથી તળિયા અને પાનીને ઘસીને મેલ દૂર કરો. પગ જ્યારે સાફ થઈ જાય, ત્યારે એને સ્વચ્છ ટુવાલથી લૂછી લો.
- પગના નખ ઉપર ક્રીમ લગાવી સારી રીતે માલિશ કરો.
- માલિશ કર્યા પછી ઓરેંજસ્ટિક ઉપર થોડુંક રૂ લગાવી નખની અંદરનો મેલ સાફ કરો.
- ક્યુટિકલ પુશરથી નખના મૂળની પાસેનો ભાગ અંદરની બાજુ ધકેલી દો. આ રીતે નખનો આકાર સુંદર દેખાશે.
- પગ ઉપર કોલ્ડક્રીમથી ૧૦ મિનિટ સુધી માલિશ કરો, એથી પગની ત્વચા કોમળ થશે.
- રૂના પૂમડા વડે નખ ઉપર લાગેલી ચીકાશ સાફ કરો. અને પછી મનપસંદ નેલપોલિશ લગાવો.
- ઉપરોક્ત સૂચનો તરફ ધ્યાન આપો. જેથી નિ:સંદેહ શિયાળાની કડકડતી ઠંડીમાં પણ તમે તમારા પગના સૌંદર્યની રક્ષા કરી શકો છો.


MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience
Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

FEW RECENTLY SOLD MOTELS
29 ROOM MOTEL- Hwy 11 near Cochrane- **SOLD in November 2020**
27 ROOM MOTEL- Hwy 402, Sarnia- **SOLD in October 2020**
12 ROOM MOTEL- Hwy 11, Huntsville- **SOLD in October 2020**
12 ROOM MOTEL- Hwy 11, near North Bay- **SOLD in September 2020**

15 ROOM MOTEL Hwy 402, near London- Asking $999,000
Just off Hwy 402, about 4.8 acres commercial lot, 5 rooms with Kitchenette, many rooms given to workers on weekly & monthly basis. Easy operation & Low operating costs, schools nearby **SOLD CONDITIONAL in November 2020**

42 ROOM MOTEL Hwy 11, Near Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
About 30% down payment require
**Asking Price: $1,300,000**

10 ROOM MOTEL Near Welland / St.Cathrines
In Port Colborne city, 30 min to Niagara/Buffalo. With 3 BR Apt, Upgraded Rooms & furniture. Newer Roof, Furnace, Pot lights, LED motel sign. 100% occupancy, all rooms given on monthly basis. Easy one man operation.
**Asking Price: $849,000**

QUALITY INN & SUITES - $4,500,000

30+ ROOM MOTEL Hwy 17, Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
**Asking Price: $2,000,000**

18 ROOM MOTEL Near Pembroke / Ottawa
With 3 BR Apt, 8 rooms top to bottom renovated like new, rest partially renovated. Only motel in town, No competition. 14 rooms given to monthly customers since long time for steady & regular income. Price to Sell. Good for first time buyer.**Asking Price: $799,000**

27 ROOM MOTEL Near Thunder Bay Airport
Within the city on prime intersection, year round business + additional rental income. **Asking Price: $1,999,000**

60+ ROOM HOTEL Near Thunder Bay Airport
Seller will give mortgage. **Asking Price: $2,200,000**

OTHER MOTELS FOR SALE
Other motels available for sale in Ontario
Call for more info

FRANCHISE MOTELS & HOTELS FOR SALE
Asking Price: $3M to $7M, Small VTB Available
Call for more info

NOTE: Personal meeting is important if you are a SERIOUS BUYER, you will get a top priority on new listings. About 25% to 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# પાંચોટ નજીક કુતરુ આવતાં કાર તળાવમાં ખાબકી: મહિલા સહિત ૩ શિક્ષકોના મોત



મહેસાણા : મહેસાણા તાલુકાના પાંચોટમાં મગળવારની વહેલી સવારે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં મહેસાણાથી રાધનપુર તાલુકામાં શિક્ષકની નોકરી કરતા ત્રણ શિક્ષકોમાં બુ પુરૂષ અને એક મહિલા સવાર હતી. ગાડી પાંચોટ નજીકથી પસાર થઈ હતી ત્યારે રોડ પર વચ્ચે કુતરૂ આવી જતા ચાલકે કાર પરનો કાબુ ગુમાવતાં કાર રોડની સાઈડમાં આવેલ તળાવમાં ખાબકી હતી. અકસ્માતની જાણ થતાં લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે કારને જેસીબી દ્વારા બહાર કાઢી ત્રણેય મૃતકોના પીએમ સારૂ મહેસાણા મૃતકોમાં વિપુલભાઈ ચૌધરી (રહે. બાસણા, મસાલી તા.રાધનપુર), આનંદભાઈ પરમાર (રહે.મહેસાણા, સોનેથ - સુઈગામ), સ્મિતાબેન જણસારી (મોરવાડા - સુઈગામ)નો સમાવેશ થાય છે. સુઈગામના સોનેવ તથા મોરવાડામાં નોકરી કરતા ત્રણ શિક્ષકો મંગળવારની વહેલી સવારે એક કારમાં જવા નીકળ્યા હતા. વહેલી સવારની ઠંડીમાં પુરપાટ જતી ગાડી જ્યારે પાંચોટ નજીક આવી ત્યારે માર્ગમાં એક કુતરૂ આવી જતાં ચાલકે વિષ્ણુભાઈએ પોતાની ગાડી પરનો કાબુ ગુમાવી દેતા કાર રોડ નજીક આવેલ તળાવમાં ખાબકી હતી.

# દૂધસાગર ચૂંટણી : વિપુલ ચૌધરીની ઉમેદવારી પર હજુ લટકતી તલવાર

મહેસાણા : દૂધ સાગર ડેરીની ચૂંટણીમાં ભરાયેલા ફોર્મની સોમવારના રોજ ચકાસણી બાદ ચૂંટણી અધિકારી દ્વારા મંગળવારની સાંજે માન્ય ઉમેદવારીપત્રોની યાદી જાહેર કરાઇ હતી. જેમાં જોડિયા દૂધ ઉત્પાદક મંડળીમાંથી ભરાયેલું પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીના ઉમેદવારીપત્રનો નિર્ણય મંડળી દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરાયેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનને પગલે ચૂંટણી અધિકારી દ્વારા પેન્ડિંગ રખાયો છે. મંગળવારની સાંજે દૂધસાગર ડેરીના ચૂંટણી અધિકારી દ્વારા ભરાયેલા ફોર્મની ચકાસણી કરાયા બાદ ઉમેદવારીપત્રોની યાદી પ્રસિદ્ધ કરાઈ હતી. જેમાં ખેરાલુ વડનગર સતલાસણા બેઠકની માન્ય ઉમેદવારીપત્રોની યાદી પણ જાહેર કરાઈ છે. આ મતદાર મંડળમાં નવ જેટલા માન્ય ઉમેદવારી પત્રો જાહેર કરાયા છે. જેમાં વિપુલભાઈ ચૌધરીનો ઉમેદવાર તરીકે ઉલ્લેખ કરાયો છે પરંતુ જે ખેરાલુ તાલુકાની જોડીયા દૂધ ઉત્પાદક મંડળીના પ્રતિનિધિ તરીકે વિપુલ ચૌધરીએ ઉમેદવારીપત્ર ભર્યું છે તે મંડળીએ હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી છે.

# ગોધરામાં કેમિકલ કંપનીમાં ભીષણ આગથી બ્લાસ્ટ, લોકો ગામ છોડી ભાગ્યા

ગોધરા : કાલોલ તાલુકાના નાંદરખા ગામ નજીક આવેલ કુશા કેમિકલ નામની કંપનીમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોત જોતામા આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું કે, આસપાસના ગામોમાં ભય અને અફવાનો માહોલ સર્જાયો હતો. કુશા કેમિકલ કંપનીમાં લાગેલી આગમાં એક પછી એક મોટા અવાજો સાથે થતા બ્લાસ્ટને લઈ કંપનીના કર્મચારીઓ અને રસ્તેથી પસાર થતા વાહનચાલકોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. એડિટીવ ઓઈલ જેવું કેમિકલનું ઉત્પાદન કરતી કુશા કેમિકલના બી-૧ પ્લાન્ટમાં સૌ પ્રથમ આગ લાગી બાજુના પ્લાન્ટમાં ફેલાતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનામાં કોઈ જાનહાની કે ઈજાનો બનાવ બન્યો ન હતો પરંતુ કંપનીને ૨૫ કરોડ ઉપરાંતનું નુકશાન થયું હોવાનું કંપનીના માલિક જણાવી રહ્યા છે.

# કલોલમાં પાઈપલાઈનમાં બ્લાસ્ટથી એકસાથે બે ઘર ધરાશાયી, બેના મોત

કલોલ : ગાંધીનગરના કલોલમાં આજે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. કલોલના પંચવટી વિસ્તારમાં આવેલી ગાર્ડન સિટીમાં આજે સવારે અચાનક એક ઘરની નીચે મોટો બ્લાસ્ટથયો હતો. જેમાં બે મકાન ધરાશાયી થયા હતા.



આ ઘટના બની ત્યારે ક્યાસ લગાવવામાં આવી રહ્યો હતો કે, ગેસ ફોલ્ટ કે અન્ય કારણોસર જમીનમાં ધડાકા થયો હશે, જેના કારણે આ દુર્ઘટના બની છે. પરંતુ પછીથી જાણવા મળ્યું હતું કે, ઘરની નીચેથી પસાર થઈ રહેલી ઓએનજીસી પાઈપલાઈનમાં બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં બે વ્યક્તિનું મોત નિપજ્યું છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

કલોલ બ્લાસ્ટ અંગે ગૃહમંત્રી અમિત શાહે માહિતી મેળવી હતી અને કલેક્ટર પાસે ટેલિફોનિક વાત કરી ઘટનાની વિગતવાર માહિતી મેળવી હતી. અમિત શાહે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી દિલસોજી પાઠવી હતી.

# ઠાસરા પાસે પૌત્રીને વાહને કચડી નાંખી, દાદીએ પણ હોસ્પિટલમાં દમ તોડ્યો

ખેડા : ખેડામાં ઠાસરા-ડાકોર રોડ ઉપર પેસેન્જર રીક્ષા અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા છે. ઠાસરા ડાકોર તરફ શટલ રીક્ષામાં મુસાફરી કરતા દાદી અને પૌત્રીને અકસ્માત નડ્યો હતો. જેમા પૌત્રીનું સ્થળ ઉપર જ મોત નિપજ્યુ હતું. અજાણ્યા વાહનચાલકે શટલ રિક્ષાને અકસ્માત કરતા અંદર બેઠેલ બાળકી બહાર પડી ગઈ હતી. જોકે શટલ રિક્ષામાંથી પડી જતી પૌત્રીને બચાવવા જતા દાદી પણ રોડ ઉપર પડ્યા હતા. જોકે શટલ રિક્ષામાંથી પડતા જ પાછળથી આવતા અજાણ્યા વાહન ચાલકે બાળકીને કચડી નાંખી હતી. જેતી ઘટનાસ્થળ પર જ પૌત્રીનું મોત નિપજ્યું હતું. જ્યારે આ અકસ્માતમાં દાદીને ગંભીર ઈજાઓ થતા નડિયાદ રીફર કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત નિપજ્યુ હતું. ડાકોર રેફરલ હોસ્પિટલ ખાતે મૃતકનું પોસ્ટમોર્ટમ કરી પરિવારને મૃતદેહ સોપાયો હતો.

# પાલનપુરના ભાખર ગામે દૂધ દોહવાના મશીનથી કરંટ લાગતાં ૧૧ ગાયનાં મૃત્યુ

પાલનપુર : પાલનપુર તાલુકાના કોટડા ભાખર ગામમાં વહેલી સવારે પશુઓ દોહવાના મશીન દ્વારા અગિયાર દુધાળી શંકર ગાયો શોર્ટ સર્કિટ થતાં ગાયોને કરંટ લાગતાં તમામ ૧૧ ગાયોના મોત નિપજ્યા હતા.

પાલનપુરના ભાખર કોટડા ગામના રામસીંગભાઈ ચૌધરી એ પોતાના ખેતરમાં તબેલો બનાવી ૧૪ ગાયો રાખી તેની દુધની આવકમાંથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ત્યારે તેઓએ નિત્યક્રમ મુજબ આજરોજ વહેલી સવારના સુમારે ગાયોને દોહવા માટે ઓટોમેટિક મિલ્ક મશીન લગાવ્યુ છે. જે મશીનમાં ઈલેકટ્રિક શોર્ટ સર્કિટ થવાને કારણે તબેલામાં ઉભેલી ૧૧ ગાયોને એક જ સાથે કરંટ લાગ્યો અને તમામ ૧૧ દુધાળી ગાયો એકસાથે મૃત્યુ પામી હતી. ત્યારે ખેડુત પરિવારના માથે ગાયોના મોત થવાથી માથે આભ તુટી પડયુ છે. જેમાં અંદાજીત ખેડુતને ૧૦ થી ૧૫



લાખ રૂપિયાનુ નુકશાન થયું છે. ગાયોના મોત અંગેના સમાચાર આસપાસના ગામોમાં પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. ઘટનાની જાણ થતાં બનાસડેરીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જયાં તબેલો ગાયોથી ભરેલ હતો તે થોડી જ વારમાં ખાલી થઈ ગયો હતો.

# ઠાસરા સોસાયટીમાં ૪ ડિરેક્ટરોની ચૂંટણી આખરે રજિસ્ટ્રારે રદ કરી

નડિયાદ : ઠાસરાની ક્રેડિટ સોસાયટીમાં ચાર ડિરેક્ટરોની ખાલી પડેલી જગ્યા માટે ૩૧-૧૨-૨૦૨૦ સુધી સરકારી હુકમ પ્રમાણે ચૂંટણી ન યોજવાની જિલ્લા રજિસ્ટ્રારની ચેતવણી છતાં સોસાયટીના વહીવટકર્તાઓએ મનમાની રીતે ચૂંટણી જાહેર કરી દીધી હતી. તેના પર રજિસ્ટ્રારે રોક લગાવી દીધી હતી. અગાઉ પણ લોકજીભે વારંવાર આ સોસાયટી માટે એકહથ્થું વહીવટ અને ગેરરીતિઓની ફરિયાદ સાંભળવા મળતી હતી. ધી ઠાસરા વેપારી મંડળ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લિ.ના ચાર ડિરેક્ટરોની ખાલી પડેલી જગ્યા માટે ૨૦-૧૨-૨૦૨૦ના રોજ ચૂંટણી કાર્યક્રમ પ્રસિદ્ધ થઈ ચૂક્યો હતો. ૧૬-૧૨-૨૦૨૦એ વ્યવસ્થાપક મંડળે તે ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવા મંજૂરી આપવા માટે રજિસ્ટ્રારને રજૂઆત કરી હતી. જોકે રજિસ્ટ્રારે સામે જવાબમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના જાહેરનામા પ્રમાણે વ્યાવસાયિક કમિટીઓની મુદત તેની ચૂંટણીની તારીખ અને ૩૧-૧૨-૨૦૨૦માં જે વહેલું હોય ત્યાં સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આથી અત્યારે ચાલી રહેલી કોરોના મહામારીના સંજોગોને જોતા વેપારી મંડળીની ચૂંટણી ૩૧-૧૨-૨૦૨૦ સુધી મુલત્વી રાખી સરકારના સૂચનો પ્રમાણે આગળ કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું.

# ડભોઈની મસ્જિદમાં ધર્મગુરૂને ધમકી આપી નમાઝીનો હુમલો

વડોદરા : ડભોઈમાં રહેતા તેમજ રેડિમેડ ગારમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા દિલાવરહુસેન ખાનભાઈ બારદાનવાલાએ ડભોઇના મહુડી ભાગોળ વિસ્તાર પાસે મહેતાપાર્ક ખાતે રહેતા મહંમદ ચાંદભાઇ કોટવાલા સામે ડભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે તા.૧૭ની સાંજે ડભોઈની શરબતકૂવા દાયરા મસ્જિદમાં અમારા ધર્મગુરુ આફતાબમિયા નિજામુદીન સૈયદ મુસ્લિમ બિરાદરોને નમાઝ પઢાવતા હતા ત્યારે મહંમદ કોટવાલા અચાનક મસ્જિદમાં આવીને ધર્મગુરૂની આગળ એકદમ છાતી કાઢીને ઉભો થઈ ગયો હતો. આ વખતે ધર્મગુરૂએ મહંમદ કોટવાલાને નમાઝ પઢતા બીજા મુસ્લિમ બિરાદરો સાથે શિસ્તથી બેસવાનું કહેતા મહંમદ કોટવાલા ઉશ્કેરાઈ ગયો હતો અને ગમે તેવા શબ્દો ધર્મગુરૂની વિરુધ્ધમાં ઉચ્ચારી ધર્મગુરૂને લાતોથી મારવા લાગ્યો હતો આ વખતે નમાઝ પઢવા આવેલા અન્ય નમાઝીઓએ ધર્મગુરૂને વધુ મારથી બચાવ્યા હતાં.

# મહેસાણાના દંપતીએ યુએસ જવાની લાલચમાં લાખો રૂપિયા ગુમાવી દીધા

મહેસાણા : લોભિયા હોય ત્યા ધુતારા ભુખે ન મરે અને આજ કહેવત મહેસાણાના પરિવારે સાર્થક કરી છે. ૧૦ લાખથી વધુની રકમ આપીને નકલી વિઝા પર અમેરિકા જતા ૨ લોકો સહીત ૩ લોકોને એસઓજીએ ઝડપી પાડ્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ એસઓજીએ મહેસાણાના પાસેના રંગપુરડા ગામના રહેવાસી એવા એક દંપતી રાજેશ પટેલ અને સોનલ પટેલની ધરપકડ કરી છે. આ બંને ગત ૧૯ ડિસેમ્બરના રોજ અમદાવાદથી અમેરિકા જવા નીકળી રહ્યાં હતાં ત્યારે એરપોર્ટ પર ઈમિગ્રશન દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું કે આ વિઝા નકલી છે. જેથી બંનેને પકડી પોલીસને સોંપવામાં આવ્યા હતા. પોલીસે બંનેની ધરપકડ કરી તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું છે કે, એક અજેન્ટ વિશ્વજીત પટેલ નામના વ્યક્તિએ આ નકલી વિઝા બનાવી આપ્યા હતા.

પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી વિશ્વજીત પટેલે આ દંપતી પાસેથી ૧૦ લાખમાં નકલી વિઝાની વાત કરી હતી અને એવી પણ વાત સામે આવી છે કે આ દંપતી અમેરિકા પહોંચી જાય ત્યાર બાદ ૧.૨૦ કરોડ દંપતી પાસેથી એજેન્ટને લેવાના હતા. પરંતુ તે પહેલાં આ લોકો પકડાઈ ગયા છે. જોકે હાલ તો અમેરિકાની ટિકિટના રૂપિયા પણ વિશ્વજીત પટેલે કરી આપવાની વાત પણ સામે આવી રહી છે.

# વડોદરાના પૂર્વ મેયરની પુત્રવધુનો રસીના રિસર્ચ ટીમમાં સમાવેશ

વડોદરા : વડોદરા અમદાવાદ શહેર માટે ગર્વ લેવા જેવી બાબત સામે આવી છે. વડોદરાના પૂર્વ મેયરના પુત્રવધુ અને અમદાવાદની યુવતી ખાનગી કંપનીમાં ચાલતી કોરોના વેક્સિનેશનના રિસર્ચમાં જોડાયા છે. મૂળ અમદાવાદમાં રહેનાર ખ્યાતિને આ કામ કરવાની તક મળી છે. કંપનીમાં ચાલતા કોરોનાના ક્લિનિકલ ટ્રાયલ અંગે ખ્યાતિએ જણાવ્યું હતું કે, તેનું પરિવાર મૂળ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં રહેતું હતું. એનો જન્મ વડોદરામાં થયો હતો. પરંતુ પિતાની નોકરીમાં બદલી થતા પરિવાર અમદાવાદના નારાયણપુરાના ઘરડાઘર પાસે આવેલા સમર્પણ ટાવર ખાતે શિફ્ટ થયું હતું. હાલ તેનું પરિવાર અમદાવાદ રહે છે અને પરિવારમાં ભાઈ અને ભાભી પણ મેડિકલની કામગીરી સાથે જોડાયેલા છે. અમેરિકામાં લોન્ગબીચ અને ટ્રસ્ટીગ ખાતે વિવિધ એજ ગ્રુપના લોકો પર હાલ કોરોનાનું ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહ્યું છે.

# કેઈર્ન એનર્જીને રૂ. ૮,૦૦૦ કરોડ ચૂકવવા ભારતને આદેશ

હેગ: વર્ષ ૨૦૦૬-૦૭માં બ્રિટનની એનર્જી જાયન્ટ કેઈર્ન એનર્જીની ભારતીય પાંખ કેઈર્ન્સ ઈન્ડિયાના ઈન્ટરનલ રિ-ઓર્ગેનાઈઝેશન માટે ભારત સરકાર દ્વારા કરવામાં આવેલી રૂપિયા ૧૦,૨૪૭ કરોડના ટેક્સની માગ ઈન્ટરનેશનલ આર્બિટેશન ટ્રિબ્યૂનલે ફગાવી દીધી છે. હેગ સ્થિત ટ્રિબ્યૂનલના ચુકાદામાં કાયદામાં કરાયેલા પાશ્ચાદ્વર્તી ટેક્સના સુધારા અંતર્ગત કેઈર્ન એનર્જી સાથેના કર વિવાદ કેસમાં ભારત સરકારને મોટો ફટકો પડયો છે. ટ્રિબ્યૂનલે બ્રિટનની કંપની કેઈર્નને રૂપિયા ૮,૦૦૦ કરોડ નુકસાની પેટે ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. હેગ સ્થિત ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસે ચુકાદામાં જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા કેઈર્ન્સ ઈન્ડિયા પાસે કરાયેલી પાશ્ચાદ્વર્તી ટેક્સની માગ દ્વિપક્ષીય મૂડીરોકાણ સંરક્ષણ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. ૨૦૦૬-૦૭માં કેઈર્ન એનર્જીએ તેની ભારતીય પાંખ કેઈર્ન્સ ઈન્ડિયાના માળખામાં મોટી ફેરબદલ કરી હતી. ભારત સરકારે આ રિઓર્ગેનાઈઝેશન દરમિયાન કંપનીને થયેલા રૂ. ૨૪,૫૦૦




કરોડના લાભ પર રૂ. ૧૦,૨૪૭ કરોડના ટેક્સની માગ કરી હતી. કેઈર્ન એનર્જી ખનીજ ઉત્ખનન મેજર વેદાંતામાં ૪.૯૫ ટકા હિસ્સો ધરાવે છે. ૨૦૧૪માં આવકવેરા વિભાગે કેઈર્ન એનર્જીના આ શેર જપ્ત કરી લીધા હતા. આંતરરાષ્ટ્રીય અદાલતે ભારત સરકારને પ્રતિ શેર રૂપિયા ૩૩૦ના ભાવે નુકસાનની રકમ ચૂકવવા જણાવ્યું છે. ૨૦૧૪માં એ શેરની કિંમત રૂપિયા ૨૨૦-૨૪૦ વચ્ચે હતી. અદાલતે લગાવેલી પેનલ્ટીમાં બ્રિટિશ કંપનીને કેસ લડવા માટે ચૂકવવી પડેલી ફી અને ટેક્સ રિફંડ પેટે રૂપિયા ૧૫૯૦ કરોડનો પણ સમાવેશ થાય છે. બુધવારે છેલ્લો દિવસ હોવા છતાં ભારતે વોડાફોન કેસના ચુકાદાને પડકાર આપ્યો નથી. વોડાફોન કેસના ચુકાદાને પડકાર આપવા માટેની ડેડલાઈન ૨૩ ડિસેમ્બર બુધવારના રોજ હતી પરંતુ ભારત સરકાર હજુ આંતરરાષ્ટ્રીય કોર્ટના ચુકાદા સામે અપીલમાં જવા માટે અનિશ્ચિત જણાઈ રહી છે. ગયા સપ્તાહમાં નાણામંત્રી નિર્મલા સીતારામને વરિષ્ઠ અધિકારીઓ સાથે આ મામલે ચર્ચા પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ હેગ સ્થિત પરમેનન્ટ કોર્ટ ઓફ આર્બિટેશને ચુકાદો આપ્યો હતો કે ભારત સરકારે વોડાફોન પાસે રૂપિયા ૨૨,૧૦૦ કરોડના પાશ્ચાદ્વર્તી ટેક્સની માગ કરી છે જે ભારત અને નેધરલેન્ડ વચ્ચે થયેલા દ્વિપક્ષીય કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

## ભારતના સ્પેસ સેક્ટર માટે ઈ-કોમર્સ કંપની એમેઝોન, વન વેબ પણ રેસમાં

બેંગ્લુરૂ : દિગ્ગજ ઈ-કોમર્સ કંપની એમેઝોન અને વન વેબ સહિત ૨૬ જેટલી દેશી અને વિદેશી કંપનીએ ભારતના સ્પેસ સેક્ટરમાં રુચિ દાખવી છે. સરકારે કેટલાક મહિના પહેલાં દેશના સ્પેસ સેક્ટરને ખાનગી ક્ષેત્ર માટે ખોલવા નિર્ણય લીધો હતો. હવે સરકારને ૨૨ સ્થાનિક અને ૪ વિદેશી કંપનીઓ તરફથી દરખાસ્ત મળી ચૂકી છે. નવી જ રચાયેલી નિયામક સંસ્થા આઈએન-સ્પેસ આ દરખાસ્તોની સમીક્ષા કરી રહી છે. દરખાસ્ત કરનારી કંપનીઓમાં જેફ બેજોસની કંપની એમેઝોન વેબ સિરીઝ, ભારતી ગ્રૂપનું રોકાણ ધરાવતી બ્રિટનની કંપની વન વેબનો પણ આ કંપનીઓમાં સમાવેશ થાય છે.

ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટરને જે દરખાસ્ત મળી છે તેમાં ગ્રાઉન્ટ સ્ટેશન માટે મંજૂરી, સેટેલાઈટ તૈયાર કરીને લોન્ચ કરવા, સેટેલાઈટ કોન્સ્ટેલેશન તૈયાર કરવા અને લોન્ચ વ્હિકલ તૈયાર કરવાને મુદ્દે મળેલી દરખાસ્તનો સમાવેશ થાય છે.

આઈએન-સ્પેસ એજન્સીની રચનાને મંજૂરી મળતાં જ અમેઝોન વેબ સિરીઝે નવી કંપની એરોસ્પેસ એન્ડ સેટેલાઈટ સોલ્યુશન ઊભી કરવા નિર્ણય લીધો હતો. કંપનીએ પ્રાઈવેટ સ્પેસ બિઝનેસ માટે મંજૂરી માંગી હતી. તેમાં ગ્રાઉન્ડ સ્ટેશન તૈયાર કરીને સેટેલાઈટ આધારિત સેવા આપવાનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે વન વેબે સ્મોલ સેટેલાઈટ કોન્સ્ટેલેશન તૈયાર કરીને સેવાઓ આપવા મંજૂરી માંગી છે. યુએઈની આરચેરોન કંપની નાના ઉપગ્રહના લોન્ચિંગમાં મદદ ઈચ્છે છે તો નોર્વેની કોંગબર્ગ સેટેલાઈટ સવર્સિ ગ્રાઉન્ડ સ્ટેશન તૈયાર કરવા માંગે છે. તાતાની નેલ્કો કંપનીએ અર્થ ઓર્બિટ નેટવર્ક સેવા માટે સહયોગ માંગ્યો છે. એલએન્ડટી ઈચ્છે છે કે તેને નાના ઉપગ્રહોના લોન્ચ વ્હિકલમાં વધુ ભૂમિકા મળે.

## ૫૦ લાખ ટર્નઓવર ધરાવતા ઉદ્યોગે એક ટકો GST રોકડમાં ભરવો પડશે

નવી દિલ્હી: બોગસ ઈનવોઈસિંગ મારફત કરવામાં આવતી કરચોરીને રોકવા માટે હવે માસિક ૫૦ લાખથી વધુ ટર્નઓવર ધરાવતા બિઝનેસે અછામાં ઓછા એક ટકો જીએસટીની જવાબદારી રોકડમાં ભરવી પડશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાઈરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ જીએસટીના કાયદામાં રૂલ 86B દાખલ કર્યો છે, જે ઈનપુટ ટેક્સ ક્રેડિટના ઉપયોગને જીએસટીની જવાબદારીના ૯૯ ટકા સુધી મર્યાદિત કરે છે. સીબીઆઈસીએ જણાવ્યું હતું કે જો નોંધાયેલા વ્યક્તિના બિઝનેસનું માસિક ટર્નઓવર રૂ. ૫૦ લાખથી વધારે હોય તો તે આઉટપુટ ટેક્સ જવાબદારી માટે તેની પાસે ઉપલબ્ધ ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરની રકમમાંથી વધુમાં વધુ ૯૯ ટકાનો ઉપયોગ કરી શકશે. ટર્નઓવરની આ મર્યાદાને ગણવા માટે જીએસટીમાંથી મુક્તિ ધરાવતાં ગુડ્ઝનું વેચાણ અને ઝીરો રેટ સપ્લાઈનો ઉમેરો કરવામાં આવશે નહીં. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર રૂલ ૮૯બી દાખલ કરીને ઈનપુટ ક્રેડિટનો આડેધડ ઉપયોગ કરવામાં આવતો હતો તેના પર લગામ મૂકી છે. સરકારે તેની સાથોસાથ વાજબી છૂટ પણ મૂકી છે તેના કારણે આની પાછળનો ઉદ્દેશ બોગસ ઈનવોઈસિંગ મારફત ક્રેડિટના ખોટા વપરાશને રોકવાનો છે તે સ્પષ્ટ થાય છે.

## SIP દ્વારા બિટકોઈનમાં પણ રોકાણ કરી શકાશે

મુંબઈ: આ સમયે બજારમાં રોકાણના ઘણા વિકલ્પો અસ્તિત્વમાં છે. તેમાંથી, સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન દ્વારા દર મહિને નિશ્ચિત રકમનું રોકાણ કરવાનો વિકલ્પ સૌથી સારો માનવામાં આવે છે. થોડા વર્ષો પહેલા, બિટકોઈન નામના ક્રિપ્ટોકરન્સીના રૂપમાં, લોકોને એક રોકાણ વિકલ્પ મળ્યો હતો, જેનાથી તેઓને ઊંચું વળતર મળ્યું હતું. જેનો આ આંકડા પરથી આસાનીથી અંદાજ લગાવી શકાય છે કે બિટકોઈને ૪ વર્ષમાં રોકાણકારોને ૫૭૫૯% આપ્યા છે. હવે બિટકોઈનની કિંમત એટલી વધી ગઈ છે કે ઉદ્યોગપતિ અથવા નાના ઉદ્યોગપતિ માટે તેમાં રોકાણ કરવું સહેલું નથી. આવા લોકો માટે એક સારા સમાચાર છે કે હવે જો તમારે પણ બિટકોઈનમા નાણાં લગાવીને મોટો નફો કમાવો હોય તો તમે મહિનામાં એસઆઈપી દ્વારા તેમાં મૂડી રોકાણ કરી શકો છો.

## રિલાયન્સને ખરીદવા ૬૦ કંપનીઓને રસ

નાણાકીય સંકટમાં ફસાયેલા ભારતીય ઉદ્યોગપતિ અનિલ અંબાણીની વેચવા કઢાયેલી કંપની રિલાયન્સ કેપિટલની સંપત્તિ ખરીદવા માટે અત્યાર સુધીમાં ૬૦થી વધુ કંપનીઓએ રસ દર્શાવ્યો છે. રિલાયન્સ કેપિટલની સંપત્તિ ખરીદવાની હરિફાઈમાં હવે એસબીઆઈ લાઈફ અને અપોલો પણ જોડાઈ છે. ઉલ્લેખનિય છે કે, ૧ ડિસેમ્બર એક્સપ્રેશન ઓફ ઈન્ટ્રેસ્ટ દાખલ કરવાની છેલ્લી તારીખ હતી. અલબત્ત ત્યારબાદ આ તારીખ લંબાવીને ૧૭ ડિસેમ્બર કરવામાં આવી હતી. તેની માટે એસબીઆઈ કેપિટલ માર્કેટ અને જેએમ ફાઈનાન્સિયલને સલાહકાર તરીકે નિમણું કરાયા છે. આ બંનેને રિલાયન્સ કેપિટલને હસ્તગત કરવા સંબંધિત ૬૦ અરજીઓ પ્રાપ્ત થઈ છે. આ કંપનીઓમાંથી ૮ કંપનીઓ એવી છે તેઓ રિલાયન્સ કેપિટલની તમામ સંપત્તિઓ ખરીદવા માટે ઉત્સુક દેખાઈ રહી છે.






# રાજકોટમાં લદાયેલા રાત્રિ કર્ફ્યુ સામે વકીલોનો વિરોધ, આંદોલનની તૈયારી

**• લોકોની વેદના પારખી રાત્રિ કર્ફ્યુનો સમય પણ નહીં ઘટાડાતા વધતો રોષ**

રાજકોટ : ભીડ અને સંક્રમણનો ખતરો દિવસે જ વધારે હોય છે, ભાજપ-કોંગ્રેસના કાર્યક્રમો પણ દિવસે જ થાય છે છતાં સરકારે અન્ય મહાનગરો સાથે રાજકોટમાં રાત્રિના ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યુ લાદીને એક સમયે ભાગ્યે જ વપરાતા આ શસ્ત્રનો રાત્રિના સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને સંક્રમણ ઘટાડવા ઉપયોગ ત્રણ સપ્તાહથી થઈ રહ્યો છે ત્યારે અગાઉથી આ સામે થતો લોકોનો વિરોધ હવે રસ્તા પર આવી રહ્યો છે. ગઈકાલે રાત્રિ કર્ફ્યુ સામે ચક્કાજામનું આંદોલન થયા બાદ મંગળવારે રાજકોટ બાર એસો.ના વકીલો પોલીસ કમિશનર પાસે ધસી જઈને વિરોધ દર્શાવી સવિનય કાનુનભંગની ખુદ વકીલોએ ચિમકી આપી હતી.

વકીલોએ જો કે વકીલોની વેદનાને વાચા આપી છે અને જણાવ્યું કે રાત્રિના સમયે પણ લોકોને કાનુની મદદ માટે, ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે વકીલોએ જવાનું થતુ હોય છે આથી વકીલોને કર્ફ્યુમાંથી મુક્તિ આપવી જોઈએ જેથી તેમને પોલીસની કનડગત ન થાય. બાર એસોસીએશને રજૂઆતની સાથે એવી ચિમકી ઉચ્ચારી છે કે ૨૪ કલાકમાં એટલે કે આવતીકાલ સાંજ પહેલા જો પોલીસ કમિશનર દ્વારા આ અંગે યોગ્ય જાહેરનામુ જારી નહીં કરાય અને વકીલોને મુક્તિ નહીં અપાય તો પોલીસની કામગીરીનો બહિષ્કાર કરાશે અને, બારના પ્રમુખ સહિત વકીલો ઉપવાસ આંદોલન કરશે.

## કાંધલ જાડેજા એક કેસમાં નિર્દોષ છૂટ્યાઃ ડઝનથી વધુ કેસ બાકી

પોરબંદર : કુતિયાણા એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાને વર્ષ ૧૯૯૮માં પોરબંદરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગેરકાયદે હથિયાર રાખવાની ફરિયાદમાં પુરાવાના અભાવે ગુજરાત હાઈ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. હાઈ કોર્ટે કાંધલ જાડેજાની ડિસ્ચાર્જ અરજી મંજૂર કરી હતી. કાંધલ જાડેજા સામે હાલ ૧૫ કેસો નોંધાયેલા છે. આ ૧૫ કેસોમાં ગેરકાયદેસર હથિયાર, ખંડણી, હુમલો, રમખાણ, કસ્ટડીમાંથી ફરાર થવું અને નકલી દસ્તાવેજો સહિતના ગુનાઓનો સમાવેશ થાય છે. કોર્ટની સૂચના બાદ ગુજરાત હાઈ કોર્ટે નીચલી કોર્ટોને નિર્દેશ આપ્યો છે કે, વર્તમાન-પૂર્વ સાંસદો-ધારાસભ્યો સામે ચાલી રહેલા કેસોની નિયમિત સુનાવણી કરી તેનો નિકાલ કરવામાં આવે.

## રાજકોટ ચૂંટણી : ભાજપ-કોંગ્રેસ તથા આપ, એનસીપી લડી લેવાના મૂડમાં

**• ભાજપે કિસાન સંમેલનો કર્યા :કોંગ્રેસ ખેડૂતો માટે ફરી વિરોધ પ્રદર્શન કરશે**

રાજકોટ : આશરે દોઢ માસ પછી મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતો, નગરપાલિકાઓની ચૂંટણી યોજાય તેવા મળેલા એંધાણ વચ્ચે આ વખતે સૌરાષ્ટ્રમાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત એન.સી.પી. અને આમ આદમી પાર્ટી પણ ચૂંટણી લડવાના મૂડમાં છે અને આ અન્વયે આ પક્ષોએ પણ ઠેરઠેર વિરોધ પ્રદર્શનો કરી પ્રજાના પ્રશ્નો ઉઠાવવાનું આગળ વધાર્યુ છે.

કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેશવ્યાપી આંદોલનના સમર્થનમાં ફરી માર્ગો પર નીકળી પડીને આંદોલન કરવા રણનીતિ બનાવાઈ રહી છે જેની આવતીકાલે જાહેરાત કરાશે. તો કૃષિ કાયદાઓ ખેડૂતોના હિતમાં છે તેવું સમજાવવા ભાજપે ઠેરઠેર કિસાન સંમેલનો યોજ્યા હતા. તો બીજી તરફ એન.સી.પી.દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરીને આજે માણાવદર પંથકમાં ભાજપ તારા વળતા પાણી હાય હાયના નારા લગાડીને ઉગ્રવ રિોધ કર્યો હતો જેમાં અનેકે અટકાયત વ્હોરી હતી. તો આમ આદમી પાર્ટી રાજકોટમાં રાત્રિ કર્ફ્યુ વગેરે જેવા મુદ્દે લોકોની ફરિયાદો અન્વયે કાર્યક્રમો આપી રહી છે. બીજી તરફ ભાજપે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા અનૌપચારિક રીતે હાથ ધર્યાનું જાણવા મળે છે. વોર્ડવાઈઝ કાર્યાલયો શરૂ કરી ઘરે ઘરે સંપર્ક શરૂ કરાયો છે.

# જામનગરમાં વિશ્વનું સૌથી મોટું ઝૂ બનશે

જામનગર : ગુજરાતમાં અત્યાર સુધી વિશ્વની સૌથી મોટી પ્રતિમા સરદાર પટેલ રુપે અંકિત છે ત્યારે હવે વિશ્વનુ સૌથી મોટુ પ્રાણીસંગ્રહાલય પણ ગુજરાતમાં બનવા જઈ રહ્યુ છે. જામનગરમાં ૨૮૦ એકર જમીનમાં આ પ્રાણી સંગ્રહાલય બનશે. જેમાં મોટી સંખ્યામાં વન્ય જીવો અને પક્ષીઓ રાખવામાં આવશે. વિશ્વનુ સૌથી મોટા ઝુનો આખો પ્રોજેક્ટ તૈયાર કરાયો છે, જેમાં ગ્રીન ઝુલોજીકલ રેસ્કયુ અને રિહેબીલીશન કિંગડમ નામ અપાયુ છે. આ ઝુનુ સંચાલન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. દ્વારા કરાશે. સેન્ટ્રલ ઝુ ઓથોરિટીની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. રિલાયન્સના આ ઝૂમાં ૧૦૦થી વધુ



અલગ અલગ પ્રજાતીના પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો હશે. આ ઝૂ મુકેશ અંબાણીના નાના દીકરા અનંત અંબાણીનો પેટ પ્રોજેક્ટ છે. આ ઝૂમાં બાર્કિંગ ડીઅર્સ, સ્લેન્ડર લોરિસ, સ્લોથ બીઅર્સ, ફિશિંગ કેટ, કોમોડો ડ્રેગન, ઈન્ડિયન વરુ, રોઝી પેલીકન્સ ઉપરાંત ક્રાઈન્ડ ક્રેન્સ, જેગુઆર, આફ્રિકન સિંહ, ૧૨ ઓસ્ટ્રીચ, ૨૦ જીરાફ, ૧૮ મીરકેટ્સ, ૧૦ સ્પેક્ટેકલ્સ સીમેન, ૭ ચિત્તા, આફ્રિકન હાથી, ૯ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ સહિતના પ્રાણીઓ અને પક્ષીઓ હશે. આ ઝુમાં ફ્રોગ હાઉસ, ડ્રેગન લેન્ડ, એનઈનસેકટીરિયમ, લેન્ડ ઓફ રોડેન્ટ, એકવાટીક કિંગડમ, ફોરેસ્ટ ઓફ ઈન્ડિયા, માર્સીશઓફ વેસ્ટ કોસ્ટ, ઈન્ડીયન ડેઝર્ટ અને એક્ઝોટિક લેન્ડના વિભાગો હશે. વન્ય પ્રાણીની વાત કરીએ તો આફ્રિકન સિંહ, ચિતા, વરુ, એશિયાટીક સિંહ, પીગ્મી હીપ્પો, ઉરાંગ ઉટાંગ, જળ બિલાડી, રિંછ, બેંગાલ ટાઈગર, ગોરીલા, ઝીબ્રા, જીરાફ, આફ્રિકન હાથી અને કોમોડો ડ્રેગન સહિતનો સમાવેશ થાય છે.

## જૂનાગઢમાં ખૂન કેસમાં પેરોલ પર છૂટેલા પતિએ પૂર્વ પત્નીના ઘર પર હુમલો કર્યો

જૂનાગઢ : જૂનાગઢમાં સુખનાથ ચોકમાં પીસોરી ફળિયામાં રહેતી સીમરબેન ઈકબાલભાઈ ખોખર ઉ.૨૨ ના ત્રણ વર્ષ પહેલા હમીદ હુસેન યુસુફ હંગોરા નામના શખ્સ સામે લગ્ન થયા હતા, બાદમાં પતિ એક ખૂન કેસમાં જેલમાં હતો, ત્યારથી સીમરબેન તેના માતા-પિતાના ઘરે રહેવા આવી ગયેલ અને પતિ સાથે છુટાછેડા કરી નાખ્યા હતા. ત્યારે ૬૬ માસ પહેલા પતિ જેલમાંથી પેરોલ પરથી છુટીને બહાર આવ્યો હતો. ત્યારે ગતરાતે તેઓ ઘરે હતા ત્યારે હમીદે સીમરના ઘરે આવીને બહાર આવવા બુમ પડતા તેણીએ ના પડતા ઉશ્કેરાઈને હમીદે લોખંડના પાઈપ વડે હુમલો કરીને માર મારીને મને તો સજા પડી ગયેલ છે, જેથી તને પણ જીવતી રહેવા દેવી નથી કહીને ધમકી દીધાની ફરિયાદ એ ડીવીઝન પોલીસમાં નોધાઈ છે.

## જૂનાગઢમાં બે સિંહોએ ૧૭ વર્ષીય સગીરાને ફાડી ખાધી

જૂનાગઢ : સામાન્ય રીતે સિંહ મનુષ્યનો શિકાર કરતા નથી. પરંતુ ગઈ કાલે રાત્રે બે સિંહોએ જૂનાગઢના વંથલી તાલુકાના ધણફુલિયા અને સોનેરડી ગામની વચ્ચે આવેલા વિસ્તારમાં એક ૧૭ વર્ષની કિશોરીને ફાડી ખાધી છે. આ ઘટનાથી ખુદ વન વિભાગ પણ ચોંકી ઉઠ્યું છે. યુવતીનો મૃતદેહ પી.એમ. માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ગોધરાના મોરવા-હડફનો પરપ્રાંતીય પરિવાર અહીં હરસુખભાઈ નામના ખેડૂતની વાડીએ કામ કરતો હતો. બંને કિશોરીએ રાત્રે કુદરતી હાજતે ગઈ હતી. આ દરમિયાન બે સિંહોએ તેમના ઉપર હુમલો કર્યો હતો. જોકે એક યુવતી વાડીમાં એવેલી પાણીની કુંડીમાં પડી જતા તે બચી ગઈ હતી. જૂનાગઢમાં સિંહે મનુષ્યનું મારણ કર્યુ હોય તેવો રેરેસ્ટ ઓફ રેર બનાવ છે. બનાવ બાદ વિસ્તરણ રેન્જ ગીર-સોમનાથ એ.સી.પી. ઉષ્મા નાણાવટી ઘટનાસ્થળે દોડી ગયા હતા. જે બાદમાં સિંહોના પકડવા માટે પાંજરા ગોઠવી દેવાયા છે.

# નં. ૪ રોહિણી નક્ષત્રની સંપૂર્ણ માહિતી

રોહિણી નક્ષત્રનો સમાવેશ વૃષભ રાશિમાં થાય છે. જેના ૪ ચરણ હોય છે. પહેલું ચરણ-મંગળગ્રહ, બીજું ચરણ શુક્ર ગ્રહ, ત્રિજુ ચરણ - બુધ ગ્રહ, ચોથું ચરણ - ચંદ્ર ગ્રહને જોવાતો હોય છે. જ્યારે તેનો નક્ષત્ર પતિ ગ્રહ ચંદ્ર છે. વિશોત્તરી મહાદશા મુજબ ચંદ્ર ગ્રહની મહાદશા-૧૦ વર્ષની હોય છે.

રોહિણી નક્ષત્રનું પૃથ્વિ તત્વ છે. રોહિણી નક્ષત્રનું વૃક્ષ જાંબુ છે. રોહિણી નક્ષત્રના દેવતા બ્રહ્મા/પ્રજાપતિ છે. રોહિણી નક્ષત્રનું વાહન સર્પ છે. રોહિણી નક્ષત્રની દિશા પૂર્વ છે. રોહિણી નક્ષત્રનો ખૂણો પૂર્વ અગ્નિ છે. રોહિણી નક્ષત્રની જાતિ પુરૂષ છે. રોહિણી નક્ષત્રનો રંગ સફેદ છે. રોહિણી નક્ષત્ર માનવ શરીરમાં કપાળ અને એડી- બંનેવ પગની ઉપર અસરકર્તા છે. રોહિણી નક્ષત્ર માનવ શરીરમાં કર્ક પ્રકૃતિ ઊત્પન્ન કરે છે. રોહિણી નક્ષત્ર જ્ઞાતિમાં શુદ્ર (જાતિ) છે. રોહિણી નક્ષત્ર ઊદ્‌ર્વમુખ (આકાશ તરફ) જુવે છે. રોહિણી નક્ષત્ર પક્ષી બગલો છે. રોહિણી નક્ષત્ર રાજ શિક છે. (પ્રકૃતિ) રોહિણી નક્ષત્ર આંધળા સમુદ્રમાં આવે છે. રોહિણી નક્ષત્ર સ્થિર નક્ષત્રમાં આવે છે. જેમાં કાર્ય કરવાથી સિધ્ધિ થાય છે. રોહિણી નક્ષત્ર અર્થ પ્રદાન છે. રોહિણી નક્ષત્રના તારાની સંખ્યા ૫ (પાંચ) છે. રોહિણપ નક્ષત્રની આકૃતિ સકટ એટલે કે બળદ ગાડાનો પાછલો ભાગ.

રોહિણી નક્ષત્રના જાતકનું વ્યક્તિત્વ અને દેખાવ :- આ નક્ષત્રમાં જન્મનાર સાચુ બોલા, ન્યાયપ્રિય, સંવાદ કરવામાં કુશળ, મનોનિગ્રહ, ખુબ ઊદાર વૃત્તિ ધરાવનાર જતુ કરવાની આદતવાળો જાતકની આંખો મોટી અને પહોળી હોય છે.

રોહિણી નક્ષત્ર રોગ અને ઉપાય :- આ નક્ષત્રમાં જન્મ લેનાર વ્યક્તિને જ્યારે તાવ્‌વે ત્યારે અસહ્ય પિડા સમગ્ર શરીરમાં ભોગવે છે. માથા કે બગલના ભાગોએ વારંવાર દુખાવો થાય કામમાં બીન જવાબદાર કામ એક ધગશથી પૂર્ણ ના કરે કામમાં ચિત્ત ચોટે નહી ડીપ્રેશનમાં રહે.

ઉપાયઃ ઓષધિ "અંજેરો"ના મુળને જમણા હાથમાં બાધવાથી માનસિક શાંતિ મળે છે.

રોગ અને રત્ન :- (૧) તાવ આવતો હોય "મોતી" અનામિકા (ત્રીજી) રીંગફીંગર સોનામાં પુનમ કે ચંદ્રોદય થયા પછી ધારણ કરવું અથવા કનિષ્ઠીકા (ટચલી) આંગળીએ ચાંદીમાં પહેરવું.

(૨) માથા કે બગલના ભાગમાં પિડા થતી હોય ફીરોજા નંગ અનામિકા ચાંદિમાં પહેરવું અથવા તર્જની આંગળીએ સોનામાં પહેરવું જેનાથી શાંતિ મળે છે.

ક્યાં ક્યાં કાર્યો રોહિણી નક્ષત્રમાં કરી શકાય : ચોલક્રિયા (વાળ ઊતરાવવા) સીમંત, સર્વ શાંતિ કરાવવી, બાળકને દેવ દર્શને લઈ જવું, પ્રથમ વખત બાળકને ઘરની બહાર લઈ જવું. વિવાહ લગ્ન કરવા વાસ્તુ કે ગ્રહ પ્રવેશ માટે, દિક્ષા કે ગુરૂમંત્ર માટે, દસ્તાવેજ ઉપર લખાણ કે સહીઓ કરવી. દુકાનનું મુર્હૂત કરવું. નોકરીએ હાજર થવું, થેરમાં રોપણી કરવી કે બીજ વાવવા વિગેરે કાર્યો રોહિણી નક્ષત્રમાં કરી શકાય છે.

રોહિણી નક્ષત્રમાં સમાવેશ ૪ ચરણોનું ફળ

ચરણ પહેલું :- ધનવાન પૈસાદાર (ધનિ) જાતક હોય જીવનમાં પૈસો સારો મળે અને બેન્ક બેલેન્સ સારૂ હોય. ચરણ બીજું :- ખરાબ વૃત્તિ વાળો, વ્યસની હોય. ચરણ ત્રીજું :- બીકણ, ડરપોર હોય. ચોથું ચરણ :- વિશ્વાસુ જાતક ઉપર ભરોષા રાખી શકાય.

રોહિણી નક્ષત્રનું ફળ :- આ નક્ષત્રમાં કરેલા કામોને સફળતા મળવાથી જાતક આનંદી રહે છે તથા અન્ય લોકો તમારા કાર્યના વખાણ કરે જાતકને સન્માન આપે સમાજ અને લોકોમાં પ્રચિલ બને વપુલ પ્રમાણમાં લક્ષ્મીની પ્રાપ્તિ થાય જાતકની દુકાન- સ્ટોર, કારખાનું, ફેક્ટરી આ નક્ષત્રથી ચાલુ કરેલ હોય તો ખુબ પ્રગતિ કરે. સારૂ ધન પેદા કરે છે. હોસ્પિટલ- દવાખાનું. કે દવાનો સ્ટોર કરેલ હોય તો ખુબ ચાલે છે.

નક્ષત્રની ચીજ વસ્તુઓ :- દરેક પ્રકારના ખાવા લાયક ધાન્ય અનાજ- તમામ પ્રકારના રસકસવાળા ફળ-ફળાદી, પીણા, સમગ્ર ધાતુ જેમાં ચાંદીનો વ્યવસાય અને વસ્તુઓ ખા, ગરમ ઉનીકપડા વિગેરે ઉપર આ નક્ષત્રની અસરો હોય છે.

રોહિણી નક્ષત્રની અન્ય વિગતો :-

આ નક્ષત્રના અક્ષરો (૧) ઓ (૨) વા (૩) વી (૪) વૃ છેનો વર્ગ પ્રથમ ચરણનો ગરૂડ, બીજા, ત્રિજા, ચોથા ચરણને ------ છે.

યોનિ સર્પ છે, ગણ- મનુષ્ય, પુંજા- પૂર્વ છે. નાડા-અંત્ય ગણવામાં આવે છે, વર્ણ-વેશ્ય, કંસક, ભૂમિ, વશ્ય-ચતુષ્પાદ (વૃષભ રાશિ પરત્વે) ચંદ્ર દર ૨૭ દિવસ આ નક્ષત્રમાં આવે છે અને લગભગ ૨૪ કલાક જેટલો સમય રહે છે. કારતક માસના પાછલા ૧૫ દિવસની બીજ તિથિમાં ચંદ્ર પ્રવેશ અને ભ્રમણ કરે છે.

વિશોતરી મહાદશા ૧૦ વર્ષની ભુક્તા હોય છે.

| રાશિ- | નક્ષત્ર | ચરણ | ગ્રહ | અંશ-કળા | થી | અંશ-કળા સુધી |
|---|---|---|---|---|---|---|
| વૃષભ | રોહિણી | ૧ | મંગળ | ૦૦-૦૦ | થી | ૧૩-૨૦ " |
| વૃષભ | રોહિણી | ૨ | શુક્ર | ૧૩-૨૦ | થી | ૧૬-૪૦ " |
| વૃષભ | રોહિણી | ૩ | બુધ | ૧૬.૪૦ | થી | ૨૦-૦૦ " |
| વૃષભ | રોહિણી | ૪ | ચંદ્ર | ૨૦-૦૦ | થી | ૨૩-૦૦ " |

| વર્ષ | માસ | ચરણ | કુલમાસ | દિવસો |
|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | ૩૦ | ૯૦૦ |
| ૫ | ૦ | ૨ | ૩૦ | ૯૦૦ |
| ૭ | ૬ | ૩ | ૩૦ | ૯૦૦ |
| ૧૦ | ૦ | ૪ | ૩૦ | ૯૦૦ |
| | | કુલ | ૧૨૦ | કુલ ૩.૬૦૦ |

કુલ દિવસો ૩૬૦૦ ચંદ્રની મહાદશા ભુક્તા હોય છે. સૂર્ય દર વર્ષે ૨૪મી મેના દિવસે રોહિણી નક્ષત્રમાં આવે છે. વર્ષાઋતુમાં રોહિણી નક્ષત્ર આવે ત્યારે વધુ વરસાદ પડે છે. રોહિણી રેલાય છે. લકી રોજગાર :- ટ્રાન્સપોર્ટ (વાહન વ્યવહાર)ને લગતી બાબતો અને સૈન્ય તંત્ર અને વ્યવસ્થા છે. વર અને કન્યાના ગુણ મિલાપ જોતા બન્નેવનું રોહિણી નક્ષત્ર હોય તો - ૨૮ ગુણાંક આવે છે.



વૃષભ રાશિના રોહિણી નક્ષત્રમાં જન્મ લેનાર લોકાને જાણકારી માટે લોક ઉપયોગી માહિતી આપવામાં આવેલ છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન જ્યોતિષી**

૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧

જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# ગુજરાતમાં હાઈ ડાયાબિટિસ-હાઈ બીપીના દર્દીઓમાં વધારો, ૩૭ ટકા લોકોને સમસ્યા

અમદાવાદ: અદ્યતન જીવનશૈલીને કારણે ગુજરાતમાં ડાયાબિટિસ અને બ્લડપ્રેશરની સમસ્યા ધરાવનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં હાઈ ડાયાબિટિસ અને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા ધરાવનારાઓનું કુલ પ્રમાણ અંદાજે ૩૬.૮૦% છે. હાઈ ડાયાબિટિસ અને હાઈ બ્લડ પ્રેશરના સૌથી વધુ દર્દીઓ ધરાવતા રાજ્યોમાં ગુજરાત ત્રીજા સ્થાને છે.



તાજેતરમાં જારી કરવામાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પ્રમાણે ગુજરાતના શહેરી વિસ્તારમાંથી ૮.૪%, ગ્રામ્યમાંથી ૭.૯% એમ ૮.૧% મહિલાઓ ૧૪૧-૧૬૦ વચ્ચે એટલે કે હાઈ ડાયાબિટિસની સમસ્યા ધરાવે છે.

શહેરમાંથી ૭.૬%, ગ્રામ્યમાંથી ૬.૧% એમ ૬.૭% મહિલાઓને ખૂબ જ વધુ ડાયાબિટિસ છે. બીજી તરફ શહેરોમાંથી ૧૭.૬%, ગ્રામ્યમાં ૧૪.૬% એમ ૧૫.૮૦% મહિલાઓમાં ડાયાબિટિસનું પ્રમાણ એટલું વધુ છે કે બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવા તેમને દવાની જરૂર પડે છે. બીજી તરફ શહેરોમાં ૯.૫% હાઈ-૭.૩% વેરી હાઈ જ્યારે ગ્રામ્યમાંથી ૮.૫% પુરુષો હાઈ-૬.૯% વેરી હાઈ ડાયાબિટિસની સમસ્યા ધરાવે છે. શહેરોમાંથી ૧૭.૮% -ગ્રામ્યમાંથી ૧૬.૨% એમ સરેરાશ ૧૬.૯% પુરુષોને હાઈ ડાયાબિટિસની સમસ્યા છે.

હાયપર ટેન્શન ધરાવનારાઓના પ્રમાણમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

## ગુજરાતમાં શહેરી ગરીબો દવાખાના શરૂ કરાશે

અમદાવાદ: શહેરી વિસ્તારોમાં ગીચ જગ્યાએ વસતા ગરીબોને ઘરઆંગણે જ આરોગ્ય સારવાર પૂરી પાડવા રાજ્ય સરકારે મહાનગરો તથા એક લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોમાં દીન દયાલ ક્લિનિક કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદના વાડજ વિસ્તારના રામદેવનગર ટેકરા ખાતે આ ક્લિનિક શરૂ કરવા માટે સ્થળ મુલાકાત કર્યા બાદ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના મહાનગરો અને નગરોમાં આવા દીન દયાલ ક્લિનિક શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે એ માટે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને સ્થળ પસંદગી માટે પણ સૂચનાઓ આપી દેવાઈ છે. ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં અગ્રીમતાના ધોરણે દીન દયાલ ક્લિનિક શરૂ કરાશે.

## અમદાવાદમાં કોરોના વેક્સિનના બીજા ડોઝની તૈયારીઓ શરૂ કરાઈ

અમદાવાદ: સોલા સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે, અત્યાર સુધીમાં ૫૦૦ જેટલા લોકોને ટ્રાયલ વેક્સિન આપવામાં આવી છે, હવે વેક્સિન ટ્રાયલનો બીજો ડોઝ આપવાની કામગીરી આગામી ૨૫મી ડિસેમ્બરથી શરૂ થશે. અત્યાર સુધીમાં ૫૦૦ જેટલા લોકોને કોરોનાની ટ્રાયલ રસી આપવામાં આવી છે, જે પૈકી કોઈમાં આડ અસર થઈ નથી.

ગત ૨૬મી નવેમ્બરથી ટ્રાયલ રસી આપવાની કામગીરી શરૂ કરાઈ હતી. તબીબોએ કહ્યું કે, જે લોકોને વેક્સિનનો પહેલો ડોઝ આપ્યાને એક મહિનો થયો હોય તેમને બીજો ડોઝ આપવામાં આવશે. રોજ લગભગ ૩૦થી ૩૫ જેટલા લોકોને વેક્સિનનો ડોઝ આપવામાં આવશે. વેક્સિનનો ડોઝ લેનારામાં મહિલાઓ અને પુરુષો બંને સમાન છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે વેક્સિનનો બીજો ડોઝ આવી ચૂક્યો છે. આ સ્થિતિમાં હવે ૨૫મી ડિસેમ્બરથી બીજો ડોઝ આપવાની કામગીરી કરાશે.

વિદેશમાં વધુ ઝડપથી ફેલાતા કોરોના વાયરસના નવા સ્વરૂપે હાહાકાર મચાવ્યો છે ત્યારે અમદાવાદ મેડિકલ એસો.ના પૂર્વ પ્રમુખ ડો.મોનાબહેન દેસાઈએ સોમવારે જણાવ્યું હતું કે, દેશમાં આ વાયરસ ફેલાય નહિ તે માટે તમામ ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ કરવી જોઈએ. સરકારે કડક પગલાં ભરવા જોઈએ. છેલ્લાં લાંબા સમયથી સતત કામ કરી રહેલા કોરોના વોરિયર્સ હવે થાક્યા છે.

## ધોલેરામાં સ્પેશિયલ એજ્યુકેશન રીજિયન સ્થાપવા સમજૂતી કરાર

અમદાવાદ: ધોલેરામાં સ્પેશિયલ એજ્યુકેશન રિજ્યનની સ્થાપના કરવા માટે ગુજરાત સરકારે આજે સેરેસ્ટ્રા ગ્રુપ સાથે સમજૂતી કરારો કર્યો છે. બુધવારે કરેલા કરાર અંગે જાહેરાત કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતુ કે ગુજરાતને જ્ઞાન પ્રેરિત અર્થતંત્ર તરીકે પ્રસ્થાપિત કરવા માટે આ સ્પેશિયલ એજ્યુકેશન રિજય મહત્વનો બની રહેશે. ધોલેરામાં સ્પેશિયલ ઈન્વૅસ્ટમેન્ટ રિજન વિકસાવવાનું ગુજરાત સરકારનું આયોજન છે. મુંબઈ દિલ્હી ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર તરીકે આ વિસ્તારને વિકસાવવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકારે આજે સેરેસ્ટ્રા મેનેજર્સ પ્રા.લિ. સાથે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યનમાં વિશ્વસ્તરીય સ્પેશિયલ એજ્યુકેશન રિજ્યનની સ્તાપના કરવાની દિશામાં સમજૂતી કરાર સાથે જ પહેલ કરી છે. આ સમજબતી કરાર પર સરેસ્ટ્રાના મેનેજિંગ પાર્ટનર જસમિત છાબરા અને મુખ્યમંત્રીના અધિક મુક્ય સચિવ એમ.કે. દાસે સહી સિક્કા કર્યા હતા. વિજય રૂપાણી કહર્હુય હતું કે સ્પેશિયલ એજ્યુકેશન રિજ્યન આ વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપશે. સેરેસ્ટ્રા વેન્ચર શિક્ષણના ક્ષેત્રનું સૌથી મોટું શૈક્ષણિક ફંડ છે.

## અમદાવાદથી ગાંધીનગર પહોંચતા મેટ્રોને હજુ ત્રણ વર્ષ લાગશે

અમદાવાદ: ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રોરેલનો પ્રોજેક્ટ એટલો બધો વિલંબિત થઈ ચૂક્યો છે. અમદાવાદની મેટ્રોરેલના ૩૨ કિલોમીટરનું કામ બે વર્ષમાં પૂર્ણ થશે અને ૨૦૨૨માં અમદાવાદના મુસાફરો મેટ્રોમાં સફર કરતા હશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. જ્યારે ૨૦૦૭માં વિચાર કર્યો ત્યારે પ્રોજેક્ટ કોસ્ટ ૮૦૦૦ કરોડ થવાની હતી. ૨૦૧૪માં મેટ્રોરેલના પ્રોજેક્ટની કોસ્ટ ૧૦૭૭૩ કરોડ નિર્ધારિત કરવામાં આવી હતી પરંતુ હવે વિલંબ થતાં પ્રોજેક્ટની કોસ્ટ વધીને ૧૨૭૮૭ કરોડ થઈ ચૂકી છે.

## આતરસુંબા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત, ત્રણ યુવકોના મોત

વિજયનગરના આંતરસુંબા પાસે બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, ત્રણ બાઈક સવારના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માતમાં મૃતક ત્રણ પૈકી બે ભાભુડીના યુવાન હતા. અને અન્ય બે વિજયનગર તાલુકાના હતા. બે યુવાનોના ઘટના સ્થળે મોત થયા હતા અને અન્ય બે યુવકોને ગંભીર ઈજા થતા વધુ સારવાર માટે હિંમતનગર ખસેડેયા હતા પરંતુ રસ્તામાંજ એક યુવકનું મોત નિપજ્યું હતું. એક ગંભીર ઈજાગ્રસ્ત યુવકને હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો છે.

## કેનેડા મોકલવાના નામે માણસાના યુવાન સાથે ૬ લાખની છેતરપિંડી

ગાંધીનગર: માણસા તાલુકાના અર્જુનપુરા ગામે રહેતા યુવાન વિરલ રમણલાલ પટેલને કેનેડામાં રહેતા તેના એક મિત્રએ કેનેડા આવવા માટે ઈન્ફોસીટીમાં આવેલી આરકે ઈન્ટરનેશનલ સર્વિસનો સંપર્ક કરવા કહયું હતું. જેના પગલે આ યુવાન ઓફીસમાં ગયો હતો જયાં સ્વપનીલભાઈ રામી અને નિસર્ગભાઈ રામીનો સંપર્ક થયો હતો. આ બન્ને વ્યક્તિઓએ કેનેડાની એક કંપનીમાં વર્ક પરમીટ કરાવી અને ત્રણ વર્ષ પછી પીઆર અપાવી દેવાની ખાતરી આપી હતી. ત્યારબાદ યુવાનને એક લાખ રૂપિયાના ડોલર ખરીદવા પણ કહેવામાં આવ્યું હતું. ગત તા.૧૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ સ્વપનીલ રામી યુવકને અમદાવાદ એરપોર્ટથી અરમેનીયા લઈ ગયો હતો. જયાં તેની સાથે અન્ય લોકો પણ કેનેડા જવા માટે આવ્યા હતા. ત્રણ-ચાર દિવસ અહીં રાખ્યા બાદ કેનેડાના વીઝા આવી ગયા હોવાનું કહેતા યુવાનના પરિવારજનોએ ગાંધીનગરમાં ૨૯ લાખ રૂપિયા ચુકવી દીધા હતા. ત્યારબાદ વીઝા કેન્સલ થયા હોવાનું કહીને અરમેનીયાથી દીલ્હી અને અમદાવાદ વીરલને લાવી દીધો હતો. જે બાદ એજન્સીએ છ લાખ રૂપિયા પરત નહીં કરતા ફરિયાદ થઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બેટ દ્વારકામાં પત્નીની હત્યા કરી લાશ ઘરમાં જ ખાડો ખોદીને દાટી દેવાઈ

હાલારના છેવાડે આવેલા ઓખા નજીકના શંખોદ્ધાર બેટ તરીકે વિશ્વવિખ્યાત એવા બેટ-દ્વારકા ટાપુ પર પતિએ પોતાના પત્નીને જ મોતને ઘાટ ઉતારી મૃતદેહને ઘરમાં જ દાટી દીધાની ઘટના સામે આવી છે. જોકે, પત્નીની હત્યા કરનાર હત્યારો પતિ ફરાર થઈ જતા મોડી રાત્રે એલસીબી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને હત્યારા પતિને શોધવા કવાયત હાથ ધરી છે. યાત્રાધામ દ્વારકા જે જિલ્લામાં આવેલું છે. તે દેવભૂમિ દ્વારકા જિલ્લાના છેવાડે આવેલ ઓખા નજીકના બેટ ટાપુ પર બેટ-દ્વારકાની વારીવાળી ગલીમાં રહેતા સાલેમામદ સિદીક ચમડિયા નામના વ્યક્તિએ પોતાની પત્ની હવાબેનને મોતને ઘાટ ઉતારી તેમના ઘરમાં જ મૃતદેહ દાટી દેવાની ઘટના બનવા પામી છે. પત્નીને મોતને ઘાટ ઉતાર્યા બાદ પતિ ભાગી છુટ્યો છે. આખા ગામમાં અરેરાટી વ્યાપી જેથી આ ઘટનાને પગલે નાના એવા બેટમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

### સેફ્ટી મુદ્દે કોર્ટના આકરા વલણ બાદ AMC લાલઘૂમ, ૧૨૮ હોસ્પિટલની યાદી જાહેર કરી

રાજ્યભરમાં હોસ્પિટલોમાં બનતા આગના બનાવો બાદ કોર્ટ હવે આકરી થઈને ફાયર NOC લેવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદમાં ૧૨૮ હોસ્પિટલ પાસે ફાયર સેફ્ટી ન હોવાનો ખુલાસો કર્યો છે. ત્યારબાદ અમદાવાદ કોર્પોરેશન અને ફાયર વિભાગે કોર્ટના આકરા વલણ બાદ લાલઆંખ કરી છે. ૧૫ દિવસમાં ફાયર NOC લેવા અલ્ટિમેટમ આપ્યું છે. જે તે હોસ્પિટલે NOC નહીં લીધી હોય તે હોસ્પિટલમાં કોરોનાની સારવાર નહીં થાય તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે હોસ્પિટલોમાં ફાયર NOCને લઈ કડક આદેશ કર્યા છે. રાજ્યભરની તમામ કોવિડ હોસ્પિટલોને ચાર અઠવાડિયામાં ફાયર NOC લઈ લેવા આદેશ કર્યા છે. આ તમામ વાતો વચ્ચે અમદાવાદ શહેરની સરકારી સોલા સિવિલ હોસ્પિટલ સહિત ૧૨૮ હોસ્પિટલો પાસે ફાયર NOC ન હોવાનો ઘટસ્ફોટ ખુદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કર્યો છે.

### ભાવનગરમાં એક જ દિવસમાં બેની હત્યા

ભાવનગરમાં રવિવારના દિવસે એક જ પોલીસ મથકના બે અલગ-અલગ વિસ્તારમાં હત્યાના બનાવો બનવા પામ્યા હતા. કુંભારવાડા અને હાદાનગર એમ બે સ્થળોએ યુવાનોની હત્યાના બનાવો બનતા શહેરમાં લોકોમાં ગભરાટ જોવા મળ્યો અને પોલીસ માટે આ ઘટનાઓ પડકારરૂપ બની રહેવા પામી છે. પ્રથમ બનાવમાં ભાવનગરના કુંભારવાડા અક્ષરપાર્ક સોસાયટીના યુવાન પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરાયો હતો, જેમાં સારવાર દરમયાન યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક રણછોડભાઈ ધરજીયાની ઉપર તેના જ પાડોશમાં રહેતા શખ્સોએ હુમલો કર્યો હતો અને આ હુમલો જીવલેણ બનતા તેનું મોત નીપજ્યું હતું. બીજો બનાવમાં શહેરના હાદાનગર વિસ્તારમાં જુના રૂપિયાની ઉઘરાણીને લઈ ફરિયાદી અને બે આરોપીઓ વચ્ચે બોલાચાલી થતા આરોપીઓ શક્તિ અને લાલો યુવક ઉપર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી નાસી છૂટ્યા હતા અને જેના ઉપર હુમલો થયો તે જયદીપ લોહી લુહાણ હાલતે ઘટના સ્થળે જ પડ્યો હતો. જે બાદ જયદીપનું મોત નીપજ્યું હતું.

### અમદાવાદમાં હતાશ મેથ્સ એક્સપર્ટ ટીચરનો ૧૪મા માળેથી પડતું મૂકી આપઘાત

વાસણામાં ધરણીધર દેરાસર પાછળ આવેલા વૃદાવન સોસાયટીમાં રહેતા પાર્થ જ્યાંતીભાઈ ટાંકે(૪૦) ૨૧ ડિસેમ્બરના રોજ સવારે અંદાજે સાડા નવ વાગ્યે આપઘાત કર્યો હતો. પાર્થ નિયમિત રીતે વિશાલા પિરાણા રોડ પરના કોમ્પ્લેક્સમાં આવેલા જીમમાં કસરત કરવા માટે જતો હતો. આજે સવારે પણ તે ઘરેથી જીમમાં જવાનું કહીને નીકળ્યો હતો. બાદમાં તેણે બિલ્ડીંગના ૧૪મા માળેથી પડતુ મુકીને જીંદગીનો અંત આણ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા વાસણા પોલીસ ઘટનાસ્થલે આવી પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી હતી. છેલ્લા ઘણા સમયથી પાર્થ માનસિક બિમારીથી પિડાતો હતો. ડિપ્રેશનને કારણે લાંબા સમયથી તેની દવા પણ ચાલી રહી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. જોકે તેની પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી ન હોવાથી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં તેણે ડિપ્રેશનને કારણે આ પગલું ભર્યું હોવાનું જણાય છે.

### બનાસકાંઠાની ધરા ધ્રૂજી, પાલનપુરથી ૩૯ કિ.મી. ઉત્તરમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છની ધરા વારંવાર ધ્રૂજતી રહે છે. ત્યારે હવે બનાસકાંઠાના પાલનપુરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ આંચકો મંગળવારે બપોરે અનુભવાયો હતા. બનાસકાંઠાના પાલનપુરથી ૩૯ કિ.મી.ઉત્તરમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાનું માનવામાં આવી રહ્યું છે. પાલનપુરમાં ૨.૩ની તિવ્રતાનો આંચકો અનુભવાયો છે. મંગળવારે બપોર બાદ આવેલા આ ભૂકંપનો સમય એવો હતો કે લોકો ઘરમાં જાગતા હતા, તેથી લોક તરત ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. બનાસકાંઠાના અનેક જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારે લોકોએ જીવ બચાવવા ઘરની બહાર દોટ લગાવી હતી. ગુજરાતના ભૂકંપના પાંચ ઝોન છે, જે પૈકી બનાસકાંઠા જિલ્લો ભૂકંપના ઝોન-૩માં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં અવાર-નવાર હળવા આંચકા નોંધાતાં હોય છે.

# ૩ કૃષિ કાયદાની નાબૂદીથી ઓછું કશું ખપતું નથી : ખેડૂતો

## ૪૦ ખેડૂત સંગઠનોએ સરકારના પ્રસ્તાવને ફરી ફગાવ્યો, આંદોલનને તોડવાના પ્રયાસ સામે નારાજગી

નવી દિલ્હી : છેલ્લા ૨૮ દિવસથી દિલ્હીની સરહદો પર કેન્દ્રના ૩ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કરી રહેલા ૪૦ ખેડૂત સંગઠનોની બુધવારે મળેલી સંયુક્ત બેઠકમાં સરકાર દ્વારા મોકલાવાયેલા પ્રસ્તાવને ફગાવી દેવાયો હતો. બેઠક બાદ આયોજિત પત્રકાર પરિષદમાં સ્વરાજ ઈન્ડિયાના નેતા યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, અમે ૩ કૃષિ કાયદામાં કોઈપણ પ્રકારના સુધારાની વાત કરી રહ્યાં નથી પરંતુ ત્રણેય કાયદાને રદ કરવાની માગ કરી રહ્યાં છીએ. લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) પર સરકારે અમને જે પ્રસ્તાવ મોકલ્યો છે તેમાં કશું સ્પષ્ટ નથી. સરકાર લેખિતમાં નક્કર પ્રસ્તાવ મોકલે અને મોકળા મને મંત્રણા માટે ખેડૂતોને આમંત્રણ આપે. યાદવે આરોપ મૂક્યો હતો કે, સરકાર અમારા આંદોલન સાથે સંકળાયેલા ન હોય તેવા કહેવાતા ખેડૂત સંગઠનો સાથે વાતચીત કરી રહી છે જે અમારા આંદોલનને તોડવાનો એક પ્રયાસ છે.

બીજીતરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મી ડિસેમ્બરે અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસે ઉત્તરપ્રદેશના ખેડૂતોને સંબોધન કરશે. યુપીમાં ૨૫૦૦ ખેડૂત ચૌપાલનું આયોજન કરાશે અને પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિગ દ્વારા તેમની સાથે સંવાદ કરશે. કેન્દ્ર સરકાર પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત ૨૫મી ડિસેમ્બરના રોજ દેશના ૯ કરોડ ખેડૂતોના ખાતામાં રૂપિયા ૧૮,૦૦૦ કરોડ જમા કરાવશે. શુક્રવારે બપોરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ રકમ જારી કરશે. પીએમ મોદી ૬ રાજ્યોમાંથી આવેલા ખેડૂતો સાથે સંવાદ કરશે.



### યુપીના હજારો ખેડૂતોની દિલ્હી તરફ કૂચ, નોઇડા એક્સ્પ્રેસ વે પર ચક્કાજામ

નવી દિલ્હી : કૃષિ કાયદાઓ મુદ્દે ખેડૂતોમાં ભાગલા જોવા મળી રહ્યાં છે. કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા કૃષિ કાયદાઓના સમર્થનમાં ઉત્તરપ્રદેશના ગૌતમબુદ્ધ નગર ખાતેથી હજારો ખેડૂતોએ ટ્રેક્ટર ટ્રોલી સાથે દિલ્હી તરફ પ્રયાણ શરૂ કર્યું હતું જેના પગલે નોઇડા એક્સપ્રેસ વે પર લાંબો ચક્કાજામ સર્જાયો હતો. દિલ્હી તરફ આગળ વધી રહેલા ખેડૂતોને નોઇડા પોલીસે અટકાવ્યા હતા. દિલ્હીમાં મંગળવારે કેટલાંક ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓએ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સાથે મુલાકાત કરી હતી. તોમરે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના વિવિધ ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ મને મળવા આવ્યા હતા. તેમણે મને જણાવ્યું હતું કે, કૃષિ કાયદાઓ સારા અને ખેડૂતોના હિતમાં છે. બીજીતરફ કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવેલા મંત્રણાના પ્રસ્તાવ પર આંદોલન કરી રહેલા ખેડૂત સંગઠનો નિર્ણય કરવામાં સફળ રહ્યાં નહોતાં.

### બિલના વિરોધમાં વધુ એક ખેડૂતનું મોત, એકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો

દિલ્હીમાં ચાલી રહેલું ખેડૂતોનું આંદોલન વધુ ઉગ્ર બની રહ્યું છે. નાસિકથી દિલ્હી જવા માટે ત્રણ હજાર ખેડૂતોનો વિશાળ કાફલો રવાના થઇ ગયો છે, બીજી તરફ દિલ્હીમાં ધરણા પર બેઠેલા ખેડૂતોએ ૨૪ કલાકના રીલે ઉપવાસ રાખ્યા છે. કૃષિ કાયદાઓ પરત ખેંચવાની માગ સાથે સિંધુ બોર્ડરે એક ખેડૂતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો જ્યારે ઉત્તર પ્રદેશમાં એક ખેડૂતનું મોત નિપજ્યું હતું. તરણ તારણ વિસ્તારના રહેવાસી નિરજસિંહે આત્મહત્યાનો પ્રયાસ કરતા તેમને રોહતકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણામાં મોટી સંખ્યામાં ખેડૂતોએ બીજી વખત એક દિવસના ઉપવાસ કર્યા હતા.

### ખેડૂતોની અટકાયત કરતા તેમણે હુમલો કર્યો, SP અને SSP ઘાયલ

નવા કૃષિ કાયદાઓને લઇને ખેડૂતોનું પ્રદર્શન ઉગ્ર થતુ જઇ રહ્યું છે. ઉત્તર પ્રદેશના પીલીભીત જિલ્લાથી ખેડૂતો મંગળવારના દિલ્હી તરફ જઇ રહ્યા હતા. આ દરમિયાન ખેડૂતોથી રામપુર એસપી અને મુરાદાબાદના એસએસપીનો ભેટો થયો. કોસી નદીની નજીક ઝીરો પોઇન્ટ પર ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ ત્યાં રહેલી પોલીસ ફોર્સે ઘણી જ મહેનત બાદ સ્થિતિ પર નિયંત્રણ કર્યું. રામપુર એસપીના પીઆરઓએ પુષ્ટિ કરી છે.

### અનેક ખેડૂતો કૃષિ કાયદાના સમર્થનમાં

બીજી તરફ ભારતીય ખેડૂત સંઘના નેતાઓ અને કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર કૃષિ ભવન ખાતે મળ્યા હતા. નરેન્દ્રસિંહ તોમારે કહ્યું, “યુપીના કેટલાક ખેડૂત નેતાઓ કૃષિ કાયદાને ટેકો આપવા માટે આજે મને મળ્યા હતા. તેમનું કહેવું છે કે ત્રણેય કાયદામાં કોઈ સુધારો ન કરવો જોઇએ.” નરેન્દ્રસિંહ તોમારે કહ્યું, “મને આશા છે કે તેમની ચર્ચાઓ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે.

### આંતરરાષ્ટ્રીય સ્તરે મોદી સરકારને મુંઝવવા ખેડૂતોની કવાયત

કૃષિ કાયદા રદ કરાવવા છેલ્લા લગભગ એક માસથી આંદોલન કરી રહેલા ખેડૂતો હવે મોદી સરકારને આંતરરાષ્ટ્રીય લેવલે મૂંઝવવાની યોજના ઘડી રહ્યા હોવાની જાણકારી મળી હતી. ખેડૂતો બ્રિટિશ સાંસદોને પત્ર લખીને પોતાની મુશ્કેલી વર્ણવશે અને બ્રિટિશ વડા પ્રધાનને ભારતના પ્રજાસત્તાક દિની ઊજવણીમાં ન આવે એવી વિનંતી કરવાનું કહેશે. સાથોસાથ ખેડૂત આંદોલનો વિદેશમાં વસતા ભારતીય નાગરિકોને વિનંતી કરશે કે જે તે દેશમાં ભારતીય રાજદૂતાવાસની સામે તમે આંદોલન કરો અને અમારી મુશ્કેલી વર્ણવીને કહેજો કે ભારત સરકાર કૃષિ કાયદા અંગે લોકોને ગૂમરાહ કરી રહી હતી.

---

## ઉજ્જૈનમાં મહાકાલ મંદિરની નીચેથી વધુ એક પ્રાચીન મંદિર મળી આવ્યું

- પુરાત્વ વિભાગની ટીમે મળી આવેલા અવશેષો પરથી તે મંદિર ૧૦૦૦ વર્ષ જૂનું હોવાનો તર્ક રજૂ કર્યો

ઉજ્જૈન : વર્ષો જુના મહાકાલ મંદિરમાં ખોદકામ દરમિયાન એક પ્રાચીન મંદિરના અવશેષો મળી આવ્યા છે. ત્યારબાદ ખોદકામ બંધ કરી દેવાયું હતું. કેન્દ્રીય પર્યટનમંત્રી પ્રહલાદ પટેલની સૂચનાથી પુરાતત્ત્વ વિભાગની ટીમ આજે ખોદકામ સ્થળનું નિરીક્ષણ કરવા પહોંચી હતી.

ટીમના સભ્યએ મીડિયાને જણાવ્યું કે તેને જોતા એવું લાગે છે કે મંદિર લગભગ ૧૦૦૦ વર્ષ જૂનું છે. કેન્દ્રીય ટીમમાં ભોપાલના પુરાતત્ત્વીય સર્વે બોર્ડના અધિકારીઓ હતા. જેમાં ભોપાલના અધિક્ષક પુરાતત્ત્વવિદ ડૉ. પિયુષ ભટ્ટ અને ખજુરાહોના કે.કે. વર્મા શામેલ હતા. બંને અધિકારીઓએ ખોદકામ સ્થળની નજીકથી નિરીક્ષણ કર્યું છે. તે પછી વાસ્તવિક અહેવાલ તૈયાર કરવામાં આવશે. એક અધિકારીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તે કોતરણી જોતા દસમી અને અગિયારમી સદીના મંદિર જેવું લાગે છે. હવે વધુ ખોદકામ કાળજીપૂર્વક કરવું પડશે. આ પછી નવા ઈતિહાસ વિશે જાણ થશે.

## ભારતમાં ઘૂસવા પ્રયાસ કરતા ચીની સૈન્યને આઈટીબીપીના જવાનોએ તગેડી મૂક્યા

- ભારતની ભૂમિ પર ઢોર ચરાવતા પશુપાલકોને ચીની સૈનિકોએ રોક્યા હતા
- ચીની સૈનિકો બે વાહનોમાં સાદા ડ્રેસમાં બેઠા હતા

નવી દિલ્હી : લદાખમાં ઘૂસણખોરી માટે ચીન સતત પ્રયત્નશિલ છે. લેહથી સવાસો કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલા નીઓમા ગામ પાસે ચાંગથાંદ વિસ્તારમાં ચીની સૈનિકોએ થોડા દિવસ પહેલા ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ચીની સૈનિકો સાદા ડ્રેસમાં હતા અને બે વાહનમાં સજ્જ હતા. સતર્ક ઈન્ડો-



તિબેટ બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના જવાનો અને સ્થાનિક રહેવાસીઓએ તેમને ત્યાંથી પરત ધકાવ્યા હતા. સ્થાનિક પશુપાલકો આ વિસ્તારમાં ઘેટાં-બકરાં ચરાવતા હતા ત્યારે ચીની સૈનિકોએ એ ભૂમિ પોતાની હોય એવુ વર્તન કર્યું હતું. પશુપાલકોને એ વિસ્તારમાંથી જતા રહેવા ચીની સૈનિકોએ જણાવ્યુ હતુ. એ પછી પશુપાલકો અને ચીની સૈનિકો વચ્ચે સંઘર્ષ થયો હતો. અંતે આઈટીબીપીના જવાનો આવી પહોંચતા ચીને પરત ફરવુ પડયુ હતુ. આ અંગેનો વિડીયો રવિવારે ફરતો થયો હોવાનો અહેવાલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ નોંધ્યો હતો. ચીની સૈનિકો પોતાની સાથે પ્રચાર સામગ્રી પણ લઈને આવ્યા હતા. આ અંગે આઈટીબીપીના અધિકારીઓ કે સરકારી સત્તાધિશોએ મૌન સેવ્યુ હતુપણ વિડીયોમાં ઘૂસણખોરીની સ્થિતિ સ્પષ્ટ જોઈ શકાય છે.

## ૨૮ વર્ષ જૂના સિસ્ટર અભયા હત્યામાં ફાધર, નનને આજીવન કેદની સજા

તિરુવનંતપુરમ : કેરળની વિશેષ સીબીઆઈ કોર્ટે ૨૮ વર્ષ જૂના સિસ્ટર અભયા મર્ડર કેસમાં હત્યાના દોષી પાદરી અને આજીવન કેદની સજા સંભળાવી છે. મંગળવારે કોર્ટે આ કેસાં ફાધર થોમસ કોટ્ટૂર અને નન સિસ્ટર સેફીને સિસ્ટર અભયાની હત્યાના કેસમાં દોષી ઠેરવ્યા હતા. કેરળના કોટ્ટાયમના એક કોન્વેન્ટમાં વર્ષે ૧૯૯૨માં થયેલી આ ઘટનાનો ૨૮ વર્ષે ચુકાદો આવ્યો છે. સીબીઆઈ કોર્ટે કેથોલિક ફાધર થોમસ કોટ્ટૂર અને નન સિસ્સટ સેફીને આ હત્યા બદલ આજીવન કેદની સજા ફટકારી છે. કોટ્ટૂરને કલમ ૩૦૨ હેઠળ આજીવન કેદ સાથે પાંચ લાખનો દંડ પણ કર્યો છે. જ્યારે પુરાવાનો નાશ કરવા બદલ સાત વર્ષની જેલ અને કોન્વેન્ટમાં બિન-અધિકૃત રીતે ઘુસવા માટે આજીવન કેજની સજા કરવામાં આવી છે.

## સિક્કિમમાં ભારત-ચીન સરહદે ભીષણ અકસ્માત, 3 સૈનિકો સહિત ૪ના મોત

ગેંગટોક : સિક્કિમના નાથુલામાં ભારત-ચીન સરહદે રવિવારે એક ભીષણ દુર્ઘટના સર્જાય જેમાં ત્રણ સૈન્યકર્મીઓ સહિત ચાર લોકોના મોત થયાં છે. આ અકસ્માતમાં જીવ ગુમાવનારામાં સેનાના કર્નલનો ૧૩ વર્ષિય દિકરો પણ સામેલ છે. આ દુર્ઘટના નાથુલામાં બરફવાળી સડક પરથી પસાર થઈ રહેલા સૈન્યકર્મીઓનું વાહન ઊંડી ખાઈમાં પડ્યું છે. દુર્ઘટના સ્થળની તસવીર પરથી ખ્યાલ આવે છે કે દુર્ઘટના કેટલી ગંભીર હશે. પૂર્વીય સિક્કીમના એસએસપીએ જણાવ્યું કે, સેનાના એક વાહન નાથુલાની નજીક ૧૭ મીલ દુર બરફથી ભરેલા જવાહરલાલ નહેરુ રોડથી લપસીને ખાઈમાં પડ્યું. આ દુર્ઘટનામાં ત્રણ



સૈન્યકર્મીઓ સાથે-સાથે કર્નલના ૧૩ વર્ષના દિકરાનું પણ મોત થયું છે જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયો છે. પોલસ અધિકારીએ જણાવ્યું કે, ઈજાગ્રસ્ત સૈનિકને સારવારઅર્થે કલકત્તાની ૧ હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યો છે જ્યારે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે.

## ફેંફસાની બિમારીથી પીડાતા કોંગ્રેસના ૯૩ વર્ષના નેતા મોતીલાલ વોરાનું અવસાન

નવી દિલ્હી : કોંગ્રેસના વયોવૃધ્ધ નેતા મોતીલાલ વોરાને કોરોના પછી અન્ય બીમારીઓ થતાં આજે હોસ્પિટલમાં તેમનુ અવસાન થયું હતું. તેઓ ૯૩ વર્ષના હતા, એમ તેમના પરિવારે કહ્યું હતુ.

તેમને પેશાબમાં તકલીફ ઊભી થતાં થોડા દિવસો પહેલા જ તેમને એસ્કોર્ટ હોસ્પિટલે ખસેડાયા હતા. ઉપરાંત તેમના ફેંફસામાં પણ ચેપ લાગ્યો હતો. અંતે તેમને વેન્ટીલેટર પર પણ રખાયા હતા. હજુ તો રવિવારે જ તેમણે જીવનના ૯૩ વર્ષ પુરા કર્યા હતા.

અવિભક્ત મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી તેમજ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે રહી ચૂકેલા વોરા ચાર વખત રાજ્યસભાના અને એક વખત લોકસભાના સભ્ય તરીકે પણ રહ્યા હતા. વડા પ્રધાન મોદી સહિત અનેક નેતાઓએ તેમને અંજલી અર્પી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં ડીડીસીની ચૂંટણી: ભાજપને ૭૫, ગૃપકાર ગઠબંધનને ૧૧૨ બેઠકો મળી

- કાશ્મીરમાં ઘાટીમાં ભાજપનું ખાતુ ખુલ્યું, બે બેઠક મળી
- ભાજપને ૭૫, નેશનલ કોન્ફરન્સ ૬૭, અપક્ષ ૫૦, પીડીપી ૨૭, કોંગ્રેસને ૨૬, અપની પાર્ટી ૧૨, અને જેકેપીસીને ૦૮ બેઠક મળી

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલ્સ (ડીડીસી)ની ૨૮૦ બેઠકો પર ચૂંટણી યોજાઇ હતી, જેમાંથી ૭૫ બેઠકો પર ભાજપ જીત મેળવી સૌથી મોટો પક્ષ બન્યો છે. જોકે અન્ય નાના પક્ષોએ મળી જે ગઠબંધન કર્યુ હતું તેણે બાજી મારી કુલ ૧૧૨ બેઠકો મેળવી લીધી છે. પરિણામો જાહેર થયા છે તે મુજબ ભાજપને સૌથી વધુ ૭૫, અપક્ષ ઉમેદવારોને ૫૦ અને કોંગ્રેસને ૨૬ બેઠકો મળી હતી. જોકે ભાજપે સમર્થન આપ્યું છે તે અપની પાર્ટીને એક પણ બેઠક નહોતી મળી. ભાજપે સૌથી વધુ બેઠકો જમ્મુમાંથી મેળવી છે જ્યાં તેનું પ્રભૂત્વ પહેલાથી જ રહ્યું છે. પણ પહેલી વખત એવુ બન્યું છે કે કાશ્મીર ઘાટીમાં પણ ભાજપે પહેલી વખત બે બેઠકો મેળવી છે. પરિણામો અનુસાર જમ્મુ કાશ્મીરમાં હાલ બનેલા ગૃપકાર ગઠબંધનને સૌથી વધુ ૧૧૨ બેઠકો મળતા પૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ ટ્વિટ કરીને કાશ્મીરીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે દાવો કર્યો હતો કે ભાજપને ડીડીસીએની ચૂંટણીમાં મોટો ફટકો પડયો છે, જનતાએ ભાજપને જવાબ આપવા માટે જ ગઠબંધનને પસંદ કર્યુ છે. જોકે આ ગઠબંધનમાં કોંગ્રેસનો સમાવેશ નથી થતો. ડીડીસીએની ૨૮૦ બેઠકો માટે મતદાન થયું હતું અને ૨૧૮૧ ઉમેદવારો મેદાનમાં હતા. છેલ્લા પરિણામો મુજબ ભાજપ ૭૫, નેશનલ કોન્ફરન્સ ૬૭, અપક્ષ ૫૦, પીડીપી ૨૭, કોંગ્રેસ ૨૬, અપની પાર્ટી ૧૨, જેકેપીસી ૦૮, સીપીએમ ૦૫, જેકેપીએમ ૦૩, જેકેએનપીપી ૦૨, પીડીએફ ૦૨, બીએસપીને ૦૧ બેઠક મળી હતી.


કલાસીફાઈડ / Classified

**રસોઈ કામ માટે બહેનની જરૂર છે**

રસોઈ કામ માટે રિચમન્ડ હીલ ખાતે વેજીટેરિયન કપલ માટે બહેનની જરૂર છે. અઠવાડિયામાં ત્રણ દિવસ / અનુકુળ સમય મુજબ. આવવા જવાની સગવડ જાતે કરવી. યોર્ક રિજનથી આવનારને પહેલી પસંદગી.

સંપર્ક કરો : 416-846-8002


## બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેનથી બોરિસ જોનસનની ભારત યાત્રા અંગે સંશય

નવી દિલ્હી : ઈંગ્લેન્ડમાં કોરોના વાઈરસના નવા રૂપે સમગ્ર દુનિયાની ચિંતા વધારી છે. દુનિયાના અન્ય દેશો પોતાને આ વાઈરસથી બચાવવા માટે તાબડતોબ બ્રિટનની ફ્લાઈટ સર્વિસ બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યાં છે. ભારત સરકાર પણ કોરોનાના નવા સ્ટ્રેનને લઈને એલર્ટ છે.

કોરોનાની નવી સ્ટ્રેનને લઈને એકબાજુ દુનિયાના અન્ય દેશો બ્રિટન સાથે સંપર્ક કાપી રહ્યાં છે, ફ્લાઈટ સર્વિસ બંધ છે જ્યારે ગણતંત્ર દિવસના કાર્યક્રમમાં બ્રિટનના વડાપ્રધાન બેરિસ જોનસન મુખ્ય અતિથિ તરીકે સામેલ થવાના છે. હવે તેમની આ યાત્રા પર પણ સંકટના વાદળો છવાતા નજરે ચડી રહ્યાં છે. જોકે અત્યાર સુધી બંન્ને દેશોની સરકારોમાંથી કોઈ તરફથી આના પર નિવેદન સામે આવ્યું નથી.

ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, બેલ્જીયમ, ઓસ્ટ્રિયા અને ઈટલીએ બ્રિટનની મુસાફરી પર રોક લગાવવા સંબંધિત જાહેરાત કરી દીધી છે. બ્રિટનનું કહેવું છે કે આ નવા પ્રકારના કારણે દેશમાં સંક્રમણના કેસો વધ્યા છે. ફ્રાંસે રવિવારે રાત્રી બાદથી ૪૮ કલાક માટે બ્રિટનની તમામ પ્રકારની મુસાફરી પર રોક લગાવી દીધી છે. જ્યારે જર્મનીની સરકાર કહ્યું કે, તે બ્રિટનથી આવતી ફ્લાઈટ પર રોક લગાવી છે. નેધરલેન્ડે ઓછામાં ઓછું આ વર્ષના અંત સુધીમાં બ્રિટનથી આવતી ફ્લાઈટ પર રોક લગાવી દીધી છે.

## બિહારના ૩ જજ નેપાળની હોટલમાં મહિલાઓ સાથે પકડાતા ડિસમીસ કરાયા

પટણા : થોડા વર્ષો પહેલાં નેપાળમાં એક હોટલમાંથી મહિલાઓ સાથે પકડાયેલા બિહારના ત્રણ જજોને નોકરીમાંથી કાઢી મૂકાયા હતા.સોમવારે રાજ્યના જાહેર વહીવટી વિભાગ દ્વારા જારી કરાયેલા જાહેરનામા અનુસાર, નોકરીમાંથી કાઢી મૂકવામાં આવેલા જજોમાં હરૂ નિવાસ ગુપ્તા,જીતેન્દ્ર નાથ સિંહ અને કોમલ રામનો સમાવેશ થતો હતો.

પટણા હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં ઉમેરવામાં આવ્યું હતું કે તેમના ડિસ્મિસલને ૧૨ ફેબ્રુઆરી,૨૦૧૪થી ગણવામાં આવશે અને તેમના નિવૃત્તિ પછીની તમામ હકો છીનવાઇ જશે. તે વખતે સમસ્તીપુર ખાતે ફેમીલી કોર્ટમાં પ્રિન્સીપલ જજ તરીકે ગુપ્તા સેવા આપતા હતા જ્યારે સિંહ અને રામ અનુક્રમે અધિક જિલ્લા જજ અને અધિક જજ કેમ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ હતા.

## ઉ.ભારતમાં ઠંડીનો કેર, લાહોલ સ્પીતિમાં -૨૭ અને કિલોંગમાં -૧૧ ડિગ્રી તાપમાન

નવી દિલ્હી : ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનો પ્રકોપ યથાવત્ છે. લાહોલ સ્પીતિમાં માઈનસ ૨૭ જતાં નદી અને તળાવના પાણી થીજી ગયા હતા. ગૂલમર્ગમાં માઇનસ ૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જમ્મુ એન્ડ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચાણ ધરાવતાં વિસ્તારોમાં ભારે હિમવર્ષા અને બર્ફીલા કાતિલ પવન વચ્ચે દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ટેમ્પરેચર શૂન્યની નીચે જતું રહ્યું છે અને દિલ્હીમાં આગામી પાંચથી છ દિવસ લઘુતમ ટેમ્પરેચર પાંચ ડિગ્રી રહેશે તેવી હવામાન ખાતાની આગાહી છે. જો કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સોમવારે દિલ્હીનું લઘુતમ ટેમ્પરેચર સાધારણ વધારા સાતે ૫.૫ ડિગ્રી થઈ



ગયું હતું. હવામાન ખાતાએ આગાહી કરી છે કે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૩થી ૨૬ ડિસેમ્બર દરમિયાન કોલ્ડ વેવની સંભાવના છે. રાજસ્થાનમાં પણ હાલ કોલ્ડ વેવ ચાલી રહ્યા છે, માઉન્ટ આબૂમાં તાપમાન માઈનસ ૧.૫ ડીગ્રીએ પહોંચી ગયું હતું, આગામી ૪૮ કલાકમાં રાજસ્થાનના ચુરૂમાં તાપમાન સૌથી નીચુ ૧.૬ ડીગ્રી નોંધાયું હતું.

# ઇસ્લામ ધર્મમાં ધર્મ પ્રચાર(તબલીગ)નો મહિમા તથા મહત્ત્વતા



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**
કાસિમ અબ્બાસ

જગતમાં અસ્તિત્વ ધરાવતા દરેક ધર્મમાં ધર્મગુરૂઓ (આલીમો-સંતો-પુણ્યશાળી વ્યક્તિઓ)નું સ્થાન ઉચ્ચ તથા આદર, સન્માન અને માન મરતબાને યોગ્ય હોય છે. ખરા અર્થમાં તેઓ આ આદર, સન્માન તથા માન મરતબાને બિલ્કુલ અનુરૂપ છે, કારણ કે તેઓના અનેક કર્તવ્યોમાં એક અતિ મહત્વનું કર્તવ્ય એ હોય છે કે તેઓ સામાન્ય માનવીને ધર્મ વિષે જાણકારી આપે છે અને ધર્મનો પ્રચાર તથા ફેલાવો કરે છે.

આજના સમયમાં એક સામાન્ય માનવીની માન્યતા એ હોય છે કે ધર્મનો પ્રચાર તથા ફેલાવો કરવાનું કર્તવ્ય કેવળ આ ધર્મગુરૂઓ (આલીમો)નું જ છે, કારણ કે તેઓ ધર્મના વિષે સંપૂર્ણ જાણકારી રાખે છે. પરંતુ આ માન્યતા સાચી નથી. સત્ય એ છે કે ધર્મ વિષે જાણકારી રાખવી એ પ્રત્યેક ધર્મના અનુયાયીઓનું કર્તવ્ય છે, કારણ કે ધર્મની જાણકારી થકીજ તેના અનુયાયીઓ ધર્મનું સાચી રીતે અનુસરણ કરી શકે છે.

ઈસ્લામ ધર્મમાં પણ ધર્મનો પ્રચાર કરવાની તથા ધર્મશાસ્ત્ર કુરાન મજીદનો સંદેશો ફેલાવવાની જવાબદારી દરેક શ્રધ્ધાળુ (મોમીન) પર છે અને ન કે કેવળ ધર્મગુરૂઓ (આલીમો) પર. આ કર્તવ્ય વિષે મુસ્લિમોના ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ આદેશો આપવામાં આવેલ છે, અને અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના કથન (હદીસ)માં પણ આ વિષે આદેશો છે. ધર્મપ્રચાર અને કુરાન મજીદના સંદેશાને ફેલાવવા માટે અરબી શબ્દ ''તબલીગ''નો અર્થ ''પહોંચાડવું'' કે ''પહોંચાડવાનું કાર્ય'' એ થાય છે. કુરાન મજીદ તથા પયગંબર સાહેબ(સ.અ.વ.)ના કથન (હદીસ)માં જ્યાં જ્યાં આ શબ્દ ''તબલીગ'' કે તેનાથી બનેલા બીજા અર્થસુચક શબ્દો વાપરવામાં આવેલ છે, ત્યાં ''પ્રચાર કરવા'' કે ''પહોંચાડવા'' માટેના માધ્યમ માટે કુરાન મજીદ તરફ ઈશારો છે. બીજા અર્થમાં કુરાન મજીદનો સંદેશો લોકો સુધી પહોંચાડવો તેનું નામ જ ધર્મ પ્રચાર (તબલીગ) છે. આ વિષે કુરાન મજીદમાનું એક બોધવચન આ પ્રમાણે છેઃ-

''હે પયગંબર, જે (ધર્મશાસ્ત્ર કુરાન મજીદ) તમારા પાલનહાર અલ્લાહ તરફથી તમારા ઉપર ઉતારવામાં આવ્યું છે, તેને લોકો સુધી પહોંચાડી દો (તેનો પ્રચાર કરો). જો તમે આ કાર્ય ન કર્યું, તો તમોએ ધર્મશાસ્ત્ર (કુરાન મજીદ)નો સંદેશો પહોંચાડવા (પ્રચાર)ના કર્તવ્યનું પાલન ન કર્યું.'' (પ્રકરણ ૫, શ્લોક ૬૭)

કુરાન મજીદના ઉપરના બોધવચનમાં ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ને એ આદેશ આપવામાં આવેલ છે કે કુરાન મજીદના સંદેશાને લોકો તરફ પહોંચાડો એટલે કે તેનો પ્રચાર કરો (તબલીગ કરો). તે ઉપરાંત એ આદેશ પણ આપવામાં આવેલ છે કે જો તેઓએ કુરાન મજીદના સંદેશાને લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ન કર્યું, તો તેનો અર્થ એ થાય કે તેમણે આ પ્રચાર (તબલીગ)ના કર્તવ્યનું પાલન ન કર્યું.

સત્યો તો એ છે કે અંતિમ પયગંબર સાહેબે (સ.અ.વ.) પોતાના પુરા જીવન દરમ્યાન કુરાન મજીદના સંદેશાને લોકો સુધી પહોંચાડવાનું કાર્ય બહુ જ સફળ રીતે કરેલ અને તે કાર્ય થકી ઈસ્લામ ધર્મ જગતના અગણિત દેશોમાં ફેલાઈ ગયેલ.

હવે પ્રશ્ન એ ઉપસ્થિતિ થાય છે કે અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના આ જગતથી વિદાય પછી કુરાન મજીદના સંદેશાને લોકો સુધી પહોંચાડવાના કાર્યનું શું ? આ પ્રશ્નનો ઉત્તર પયગંબર સાહેબ (સ.અ.વ.)ના એક કથન (હદીસ)માંથી મળી આવે છે. કુરાન મજીદના સંદેશાને લોકો સુધી પહોંચાડવા (તબલીગ) વિષે તેમનું એક (કથન (હદીસ) આ પ્રમાણે છેઃ-

''મારા તરફથી કુરાન મજીદનો સંદેશો લોકો સુધી પહોંચાડી દો (પ્રચાર-તબલીગ કરો), પછી ભલે તે કેવળ કુરાન મજીદનો એક જ શ્લોક (આયત) હોય.'' (હદીશ પુસ્તક ''તીરમીઝી'')

ઉપરના કથન (હદીસ) અનુસાર સર્વે શ્રધ્ધાળુઓ (મોમીનો) માટે એ આદેશ છે કે પયગંબર સાહેબ (સ.અ.વ.)ની આ જગતથી વિદાય પછી તેમના વતી કુરાન મજીદનો સંદેશો લોકો સુધી પહોંચાડવાનું કર્તવ્ય દરેક શ્રદ્ધાળુ (મોમીન) કરે. બીજા અર્થમાં પ્રચાર (તબલીગ)ની આ જવાબદારી સર્વે શ્રદ્ધાળુઓ (મોમીનો) પર છે.

કુરાન મજીદનો સંદેશો લોકો સુધી પહોંચાડવો એટલે કે સદ્કાર્યો કરવા અને નઠારા કાર્યોથી દુર રહેવા માટે બીજા લોકોને સલાહ તથા આદેશ આપવા વિષે કુરાન મજીદમાં ના બે બોધવચનો આ પ્રમાણે છેઃ-

''તમારા પૈકી કેટલાક લોકો(જુથો) એવા જરૂર હોવા જોઈએ, જેઓ લોકોને સદકાર્યો તરફ બોલાવે તથા ભલા કાર્યોનો આદેશ આપે તથા નઠારા કાર્યોથી રોકે. અને જે લોકો આ આદેશો આપવાનું કાર્ય કરશે, તેઓ જ સફળતા પ્રાપ્ત કરનારાઓ છે.'' (પ્રકરણ ૩, શ્લોક ૧૦૪)

''અને એ વ્યક્તિની વાત કરતાં શ્રેષ્ઠ વાત બીજા કોની હશે, જેણે લોકોને પાલનહાર અલ્લાહની તરફ(કુરાન મજીદના આદેશ તરફ) બોલાવ્યા તથા સદકાર્યો કર્યા અને કહેલ કે હું મુસલમાન છું.'' (પ્રકરણ ૪૧, શ્લોક ૩૩)

કુરાન મજીદના ઉપરના સર્વે બોધવચનો તથા અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના કથન (હદીસ) અનુસાર ધર્મનો પ્રચાર, ફેલાવો તથા કુરાન મજીદનો સંદેશો બીજા લોકો સુધી પહોંચાડવો એ સર્વે કાર્યો શ્રધ્ધાળુઓ (મોમીનો)નું કર્તવ્ય છે,અને ન કે કેવળ ધર્મગુરૂઓ(આલીમો)નું જ. માટે દરેક શ્રદ્ધાળુએ (મોમીને) એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે પોતાના જીવન દરમ્યાન તેણે એ પ્રયત્નો કરવા જોઈએ કે તેના થકી લોકો સુધી સદ્કાર્યો કરવા માટેનો, નઠારા કાર્યોથી રોકવાનો તથા કુરાનમજીદનો સંદેશો પહોંચે,જે વિષે કુરાન મજીદમાં તથા પયગંબર સાહેબ (સ.અ.વ.)ના કથન (હદીસ)માં આદેશ છે. અને ખરા અર્થમાં આ કર્તવ્ય જ ધર્મ પ્રચાર (તબલીગ) છે.

# બ્રિટનથી આવેલા ૨૦ પ્રવાસી કોરોના સંક્રમિત, SOP જાહેર

## એર ઇન્ડિયાની બ્રિટનથી આવેલી ફ્લાઇટના ૨૬૬ પૈકીના ૬ પ્રવાસીના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા

નવીદિલ્હી: બ્રિટનમાં કોરોના વાઈરસનો નવો પ્રકાર સામે આવ્યા બાદ ભારતમાં બ્રિટનથી આવતા પ્રવાસીઓનું સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. લંડનથી આવેલી ફલાઈટોના ૨૦ પ્રવાસીઓના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતાં હડકંપ મચી ગયો હતો. સોમવારે રાત્રે ૧૦:૪૦ કલાકે દિલ્હીમાં લેન્ડ થયેલી એર ઈન્ડિયાની બ્રિટનથી આવેલી ફલાઈટના ૨૬૬ પૈકીના ૬ પ્રવાસીના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા.

તેમાંનો એક પ્રવાસી કનેક્ટિંગ ફલાઈટ લઈને ચેન્નઈ પહોંચ્યો હતો જ્યાં તેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. રવિવારે રાત્રે બ્રિટનથી કોલકાતા પહોંચેલી ફલાઈટના ૨૨૨ પૈકીનાં બે પ્રવાસીના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા. અમદાવાદના વિમાની મથક ખાતે લંડનથી આવેલી એર ઈન્ડિયાની ફલાઈટના ક્રૂ સહિત ૨૭૫ પ્રવાસીઓના આરટી-પીસીઆર ટેસ્ટમાં ૪ પ્રવાસીના ટેસ્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયાં હતાં.

ભારત સરકારે બ્રિટનથી આવતી ફલાઈટ પર પ્રતિબંધ લાગુ કર્યા તે દરમિયાન મુંબઈ અને પંજાબના અમૃતસરમાં બે ફલાઈટ લેન્ડ થઈ હતી. મુંબઈ પહોંચેલી ફલાઈટના તમામ પ્રવાસીને ઈન્સ્ટિટયૂશનલ ક્વોરન્ટાઈનમાં મોકલી અપાયાં હતાં. અમૃતસરમાં ૭ પ્રવાસી પોઝિટિવ આવ્યાં હતાં. બીજીતરફ ભારત સરકારે મંગળવારે આંતરરાષ્ટ્રીય અને બ્રિટનથી આવતા પ્રવાસીઓ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જારી કરી હતી. જે અંતર્ગત ભારત આવતા તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓએ છેલ્લા ૧૪ દિવસની ટ્રાવેલ હિસ્ટ્રીની ફરજિયાત માહિતી આપવી પડશે અને કોવિડ-૧૯ માટે સ્ક્રીનિંગ કરવા સેલ્ફ ડેક્લેરેશન ફોર્મ ભરવાનું રહેશે.

# ભારતમાં ૨૩૯૫૦ સંક્રમિત દર્દી વધ્યાં ૩૩૦ના મોત: ૯૬ ટકા દર્દી રિકવર થયા

નવી દિલ્હી: દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૧,૦૦,૯૯,૦૬૬ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩,૯૫૦ નવા કેસ સામે આવ્યા છે અને કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા ૯૬,૬૩,૩૮૨ છે, એમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું. સતત બીજા દિવસે દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ત્રણ લાખથી ઓછી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૩૩ લોકોનાં મૃત્યુ થયા છે અને એ સાથે કોરોનાથી મૃત્યુ પામનારા લોકોની કુલ સંખ્યા ૧,૪૬,૪૪૪ થઈ છે. ૭ ઑગસ્ટના રોજ દેશમાં કોરોના કેસનો આંકડો ૨૦ લાખને પાર થઈ ગયો હતો. ૨૩ ઑગસ્ટના રોજ કોરોના કેસનો આંકડો ૩૦ લાખને પાર થઈ ગયો હતો. પાંચ સપ્ટેમ્બરના રોજ કોરોના કેસનો આંકડો ૪૦ લાખને પાર થઈ ગયો હતો.

### કર્ણાટકમાં બીજી જાન્યુ. સુધી નાઇટ કરફ્યૂ

કોરોના વાઇરસના નવા પ્રકારથી સમગ્ર વિશ્વમાં ભય વ્યાપ્યો છે ત્યારે કર્ણાટક સરકારે બીજી જાન્યુઆરી સુધી સમગ્ર રાજ્યમાં રાતના ૧૧થી સવારના ૬ સુધીના નાઇટ કરફ્યૂની જાહેરાત કરી છે. કોરોનાના નવા સ્ટ્રેનના અહેવાલો બાદ મહારાષ્ટ્ર સરકારે નિયંત્રણો લાદ્યા પછી કર્ણાટક બીજું રાજ્ય બન્યું છે.

### કોવિશિલ્ડને મંજૂરી મળે તેવી શક્યતા

કોરોના વેક્સિન અંગે ઝડપથી સારા સમાચાર મળે તેવી શકયતા છે. ઓક્સફોર્ડ –અસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશલ્ડના ભારતમાં ઈમરજન્સી યુઝ માટે આગામી સપ્તાહે મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકારે સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા પાસેથી કેટલાક બીજા ડેટા માંગ્યા હતા, જે કંપનીએ આપી દીધા છે. ભારતમાં ઓક્સફોર્ડ–અસ્ટ્રાજેનેકાની વેક્સિનનું મેન્યુફેક્ચરિંગ એસઆઈઆઈ કરી રહી છે. જો સરકાર ઓક્સફોર્ડ અને એસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશિલ્ડને મંજુરી આપશે તો ભારત આ વેક્સિનનો ઉપયોગ કરનારો પહેલો દેશ બની જશે.

### જાન્યુઆરીમાં રસી શરૂ થઇ શકે છે

આગામી વર્ષે જાન્યુઆરી મહિનામાં જ ભારતમાં કોરોના રસી આપવાનું શરૂ કરવામાં આવી શકે છે તેમ સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધને કહ્યું હતું. કેન્દ્ર સરકારે પ્રથમ જેમનેરસી આપવામાં આવશે તેવા ૩૦ કરોડ લોકોની યાદી પણ તૈયાર કરી લીધી છે. અગાઉ સરકારે જણાવ્યું હતું કે જે લોકોની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોય તેમને કોરોનની રસી આપવામાં પ્રાથમિક્તા આપવામાં આવશે.

### કોરોનાની રસી અસરકારક રહેશે : CSIR

કોરોનાના નવા સ્વરૂપ સામે પણ કોરોના વેક્સિન એટલી જ અસરકારક રહેશે અને આનાથી લોકોએ જરાય ડરવાની જરૂર નથી, એમ કાઉન્સિલ ફોર સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચના ડાયરેક્ટર જનરલ શેખર મુંડે એ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે નવી એનપ૦વાય રસીની ટ્રાન્સમીસીબીલીટીની શક્યતા થોડી વધુ છે, પરંતુ એનો અર્થ એ નથી કે

### એસ્ટ્રાજેનેકાને ભારતમાં મંજૂરી મળી શકે છે

દુનિયાભરમાં કોરોના વાયરસનો કહેર અટકી નથી રહ્યો. અનેક દેશોમાં કોવિડ-૧૯ વેક્સીનના ટ્રાયલ ચાલુ છે. રશિયા, બ્રિટન અને અમેરિકામાં વેક્સીનેશન પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. બીજી તરફ, મીડિયા રિપોર્ટ અનુસાર કોવિડ-૧૯નો સામનો કરવા માટે AstraZeneca અને ઓક્સફર્ડ યુનિવર્સિટીની વેક્સીનને ભારત સરકાર તરફથી આવતા સપ્તાહે મંજૂરી મળી શકે છે. તેના સ્થાનિક નિર્માતા દ્વારા જરૂરી આંકડા ઉપલબ્ધ કરાવ્યા બાદ સરકારથી તેની મંજૂરી મળવાના સંકેત મળ્યા છે.

### કોરોના વાયરસનો નવો પ્રકાર ભારતમાં આવ્યો નથી : સરકાર

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે, બ્રિટનમાં દેખા દેનારો કોરોનાનો નવા પ્રકારનો સ્ટ્રેન ભારતમાં હજુ સુધી સામે આવ્યો નથી. બ્રિટનમાં ઉદ્ભવેલો નવો વાઇરસ ઝડપથી ફેલાય છે પરંતુ તે રોગની ગંભીરતા કે મોતનો દર વધારે તેમ નથી. હાલમાં વિકસાવવામાં આવી રહેલી કોરોનાની રસીઓ પર પણ તેની કોઈ અસર નથી. લોકોએ ભયભીત થયા વિના ફક્ત સાવચેતી રાખવાની જરૂર છે.

# મની લોન્ડરિંગ નિયમોના ભંગ બદલ પે-પાલને ૯૬ લાખનો દંડ

નવી દિલ્હી : નવેમ્બર ૨૦૧૭માં ભારતમાં પ્રવેશ કરનાર પે-પાલે જણાવ્યું હતું કે, કંપની ભારતમાં નાણાકીય પ્રક્રિયાઓનું પાલન કરવામાં સંપૂર્ણપણે કટીબદ્ધ છે અને તે આ બાબતની સમિક્ષા કરશે. કંપની પર મની લોન્ડરિંગ કાયદાની જોગવાઈઓ અને જાહેર હિતોના ભંગનો પણ આરોપ મૂકાયો છે. પીએમએલએ કાયદાનો આશય દેશની નાણાકીય વ્યવસ્થાને આર્થિક ગૂનાઓ, આતંકીઓને ફન્ડિંગ અને કાળા નાણાંના સોદાઓથી બચાવવાનો છે. કંપની દ્વારા કરાયેલા નિયોમના ભંગને 'ઈરાદાપૂર્વક અને જાણી જોઈને' કરાયા હોવાનું જણાવતાં નાણામંત્રાલય હેઠળ આવતી સંસ્થા ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટએ ૧૭મી ડિસેમ્બરે ૨૭ પાનાનો આદેશ આપીને કંપનીને ત્રણ કાઉન્ટ બદલ દોષિત ઠેરવી હતી. એફઆઈયુના ડિરેક્ટર પંકજ કુમાર મિશ્રાએ કહ્યું કે, 'હું પીએમએલએ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ પે-પાલ પેમેન્ટ્સ દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવતાં કંપનીને રૂ. ૯૬ લાખનો દંડ કરું છું. કંપનીએ ઈરાદાપૂર્વક નાણાકીય વ્યવસ્થાના નિયોમોનો ભંગ કર્યો હોવાના પર્યાપ્ત પુરાવા છે, તેથી કંપનીને દંડ કરવાનું પગલું યોગ્ય છે.

# પાક.ની નવી હરકત: પંજાબમાં ડ્રોન વડે ગ્રેનેડ બાદ હવે એકે-૪૭, કારતૂસ મોકલ્યા

પઠાણકોટ : પાકિસ્તાન પોતાની અવળચંડાઈ બંધ કરવાનું નામ નથી લઈ રહ્યું. દુનિયા આખી અત્યારે કોરોના વાયરસ સામે લડી રહી છે. તેવા સમયે પાકિસ્તાન ભારત વિરુદ્ધ ષડયંત્રો રચવામાં વ્યસ્ત છે. રવિવારે પાકિસ્તાને પંજાબમાં ડ્રોનની મદદ વડે ૧૧ હેંડ ગ્રેનેડ મોકલ્યા હતા. જેને બીએસએફ ને પંજાબ પોલિસે જપ્ત કર્યા હતા. ત્યારબાદ મંગળવારે પોલિસને બીજી એક મોટા સફળતા મળી છે. મંગળવારે પોલિસને સર્ચ ઓપરેશન દરમિયાન એક એકે ૪૭, એક મૈગેજીન ને ૩૦ કારતૂસો મળી આવ્યા છે. પ્રાથમિક



જાણકારી પ્રમાણે આ વસ્તો પણ પાકિસ્તાને ડ્રોન મારફત ભારતમાં મોકલાવી છે. હથિયારોના આ જથ્થાને દોરી વડે બાંધીને લાકડાની ફ્રેમમાં પ્લાસ્ટિકની કોથળી વીંટીને રાખવામાં આવ્યો હતો. પોલિસને હથિયારોનો આ જથ્થો ગુરુદાસપુર ગામમાંથી મળ્યો છે. આ જગ્યાએથી સલાચ ૧.૫ કિમી દૂર છે કે જ્યાંથી રવિવારે હેન્ડ ગ્રેનેડ મળ્યા હતા. હેન્ડ ગ્રેનેડ મળ્યા બાદ સપાસના વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરુ કરાયું હતું. આ ઉપરાંત પઠાણકોટના મેજિસ્ટ્રેટે પઠાણકોટની ભારત પાકિસ્તાન બોર્ડરથા એક કિમીના વિસ્તારમાં રાત્રે આઠ વાગ્યાથી સવારે પાંચ સુધી સામાન્ય નાગરિકોના જવા પર પ્રતિબંધ મુક્યો છે.

# યમુના એક્સપ્રેસ-વે પર કન્ટેનર સાથે કાર અથડાતા આગ લાગી, 5 જીવતા ભૂંજાયા

- આગ પર કાબૂ મેળવાયો ત્યાં સુધી તમામ લોકો કંકાલ બની ગયા : મૃતકોમાં એક બાળક, એક મહિલા અને ત્રણ પુરૂષ સામેલ

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના આગ્રામાં મંગળવારે સવારે મોટી દુર્ઘટના ઘટી. યમુના એક્સપ્રેસ વે પર કંન્ટેનર સાથે કાર અથડાઈ. આ ઘટનામાં ૫ લોકો જીવતા બળીને ખાખ થઈ ગયા છે. રોંગ સાઈડમાંથી આવી રહેલા નાગાલેન્ડ નંબરના કંટેનરના કારણે અકસ્માત સર્જાયો. મૃતક લખનૌના હોવાનું જણાવવામાં આવી રહ્યુ છે. જે દિલ્હી તરફ જઈ રહ્યા હતા.

બનાવ સવારે ચાર વાગ્યાનો છે. યુપી ૩૨ કેવી ૬૭૮૮ નંબરની સ્વિફ્ટ ડિઝાયર કાર આગ્રાથી દિલ્હી તરફ જઈ રહી હતી. કંટેનરના ડીઝલ ટેન્ક સાથે કાર અથડાઈ જેના કારણે કારમાં તરત જ ભીષણ આગ લાગી ગઈ. કારમાં આગ એટલી



ભીષણ લાગી ગઈ કે ફસાયેલા લોકો બહાર નીકળી શક્યા નહીં જ્યાં સુધી ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ટીમ પહોંચી અને આગ પર કાબૂ મેળવાયો ત્યાં સુધી તમામ લોકો કંકાલ બની ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોમાં એક બાળક, એક મહિલા અને ત્રણ પુરૂષ સામેલ છે.

# પ્રયાગરાજમાં ઈફ્કો પ્લાન્ટમાં ગેસ લિકેજથી બેનાં મોત, ૧૮ ગંભીર

પ્રયાગરાજ : પ્રયાગરાજના ફુલપુર ખાતેઆવેલાઈફકોઆઈએપએપસીઓ પ્લાન્ટમાં મધરાતે મોટી દુર્ઘટના ઘટી. અમોનિયા ગેસ લીકેજના કારણે બે અધિકારીઓ વી પી સિંહ અને અભયનંદનનો આ દુર્ઘટનામાં ભોગ લેવાયો. ગેસ લીકેજના કારણે ઈફકોમાં તૈનાત ૧૮ કર્મચારીઓની તબિયત બગડી છે. તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. યુરિયા ઉત્પાદન કરતી આ કંપનીના પ્લાન્ટમાં પમ્પ લીકેજના કારણે ગેસ લીક થયો હોવાની આશંકા છે. મળતી માહિતી મુજબ મંગળવારે મોડી રાતે લગભગ ૧૧ વાગે ફુલપુર ઈફકોના પી-૧ યુનિટમાં અમોનિયા ગેસ લીકેજ શરૂ થયો. ત્યાં હાજર અધિકારી વી પી સિંહ લીકેજ અટાકવવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા. પરંતુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા. ત્યારબાદ તેમને બચાવવા માટે અધિકારી અભયનંદન પહોંચ્યા. તેઓ પણ ઝપેટમાં આવી ગયા. આ બંને ઓફિસરોને ત્યાં હાજર અધિકારીઓએ બહાર કાઢ્યા. જો કે આ દરમિયાન અમોનિયા ગેસ લીકેજ સમગ્ર યુનિટમાં ફેલાઈ ચૂક્યો હતો અને ત્યાં હાજર ૧૮ કર્મચારીઓ તેની ઝપેટમાં આવી ચૂક્યા હતા. જે ગેસના કારણે બેહોશ થઈ ગયા. ઘટનાસ્થળે પહોંચેલા એક્સપર્ટે સ્થિતિને કંટ્રોલમાં લીધી હતી.

# લીલાનું દેહલાલિત્ય કન્યાને પણ શરમાવે એવું હતું

સાબર આજે ફરી એકવાર તોફાને ચડી હતી. બંને કાંઠે છલોછલ થઈ વહેતી સાબરને જોવા ઊમટેલાં સહેલાણીઓથી નેહરુબ્રિજ પર મેળો જામ્યો હતો.

બ્રિજના પૂર્વીય છેડા તરફ ધસી રહેલી એક ફિયાટકાર એકાએક ધીમી પડી. ફિયાટ ઊભી રહી ગઈ.

'શાલીન ! આ શું કરો છો ?' બાજુમાં બેઠેલ શ્વેત વસ્ત્રોધારી શ્વેતાંગના લીલાએ દબાયેલા સ્વરે પૂછ્યું.

'જુઓ ને ! સાબરમાં પૂર આવ્યું છે. એક મિનિટ જરા આપણે પણ જોઈ લઈએ.' શાલીને ચાવી સંભાળતાં કહ્યું.

'આઈ એમ ટાયર્ડ... પ્લીઝ, જલદી મૂકી જાવ ને ઘેર !' લીલાએ વિનંતી કરી.

'ઓલ રાઈટ... ઍઝ યુ પ્લીઝ.' કહેતાં શાલીને ફરીથી ચાવી ફેરવી.

કાર સ્ટાર્ટ કરી અને પૂર જોવા ઊતર્યા વિના જ કાર દોડાવી મૂકી. મિરઝાપુર, દિલ્હી ચકલા થઈ કાર શાહીબાગના રસ્તે વળી.

શાલીન માટે આજનો અનુભવ નવો નહોતો. ત્રીસેક વર્ષનો તે સુખી કહી શકાય એવો યુવાન હતો અને લીલા ! લગભગ પાંત્રીસેક વર્ષની ઉંમર ધરાવતાં યુવાન વિધવા હતાં. એમને વિધવાના સ્વરૂપમાં જોતાં જ કોઈના મોંમાંથી સહેજ સિસકારો નીકળી જાય એવું એમનું રૂપ, વય અને દેહ હતાં. લીલાની આંખોનો કેફ હજુ જામમાંથી વણવપરાયેલા શરાબની જેમ અકબંધ હતો. સુંવાળું સૌંદર્ય ધરાવતું એનું દેહલાલિત્ય કોઈ કુંવારી કન્યાને પણ શરમાવે એવું હતું. ક્ષણે ક્ષણે ધ્રૂજતા એના અધરો હજુ તો હમણાં જ ખીલેલી મોગરાની કળીઓ જેવા ભાસતા હતા. છતાંયે લીલાનો દેહ શ્વેત વસ્ત્રોથી લપેટાયેલો હતો તે હકીકત હતી,

અલંકારો રહિત એનાં અંગો એ પણ હકીકત હતી. પતિના અવસાનને પૂરાં પાંચ વર્ષ વીત્યાં હતાં, પતિનું અવસાન પણ કેવા સંજોગોમાં ? બાથરૂમમાંથી અનિલનો દેહ લોહીભીની હાલતમાં મળી આવ્યો હતો. એ કેસ હજુયે પોલીસ દફતરે પડેલો જ હતો. ત્યારબાદ લીલાને એક-બે જણે લગ્ન માટે ઑફર કરેલી, પણ તે ઑફર લીલાએ નકારી કાઢી હતી, પરંતુ છેલ્લાં ચાર-પાંચ માસથી તે શાલીનના પરિચયમાં આવી હતી અને વિધવા બન્યા બાદ પહેલી જ વાર તે શાલીન સાથે ક્યાંક ક્યાંક ઘૂમવા જતી, પણ એ ખૂબ ઓછું જતી. તે ખૂબ ઓછું બોલતી, ખૂબ ઓછું હસતી. શાહીબાગ અંડરગ્રાઉન્ડ બ્રિજને પસાર કરી મોટરકાર રાજભવન થઈ કૅમ્પ તરફ ઊપડી. કૅન્ટોનમૅન્ટના જૂના બંગલાઓ પૈકી એક બંગલા પાસે ઊભી રહી.

શાલીન બારણું ખોલી જ્યાં પગ નીચે મૂકે છે ત્યાં જ નજીકમાં થઈ દોડી જતી એક મોટર સાઈકલે કીચડ ઉછાળ્યો અને શાલીનના આખા શરીર પર છંટાઈ ગયો. લીલા શાલીનની આ હાલત જોઈ વધુ ગંભીર બની. તેણે જોયું તો શાલીન ગુસ્સામાં હતો.

'નૉનસૅન્સ.' લીલાથી બોલી જવાયું : 'ચાલો અંદર, હવે તો નાહવું જ પડશે.'

શાલીન લીલાને અનુસરતો અંદર ગયો.

લીલાએ ડ્રોઈંગરૂમમાં પેસતાં જ બૂમ મારી : 'મંજી ! ઓ મંજી !'

'એ આવી.' કહેતાં મંજી રસોડામાંથી સીધી જ ડ્રોઈંગરૂમમાં આવી અને શાલીનની હાલત જોતાં જ હસી પડી.

'બાથરૂમમાં ટૉવેલ મૂકીને સાહેબનાં કપડાં તાત્કાલિક ધોઈ નાખજે હોં !' લીલાએ પ્રેમપૂર્વક ફરમાન કર્યું.

'જી...' કહેતાં મંજી રસોડા તરફ વળતાં વળતાં બોલી : 'સાહેબ અહીં જમશે ને ?'

લીલાએ સ્મિત કરતાં હા પાડી.

'પણ હવે હું પહેરીશ શું ?' શાલીને પૂછ્યું.

લીલા વિચારમાં પડી ગઈ. થોડીક ક્ષણો સુધી યથાવત્ ઊભા રહ્યા બાદ તે અંદરના ખંડ ભણી ગઈ. કબાટ ખોલી હેંગર પર લટકતાં મરહૂમ પતિનાં વસ્ત્રોને તે સ્પર્શી રહી. એનો હાથ ફફડી રહ્યો... એક હેંગર ઉપાડી લાવી સામે ધરી દીધું. શાલીન લીલાના ભાવ પારખવા કોશિશ કરી રહ્યો.

પણ વધુ ક્ષણ સુધી ઊભા રહેવું યોગ્ય ન લાગતાં બે ખંડ વટાવી પાછળના ભાગમાં આવેલા બાથરૂમ તરફ ઊપડ્યો. લીલા એની પૂંઠ તરફ તાકી રહી અને સામેના બારણામાં ઊભેલી મંજી લીલા તરફ તાકી રહી.

●●●

રાત પડી ચૂકી. રસ્તાઓ વીજળીના દીવાઓથી ઝગમગી ઊઠ્યા અને શાહીબાગ પોલીસ મથકની ઘંટડી રણકી ઊઠી.

'ઈન્સ્પેક્ટર જાડેજા હિયર...'

'મિ. જાડેજા ! કૅન્ટોનમૅન્ટ, બંગલા નંબર એક્સ-૩૫ યસ મર્ડર કેસ.'

'કૅન્ટોનમૅન્ટ એક્સ-૩૫ ?'

'યસ મિ. જાડેજા... આ એ જ બંગલો છે, જ્યાં પાંચ વર્ષ પહેલા

મિ. અનિલ મહેતાનું ખૂન થયું હતું.'

'હું હાલ જ જાઉં છું.' કહેતાં ઈન્સ્પેક્ટર જાડેજા ફોન મૂકી જીપ લઈને કૅન્ટોનમૅન્ટ તરફ ઊપડ્યા.




**અલંકારો રહિત એનાં અંગો એ પણ હકીકત હતી. પતિના અવસાનને પૂરાં પાંચ વર્ષ વીત્યાં હતાં, પતિનું અવસાન પણ કેવા સંજોગોમાં ? બાથરૂમમાંથી અનિલનો દેહ લોહીભીની હાલતમાં મળી આવ્યો હતો. એ કેસ હજુયે પોલીસ દફતરે પડેલો જ હતો. ત્યારબાદ લીલાને એક-બે જણે લગ્ન માટે ઑફર કરેલી, પણ તે ઑફર લીલાએ નકારી કાઢી હતી.**

જાડેજા ત્વરાથી બંગલામાં પ્રવેશ્યા. ડ્રોઈંગરૂમના એક સૉફામાં લીલા ઢગલો થઈને પડી હતી, બાજુમાં મંજી એના સાંનિધ્યમાં ઊભી હતી.

'હું ઈન્સ્પેક્ટર જાડેજા... આપે પોલીસને ફોન કર્યો હતો ?'

'જી...' મંજીએ કહ્યું : 'આવો' કહેતા તે અંદર ચાલવા માંડી.

ઈન્સ્પેક્ટર લીલા તરફ ધ્યાનપૂર્વક નજર ફેંકતા આગળ વધ્યા. બે ખંડો વટાવી તેઓ તોડી નાખવામાં આવેલા બારણાવાળા બાથરૂમ પાસે જઈ અટક્યા.

વિશાળ બાથરૂમના સફેદ આરસપહાણ પર શાલીનનો દેહ ચત્તો પડ્યો હતો.

ભીની ફર્શ પર લોહીનું વહેણ ખાળના છિદ્રો તરફ દોરાતું હતું. લોહી ફક્ત માથામાંથી જ વહેતું હતું. બાથ લઈ રહેલા શાલીનનું શરીર નિર્વસ્ત્ર હતું. શાવર હળવો હળવો ફુવારો હજુયે છોડી રહ્યો હતો. બાથરૂમની લાઈટ્સ યથાવત્ ચાલુ હતી. ઈન્સ્પેક્ટર જાડેજાએ ખૂબ જ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી મંજી સામે જોયું તો તે આંખો પર આંગળાં દાબી ઊભી હતી.

બાથરૂમની ભીની ફર્શ પર દેહ પડ્યો હતો. ઈન્સ્પેક્ટર જાડેજાએ કેટલીયે વાર સુધી એ મૃતદેહનું નિરીક્ષણ કર્યા કર્યું. બારણામાં ઊભા જ ચારેકોર દૃષ્ટિ દોડાવી. સફેદ આરસપહાણ પર થઈ વહેતું લોહી પણ હવે ઘટી રહ્યું હતું. સામેની દીવાલ પર એકમાત્ર નાનકડું વેન્ટિલેટર હતું. પણ એ લીલા કાચનું હતું અને ભિડાયેલી હાલતમાં હતું. વેન્ટિલેટરમાંથી થઈ કોઈ અંદર પ્રવેશી શકે એમ પણ નહોતું.

ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ અને ફોટોગ્રાફર આવે ત્યાં સુધી ઈન્સ્પેક્ટરે પ્રાથમિક પૂછપરછ કરવા વિચાર્યું. તેઓ ડ્રોઈંગરૂમાં પરત આવ્યા. લીલા હજુયે અર્ધબેભાન જેવી હાલતમાં સૉફામાં પડેલી હતી. મંજી પણ ઈન્સ્પેક્ટરની પાછળ-પાછળ ડ્રોઈંગરૂમમાં આવી.

'મિસિસ મહેતા ! આ ખૂન થયું ત્યારે તમે ક્યાં હતાં ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

લાલચોળ આંખોવાળો વ્યથિત ચહેરો ઊંચકાતાં લીલા ઘડી-બે ઘડી તો કંઈ જ બોલી નહીં. ઈન્સ્પેક્ટરને કોણ જાણે કેમ પણ આ યુવાન વિધવા પ્રત્યે પૂરતી હમદર્દી હતી. તેઓ પણ શાંતિથી ધીરજ ધરીને બેઠા હતા.

'સાહેબ !' લીલાને બદલે મંજીએ શરૂ કર્યું : 'બે'ન અને સાહેબ સાંજે બહારથી આવ્યાં એ વખતે આપણા બંગલા આગળ જ એક મોટરસાઈકલે કાદવ ઉછાળ્યો.. ને સાહેબનાં કપડાં અને મોં પર છાંટા ઊડ્યા હતા... સાહેબ બાથરૂમમાં...'

'ઈન્સ્પેક્ટર સાહેબ !' મંજીની વાતને રોકતાં જ લીલા બોલી ઊઠી : 'કંઈ જ સમજાતું નથી... આ શું થઈ રહ્યું છે ? કોણ કરી રહ્યું છે ? પ્લીઝ હેલ્પ મી.'

'યુ નીડ નોટ વરી... મિસિસ મહેતા... પોલીસ તરફથી તમને પૂરતી મદદ મળશે. હા, તો પછી શું થયું ?'

લીલાએ જ શરૂ કર્યું, 'મંજી, કદાચ કિચનમાં રસોઈ કરી રહી હતી...

મને ઘરમાં ઊકળાટ લાગતો હતો... શાલીન બાથ લેતા હતા એટલે હું ટૅરેસ પર ચક્કર લગાવવા ગઈ... થોડીક વાર બાદ નીચે આવી. મેં મંજીને પૂછ્યું કે, 'શાલીન જતા રહ્યા ?' – તો મંજીએ કહ્યું : 'ના, હજુ તો સાહેબ બાથરૂમમાં જ હોય એમ લાગે છે.' મને જરા નવાઈ લાગી. પા કલાક થયો, અડધો કલાક થયો, પણ શાલીન બાથરૂમમાંથી બહાર આવ્યા નહીં. મને ચિંતા થઈ, મેં બૂમ મારી પણ અંદરથી જવાબ મળ્યો નહીં. મંજી પણ દોડતી આવી. અમે બેઉએ મળી બાથરૂમનું બારણું તોડી નાખ્યું અને જોયું તો...!'

લીલા ફરી અટકી ગઈ. ઈન્સ્પેક્ટર ધ્યાનપૂર્વક લીલાના ચહેરા પર બદલાતી રેખાઓનું અવલોકન કરી રહ્યા હતા.

'ઈન્સ્પેક્ટર ! ધીસ ઈઝ અનધર મર્ડર ઈન ધી સેઈમ બાથરૂમ, વ્હેર માય હસબન્ડ વૉઝ ઑલ્સો મર્ડર્ડ.' લીલાએ પાંચ વર્ષ પહેલાંની ઘટના તાજી કરાવી.

'યસ... આઈ નો ધેટ... પણ મિસિસ મહેતા ! તમારો મિસ્ટર શાલીન

સાથેનો સં...બં...ધ ?'

'એ મારા દોસ્ત હતા.'

'એમની સાથે લગ્નનો કોઈ ઈરાદો...'

'નો ઈન્સ્પેક્ટર... વી વેર જસ્ટ ફ્રેન્ડ્ઝ... પણ ભવિષ્યમાં કદાચ...

ઈન્સ્પેક્ટર, પ્લીઝ ! ડૉન્ટ આસ્ક મી પર્સનલ ક્વેશ્ચન્સ...' લીલાએ હાર્દિક વિનંતી કરી.

'આઈ એમ સૉરી મિસિસ મહેતા... પણ તમને કોઈની પર શક...?'

લીલા થોડીક ક્ષણો સુધી ફરી વિચારમાં પડી ગઈ અને એ હોઠ ઉઘાડવા જાય એ પહેલાં જ બહાર જીપ આવી ને અવાજ તરફ ધ્યાન ખેંચાયું.

ફોટોગ્રાફર, ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ અને બીજા બે-ત્રણ કૉન્સ્ટેબલો અંદર પ્રવેશ્યા.

ઈન્સ્પેક્ટરે ઊભા થઈ પોતાને અનુસરવા એમને સૂચન કર્યું. આખીયે ટુકડી ડ્રોઈંગરૂમ વટાવી બાથરૂમ પાસે પહોંચી. મૃતદેહમાંથી લોહી વહી વહીને હવે અટકી જવા આવ્યું હતું. શાવર હજુ ચાલુ હતો.

ફોટોગ્રાફરે દૂર રહી જુદા જુદા ઍંગલથી તસવીરો લેવા માંડી. તે ધીમેથી બૂટ કાઢી બાથરૂમમાં પ્રવેશ્યો અને એકાએક એણે ચીસ પાડી : 'ઓ...ઉ...!'

ફોટોગ્રાફરની અચાનક ચીસ સાંભળી બધા ચોંકી ઊઠ્યા.

ફોટોગ્રાફરના મોં પર વેદના હતી. એક પગ ઊંચકી લેતાં એણે નીચે નજર કરી તો પગની પાનીમાંથી લોહી દડદડ વહી રહ્યું હતું.

**(ક્રમશઃ વધુ આવતા અંકે)**

**દેવેન્દ્ર પટેલ**
**સંપર્ક**
+91 98792 07102

## જાણવા જેવું

### હજારો વર્ષ જીવતો અજાયબ છોડ : વેલ્વેશિયા

સજીવ સૃષ્ટિમાં વૃક્ષોનું આયુષ્ય સૌથી વધુ હોય છે. તેમાંય રણપ્રદેશમાં થતો વેલ્વેશિયાનો છોડ તો હજારો વર્ષ જીવે છે. દક્ષિણ આફ્રિકાના નામિબીયા અને ઍંગોલાના રણમાં આ છોડ થાય છે. આ છોડને થડ હોતું નથી પરંતુ મૂળમાંથી માત્ર બે પાન ઊગે છે. આ છોડના વિકાસની રીત પણ અનોખી છે. તેના પાન ચિરાઈને બે ભાગ થાય પછી ફરી ચિરાઈને ચાર થાય એમ વિકાસ પામ્યા કરે. આ પાન બેથી ત્રણ મીટર લાંબા હોય છે. અને લીલા રંગના હોય છે. ઇ.સ.૧૮૬૦માં દ. ફ્રેડરિક વેલવિશ નામના વિજ્ઞાાનીએ આ છોડ શોધી કાઢેલો. તેથી તેના નામ ઉપરથી વેલવેશિયા કહેવાય છે. આફ્રિકામાં ૨૦૦૦ વર્ષ જૂના વેલવેશિયા જોવા મળે છે.

### પૃથ્વીની બહેન તરીકે ઓળખાતો ગ્રહ : શુક્ર

આકાર અને વજનમાં પૃથ્વી સાથે સામ્યતા ધરાવતા ગ્રહ શુક્રને પૃથ્વીની બહેનની ઓળખ મળી છે. શુક્ર પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ છે. શુક્રના ઇવનિંગ સ્ટાર, શુક્રતાર વગેરે નામ છે. તે પૃથ્વી પરથી નરી આંખે દેખાય છે. શુક્રના વાતાવરણમાં ૯૦ થી ૯૫ ટકા કાર્બન ડાયોક્સાઇડ છે. શુક્રને કોઈ ઉપગ્રહ નથી. શુક્ર પર દિવસ અને રાતનું તાપમાન સરખું રહે છે. શુક્ર સૂર્યની પ્રદક્ષિણા ૨૨૫ દિવસમાં પુરી કરે છે. શુક્રની આસપાસ સલ્ફ્યુરિક એસિડથી થયેલા વાદળો છે. શુક્રને અંગ્રેજીમાં રોમન દેવી વિનસનું નામ મળેલું છે. શુક્રની સપાટી પર હંમેશ ૪૬૨ સેન્ટીગ્રેડ જેટલું તાપમાન રહે છે. શુક્ર પોતાની ધરી પર ૨૪૩ દિવસમાં એક ચક્ર પૂરું કરે છે. એટલે તેનો એક દિવસ તેના વર્ષ કરતાં મોટો હોય છે.

# કોરોનાથી ત્રસ્ત અમેરિકા અર્થતંત્રને બેઠું કરવા ૯૦૮ અબજ ડૉલરનું તોતિંગ પેકેજ

**• ૩૨૫ અબજ ડૉલરની સહાય, સ્કૂલો માટે ૮૨ અબજ ડૉલર, રસી-જન આરોગ્ય માટે ૬૯ અબજ ડૉલરની ફાળવણી**

વોશિંગ્ટન : કોરોનાગ્રસ્ત અમેરિકાને બેઠું કરવા અમેરિકી સંસદના બન્ને ગૃહ અને વ્હાઈટ હાઉસે મળીને ૯૦૮ અબજ ડૉલરનું તોતિંગ પેકેજ તૈયાર કર્યું છે. આ રકમનો ઉપયોગ બેકારી ભથ્થું, વિવિધ ઉદ્યોગોને રાહત, ભાડાંમાં મદદ, ફૂડ આસિસ્ટન્ટ, ટ્રાન્સપોર્ટેશન રાહત, શિક્ષણ, હેલ્થ કેર સેક્ટરમાં મદદ વગેરે રીતે કરવામાં આવશે. મૂળ ઉદ્દેશ લોકોના હાથમાં રોકડ વધે અને એ દૈનિક જરૂરિયાત પુરી કરી શકે એવો છે.

આ માટે અમેરિકી સંસદના બન્ને ગૃહો અને વ્હાઈટ હાઉસ એટલે કે પ્રેસિડેન્ટની ટીમ મહિનાઓથી વાટાઘાટો કરતી હતી, પણ સહમતી સધાતી ન હતી. હવે સમય પારખીને અગ્રીમતાના ધોરણે આ પેકેજ તૈયાર થયું છે અને આગામી દિવસોમાં તેને સંસદમાં રજૂ કરવામાં આવશે. ૯૦૦ અબજની રકમને જો રૂપિયામાં કન્વર્ટ કરવામાં આવે તો આજના દરે રકમ ૬૬૫૦૦ અબજ કરતા પણ વધારે થાય.

પેકેજ હેઠળ ૨૮૬ અબજ ડૉલરની સીધી સહાય કરવામાં આવશે. અમેરિકાના સ્મોલ બિઝનેસ માટે ૩૨૫ અબજ ડૉલર, રસીના વિતરણ અને આરોગ્યના અન્ય કાર્યક્રમો માટે ૬૯ અબજ ડૉલર, સ્કૂલો માટે ૮૨ અબજ ડૉલરની રકમ, ટ્રાન્સપોર્ટેશન માટે ૪૫ અબજ ડૉલર, ભાડાંમા સહાય માટે ૨૫ અબજ ડૉલર.. વગેરેનો સમાવેશ થાય છે.

# પીએમ નરેન્દ્ર મોદીને અમેરિકાનો લીઝન ઓફ મેરિટ એવોર્ડ મળ્યો

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લીઝન ઑફ મેરિટ એવોર્ડથી સમ્માનિત કર્યા હતા. પીએમ મોદીનું આ સન્માન અમેરિકા અને ભારતની વચ્ચેના મજબૂત સંબંધને દર્શાવે છે. છેલ્લા ૪ વર્ષમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદીની મિત્રતા પણ ઘણી ચર્ચામાં રહી છે. લીઝન ઑફ મેરિટ એવોર્ડ અમેરિકાના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડમાંનો એક છે. લીઝન ઑફ મેરિટ એવોર્ડ અમેરિકી સેનાના ઑફિસર, અમેરિકા માટે કંઈક મોટુ કાર્યકરનારા અને કોઈ અન્ય દેશના રાષ્ટ્રાધ્યક્ષને આપવામાં આવે છે. અમેરિકામાં ભારતીય રાજદૂત તરણજીત સંધુએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપેલુ સન્માન લીઝન ઑફ મેરિટને રિસીવ કર્યુ. અમેરિકાના નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી. અમેરિકાની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે પોતાના સત્તાકીય ટ્વીટર હેન્ડલથી ટ્વીટ કરી, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમેરિકા-ભારત સામરિક સમાધાનને વધારવામાં તેમના નેતૃત્વ માટે લીઝન ઑફ મેરિટથી સન્માનિત કર્યા હતા. વડા પ્રધાન મોદીની જગ્યાએ રાજદૂત તરણજીત સંધુએ આ પદકનો સ્વીકાર કર્યો હતો.

# હૉંગકોંગમાં લાખો લોકોના વિરોધ વચ્ચે ચીને રાષ્ટ્રીય સુરક્ષા કાયદો પસાર કર્યો

હોંગકોંગ : હોંગકોંગમાં વર્ષ ૨૦૨૦ની શરૂઆતના છ મહિના ખૂબ જ કપરાં રહ્યાં હતા. ચીન દ્વારા હોંગકોંગના લોકોના અધિકારો ઉપર તરાપ મારવા માટે ચોક્કસ કાયદા લાગુ કરવાનો અને રાષ્ટ્રિય સુરક્ષા કાયદો પસાર કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ મુદ્દે હોંગકોંગમાં મોટાપાયે વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા. લોકશાહીની માગણી કરનારા લોકો લોકો રસ્તા ઉપર ઊતરી આવ્યા હતા. લોકોની એક જ માગણી હતી કે, હોંગકોંગ ઉપરથી ચીનની તાનાશાહી ઓછી થાય અને ત્યાં લોકશાહીની સ્થાપના થાય.

આ મુદ્દે કોરોના મહામારી હોવા છતાં લોકો વિરોધ કરવા માટે રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. હોંગકોંગની તત્કાલિન સરકાર દ્વારા ચીનના પ્રત્યર્પણ કાયદાને મંજૂરી આપવામાં આવી હોવાના કારણે લોકો વધારે ગિન્નાયા હતા. આ મુદ્દે અનેક વખત પોલીસ અને સુરક્ષા જવાનો સાથે લોકોની અથડામણ થઈ હતી. અનેક વખત તોડફોડ અને હિંસા જેવી ઘટનાઓ જોવા મળી હતી. મૂળ વાત એવી છે કે, દુનિયાના સૌથી મોટા વ્યાપારી હબ અને આલ્ફા પલ્સ શહેરોમાં સ્થાન ધરાવતા હોંગકોંગની દેખરેખ બ્રિટન દ્વારા કરવામાં આવતી હતી. તેની સ્વયત્તા જળવાઈ રહે તે રીતે તેનું સંચાલન કરવાની શરતે તેણે તમામ જવાબદારી ચીનને સોંપી હતી.

# પાક.ના ઈસ્લામાબાદમાં પ્રથમ હિંદુ મંદિરના નિર્માણ માટે ઈમરાન સરકારની લીલીઝંડી

**• અગાઉ કટ્ટરવાદીઓએ રેલીઓ કાઢી ઈમરાન ખાન સરકાર પર કામ અટકાવવા દબાણ કર્યું હતું**

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં હિંદુ મંદિરના નિર્માણને ઈમરાન ખાનની સરકારે આખરે મંજૂરી આપી દીધી છે. સ્થાનિક કટ્ટરવાદીઓના ઉગ્ર વિરોધને બાજુમાં મુકીને ઈમરાન ખાન સરકારે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેને પગલે હવે ફરી કટ્ટરવાદીઓના પેટમાં તેલ રેડાશે અને વિરોધ કરવામાં આવી શકે છે.

ઈસ્લામાબાદમાં ભવ્ય મંદિર બનવા જઈ રહ્યું છે, જોકે છ મહિના પહેલા જ તેનું કામ શરૂ થઈ ગયું હતું પણ સ્થાનિક કટ્ટરવાદીઓએ રેલીઓ કાઢી ઈમરાન ખાન સરકાર પર કામ અટકાવવા દબાણ કર્યું હતું. જેને પગલે સરકારે આ કામને રોકી દીધુ હતું પણ હાલ મામલો શાંત પડી રહ્યો જણાતા ફરી તેના



નિર્માણને મંજૂરી આપી દીધી છે. જોકે સાથે જ સરકારે મંદિરના નિર્માણને લઈને કેટલીક સ્પષ્ટતા પણ કરી છે અને શરતો મુકી છે. સરકાર દ્વારા જાહેર નિવેદન અનુસાર પ્રાંગણમાં અમુક જગ્યાએ દિવાલોને બદલે તાર ફેન્સિંગ કરવાનું રહેશે, સાથે જ મંદિર અને અન્ય દિવાલોની ઉંચાઈ પણ એક લિમિટ સુધી રાખવાની રહેશે.

# અમેરિકાનો મિસાઈલ હુમલો : ઈરાનના બીજા નંબરના સર્વોચ્ચ સત્તાધીશની હત્યા

બગદાદ : ઈરાનના સૌથી શક્તિશાળી લશ્કરી જનરલ કાસિમ સુલેમાની ૩ જાન્યુઆરી, ૨૦૨૦ની વહેલી સવારે પોતાના કાફલા સાથે સીરિયાથી બગદાદ પાછા ફર્યા હતા અને બગદાદ એરપોર્ટથી શહેરમાં આવી રહ્યા હતા ત્યારે ડ્રોનથી કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં માર્યા ગયા. આખો કાફલો બે કારમાં સવાર હતો. બંને કાર નાશ પામી.. હુમલામાં કુલ સાત લોકો માર્યા ગયા.

અમેરિકાએ જાહેર કર્યું કે આ હુમલો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના હુકમથી કરવામાં આવ્યો હતો. એમના કાફલામાં ઈરાનના સમર્થનથી કામ કરતા આતંકવાદીઓ પણ હતા. ૬૨ વર્ષના જનરલ કાસિમ મધ્ય-પૂર્વની મોટાભાગની લશ્કરી કાર્યવાહીના વડા રહ્યા છે. ઈરાનમાં ખૌમેની પછી સૌથી શક્તિશાળી નેતા હતા. તેઓ ઈરાનની કુદ્સ ફોર્સ નામની લશ્કરી ટુકડીઓના લીડર હતા. કાસિમ સુલેમાનીના મૃત્યુના માનમાં ઈરાનમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ માણસ સીધી કે આડકતરી રીતે લાખ્ખો માણસોનાં મૃત્યુ માટે જવાબદાર હતો. વિશ્વનો એક નંબરનો આતંકવાદી હતો, તેને વર્ષો પહેલાં જ મિટાવી દેવાની જરૂર હતી. અમેરિકન સંરક્ષણ વડામથક પેન્ટાગોન તરફથી નિવેદન આપવામાં આવ્યું કે સુલેમાની આખા આરબ વિસ્તારમાં અમેરિકન રાજદ્વારીઓ પર હુમલાનું પ્લાનિંગ કરી રહ્યા હતા. તથા હિઝબુલ્લાહ, હમસ અને ઈસ્લામિક જિહાદના આતંકવાદીઓને રક્ષણ આપી રહ્યા હતા. ઈરાનના સર્વોચ્ચ વડા આયાતોલ્લાહ અલી ખૌમેનીએ જણાવ્યું કે આ આંતરરાષ્ટ્રીય આતંકવાદનું કૃત્ય છે. અમેરિકા જવાબદાર છે. ગુનેગારો સામે સમય આવતાં ભયાનક બદલો લેવામાં આવશે.

# ઈંગ્લેન્ડમાં માતાએ દોઢ વર્ષની દીકરી પર ઉકળતું પાણી રેડ્યું, ૧ કલાક સુધી તડપતા મોત

લંડન : ઈંગ્લેન્ડના નોટિંઘમશાયરમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક માતાએ દારૂના નશામાં પોતાની ૧૯ મહિનાની યુવતી પર ઉકળતું પાણી રેડી દીધું. ૧ કલાક સુધી તડપ્યા બાદ બાળકીનુ મોત નીપજ્યું. આ મામલે સુનાવણી દરમિયાન ન્યાયાધીશે કહ્યું કે આ ઘટના માનવતા માટે શરમજનક છે, કારણ કે બાળકીને વાસ્તવમાં ખૂબ જ દર્દ થયું હશે. કોર્ટે મહિલાને આજીવન કેદની સજા ફટકારી છે. ૨૬ વર્ષની કેટી ક્રાઉડરએ પોતાની ૧૯ મહિનાની દીકરી ગ્રેસી ક્રાઉડર પર ઉકળતા પાણી રેડી દીધું. એક કલાક સુધી તડપ્યા બાદ બાળકીનું મોત થયું. મળતી માહિતી પ્રમાણે આ મહિલા એ જ્યારે ઘટનાને અંજામ આપ્યો ત્યારે તે કોકીનના નશામાં ચકનાચૂર હતી. નશાની સ્થિતિમાં બાળકી પર ગરમ પાણી રેડીને મહિલા પોતાના કામમાં લાગી ગઈ. ત્યારબાદ એક કલાક સુધી બાળકી દર્દનાક રીતે તડપીને મોતને ભેટી. પોસ્ટમોર્ટમ રિપોર્ટના મતે ઉકળતા પાણીથી ગ્રેસીની ચામડી લગભગ ૬૫ ટકા સુધી બળી ગઈ હતી.

# ભાગેડુ નીરવ મોદીના ભાઈ પર ન્યૂયોર્કમાં રૂપિયા ૧૯ કરોડની છેતરપિંડીનો કેસ

ન્યૂયોર્ક : ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીના ભાઈ નેહલ મોદી પર હવે અમેરિકાના ન્યૂયોર્કમાં છેતરપિંડીનો ગંભીર આરોપ લાગ્યો છે. નહેલ મોદી પર દુનિયાની સૌથી મોટી હીરા કંપનીઓ પૈકીની એક કંપની સાથે ૧૯ કરોડ રુપિયાની છેતરપિંડીનો આરોપ મુકવામાં આવ્યો છે. ન્યૂયોર્કના મેનહટન વિસ્તારની એક ડાયમંડ કંપનીએ ન્યૂયોર્કની સુપ્રીમ કોર્ટમાં નેહલ મોદી સામે આ હીરાની ચોરીનો આરોપ મુક્યો છે. નેહલ મોદીએ એક કંપની સાથે મળીને બોગસ પ્રેઝન્ટેશન કરવાના નામે આ કંપની પાસેથી ૧૯ કરોડ રુપિયાના હીરા લીધા હતા.નેહલ મોદીએ આ પ્રેઝન્ટેશન કોસ્ટકો હોલસેલ કોર્પોરેશન નામની કંપનીને કરવાનો હતો. આ ચેન કંપની છે જે પોતાના સભ્ય બનનારા ગ્રાહકોને ઓછી કિંમતે હીરા વેચે છે.આ હીરા ન્યૂયોર્કની કંપનીને પાછા મળ્યા નથી.

# પૂર્ણ સૂર્યગ્રહણને કારણે સૂર્ય પાસેથી પસાર થતો દુર્લભ ધૂમકેતુ જોવા મળ્યો

**• સૂર્યથી ૪૩ લાખ કિમી દૂર ધૂમકેતુ ૭,૨૪,૨૦૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ગતિ કરતો હતો**

વોશિંગ્ટન : દક્ષિણ અમેરિકા સહિતના કેટલાક વિસ્તારોમાં તાજેતરમાં જોવા મળેલા પૂર્ણ સૂર્યગ્રહણની ઘટના સમયે ખગોળશાસ્ત્રીઓને સૂર્યની પાસેથી પસાર થતો ભાગ્યે જ દેખાતો ધૂમકેતુ જોવા મળ્યો હતો. જે ગણતરીના કલાકો બાદ નષ્ટ થઈ ગયો હતો. સૂર્યગ્રહણ સમયે ખગોળશાસ્ત્રીઓ સૂર્યની આસપાસની ગતિવિધિઓનું બારિકાઈથી નિરિક્ષણ કરતાં હોય છે અને આ દરમિયાન જ તેમની નજર આ દુર્લભ



ખગોળીય ઘટના પર પડી હતી. અવકાશી સંશોધન સાથે સંકળાયેલી સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના જણાવ્યા અનુસાર ચિલી અને આર્જેન્ટીનામાં દેખાયેલા પૂર્ણ સૂર્યગ્રહણ દરમિયાન સેટેલાઈટથી મદદથી ડેટા એકત્ર કરવામાં આવ્યો હતો.

# યુએસમાં ગુજરાતી મૂળના વેદાંત પટેલ વ્હાઈટ હાઉસના સહાયક પ્રેસ સેક્રેટરી નિમાયા

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જો બાઈડેને તેમના સ્ટાફના નવા સભ્યોની નિમણંકની જાહેરાત કરતાં આજે ગુજરાતી મૂળના વેદાંત પટેલને વ્હાઈટ હાઉસના સહાયક પ્રેસ સેક્રેટરી તરીકે નિમ્યા હતા. હાલમાં પટેલ બાઈડેનની સ્વાગત સમિતિના પ્રવકતા છે અને તેઓ બાઈડેનના પ્રચારમાં પહેંલા થી જ જોડાયા હતા. અગાઉ તેઓ રીજીયોનલ કોમ્યુનિકેશન ડાયરેકટર હતા. બાઈડેનના પ્રાઈમરી દરમિયાન પટેલે નેવાડા અને પશ્ચિમી પ્રાઈમરી સ્ટેટ કોમ્યુનિકેશન્સના ડાયરેકટર હતા. અગાઉ તેઓ ભારતીય અમેરિકન પ્રેમિલા જયપાલના કોમ્યુનિકેશન ડાયરેકટર હતા અને કોંગ્રેસમેન માઈક હોન્ડાના પણ કોમ્યુનિકેશન ડીરેકટર તેમજ ડેમોક્રેટિક નેશનલ કમીટીના પ્રેસ સેક્રેટરી હતા. ગુજરાતમાં જન્મેલા વેદાંત પટેલનો ઉછેર કેલિફોર્નિયામાં થયો હતો.

# ડેન્માર્ક, નેધરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઈટાલી તેમજ આફ્રિકામાં પણ કોરોનાનો બીજો સ્ટ્રેન દેખાયો

## અમેરિકામાં ૨૪ કલાકમાં ૩૪૦૦ના મોત, ૧૯૫૦૦૦ લાખ નાગરિકોને કોરોનાનો ચેપ

નવી દિલ્હી : અમેરિકામાં બે સપ્તાહથી દરરોજ ૨ લાખથી વધુ લોકો કોરોના પોઝિટિવ નીકલી રહ્યા છે મંગળવારે અમેરિકામાં ૧.૯૫ લાખ નાગરિકો કોરોનાથી સંક્રમિત થયા હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે આ દરમિયાન એટલે કે ૨૪ કલાકમાં ૩૪૦૦ના મોત નીપજ્યા હતા. સૂત્રનો જણાવ્યા મુજબ મંગળવારે અમેરિકામાં ૧૧૭૦૦૦ લાખ દર્દીઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન પ્રેસિડેન્ટ ઈલેક્ટ જો બાઈડેને હજી દેશમાં કપરા દિવસો આવશે તેમ જણાવ્યું હતું.

બીજી તરફ બ્રિટનમાં નવા સ્વરૂપનો કોરોના જોવા મળતા ફફડાટ ફેલાયો હતો. ન્યૂ સ્ટ્રેઈન કોરોના વાયરસના કારણે દહેશત ફેલાઈ જતાં દુનિયાભરના દેશોએ બ્રિટન સાથે હવાઈ મુસાફરી બંધ કરી દીધી હતી. બ્રિટન ઉપરાંત ડેન્માર્ક, નેધરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઈટાલી અને સાઉથ આફ્રિકામાં ન્યૂ સ્ટ્રેઈન કોરોના વાયરસ જોવા મળ્યો હતો.



નવા સ્વરૂપના કોરોના વાયરસ જોવા મળ્યા પછી ભારતે બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. બ્રિટનમાં કોરોનાનો હાહાકાર મચી જતાં ભારત ઉપરાંતના ઘણાં દેશોએ પ્રતિબંધ મૂકી દીધો છે. રશિયા, મોરોક્કો, કેનેડા, ઈઝરાયેલ, ઈટાલી, સ્પેન જેવા અસંખ્ય દેશોએ બ્રિટન સાથે હવાઈ વહેવાર બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. નિષ્ણાતોના મતે ડેન્માર્ક, નેધરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઈટાલી, સાઉથ આફ્રિકામાં પણ જોવા મળ્યો હતો. એટલું જ નહીં, ફ્રાન્સ અને સ્પેનમાં પણ ન્યુ સ્ટ્રેઈન વાયરસ હોવાની શક્યતા હોવાથી સરકારી સ્વાસ્થ્ય વિભાગને હાઈએલર્ટ કરાયો છે. બ્રિટનમાં ઝડપભેર કોરોનાના કેસ વધી રહ્યા છે. એ સ્થિતિ વચ્ચે યુરોપિયન સંઘના ઘણાં દેશોએ બ્રિટનથી આવતી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ભારતના નાગરિક ઉડ્ડયન વિભાગના એક સત્તાવાર નિવેદનમાં કહેવાયું હતું કે આગામી ૩૧મી ડિસેમ્બર સુધી બ્રિટનની બધી જ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ૩૧મી પછી ફરીથી સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આગળનો નિર્ણય લેવાશે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી, સ્વિટ્ઝર્લેન્ડ, પોર્ટુગલ, બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, બલ્ગેરિયા, ડેન્માર્ક, ફિનલેન્ડ, રોમાનિયા, ક્રોએશિયા અને નેધરલેન્ડ જેવા ૧૩ યુરોપિયન દેશો, સાઉદી, ભારત, તુર્કી, કેનેડા, આયર્લેન્ડ અને ચિલીમાં બ્રિટનથી આવતી ફ્લાઈટ્સ બંધ કરાઈ હતી.

## ફાઈઝરની રસીથી દર્દીઓમાં એલર્જીની સમસ્યા : શિકાગોની હોસ્પિટલે ટેસ્ટ રોક્યા

લંડન : અમેરિકાનાં ઘણા રાજ્યોમાં ફાઈઝરની કોરોના વેક્સિનનાં કારણે લોકોનાં બિમાર પડવાની ઘટનાઓ બહાર આવી છે, વેક્સિનથી થનારી એલર્જીનાં કારણે ઘણા લોકોને મુશ્કેલીઓ પડી રહી છે, ડેઈલી મેલનાં રિપોર્ટ મુજબ અમેરિકાનાં ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)નાં વેક્સિનથી એલર્જીનાં ૫ કેસની તપાસ શરૂ કરી છે.

શુક્રવારે એલર્જીનાં ઘણા કેસ બહાર આવ્યા બાદ શિકાગોની હોસ્પિટલે તો કેટલાક દિવસ માટે વેક્સિનેશન રોકી દેવામાં આવ્યું છે, જો કે બાદમાં નિર્ણય લેવામાં આવ્યો કે રવિવારે વેક્સિનેશન ફરીથી શરૂ કરવામાં આવે, અહીં ચાર લોકોને વેક્સિનથી એલર્જી થઇ, તેમાં એક વ્યક્તિને એલર્જીની ગંભીર સમસ્યા પેદા થઇ, ફાઇઝર કંપની દ્વારા આ ઘટના અંગે કોઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. એફડીએનાં ડાયરેક્ટર પીટર માર્ક્સએ કહ્યું કે અલાસ્કા સહિત ઘણા રાજ્યોમાં પહેલેથી જ એલર્જીની ઘટનાઓ બહાર આવી છે, તેમણે કહ્યું કે ફાઇઝરની વેક્સિનમાં આવેલા polyethylene glycol નાંમનાં એક પદાર્થનાં કારણે આવી થઇ શકે છે, આ પદાર્થ મોડર્નાની વેક્સિનમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.

## જો બાઈડેને લાઈવ ટીવી ઉપર કોરોના વેક્સીન લીધી, લોકોને પણ કરી અપીલ

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડેનને કોરોના વાયરસની રસી આપી છે. ૭૮ વર્ષના જો બાઈડેનને હાલ કોરોના વેક્સીનનો પહેલો ડોઝ અપાઈ ગયો છે. બાઈડેન કોરોનાના હાઈ રિસ્ક ગ્રૂપમાં આવે છે. જો બાઈડેનને ફાઈઝર (કેડી)ની તરફથી વિકસિત કોરોના વેક્સીનનો ડોઝ અપાયો છે. અમેરિકન લોકોમાં આત્મવિશ્વાસ જગાવાના ઉદ્દેશથી નવ નિમાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડેન એ કોરોના રસીનો ડોઝ લાઈવ ટીવી પર લીધો. વેક્સીનનો ડોઝ લેતા સમયે બાઈડેને કહ્યું કે ચિંતાની કોઈ વાત નથી. તમામ લોકો કોરોના



વેક્સીન લે. અમેરિકામાં આવતા મહિને એટલે કે જાન્યુઆરીથી કોરોના વેક્સીન સામાન્ય લોકો માટે ઉપલબ્ધ થવાની સંભાવના છે.

## એન્ટાર્કટિકામાં ચિલી રિસર્ચ સેન્ટરમાં ૩૬ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો

એન્ટાર્કટિકા : દુનિયામાં કોરોના વાયરસનો ફેલાવો થયો તેને એક વર્ષ પુરુ થયું છે. ચીનમાંથી ફેલાયેલો આ વાયરસ એક વર્ષની અંદર આખી દુનિયામાં ફરી વળ્યો છે. આ વાયરસે આખી દુનિયામાં આતંક મચાવ્યો. દુનિયાએ ક્યારેય ના જોયેલા દ્રશ્યો આ વાયરસના કારણે જોયા છે. દુનિયાના લાખો લોકોએ કોરાનના કારણે જીવ ગુમાવ્યા છે. દુનિયાના અમુક છેવાડાના દેશો કે જેનો દુનિયા સાથે બહુ સંપર્ક નહોતો તેઓ કોરોના વાયરસના ચેપથી બચેલા બતા, પરંતુ હવે દુનિયાનો એક પણ ભાગ એવો નથા રહ્યો કે જ્યાં કોરોના વાયરસ ના પહોંચ્યો હોય. દુનિયાના દક્ષિણ ભાગમાં આવેલો એન્ટાર્કટિકા મહાદ્વિપ કોરોના વાયરસથી બચેલો હતો. પરંતુ ત્યાંન આવેલા ચિલીના રિસર્ચ સેન્ટરના ૩૬ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. સોમવારે આ લોકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. આ લોકોમાં ૨૬ લોકો સેનાના છે અને ૧૦ લોકો મેઇન્ટેનસ વાળા છે. ચીલીની સેનાએ કહ્યું કે તેણે તમામ કોરોના પોઝિટિવ સૈનિકોને પરત બોલાવ્યા છે.

## યુરોપથી આવનારાને સાઉદીમાં બે અઠવાડિયાનું આઇસોલેશન

સાઉદી દ્વારા તાત્કાલિક ધોરણે એક અઠવાડિયા માટે તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો છે. તે ઉપરાંત જમીની સરહદો પણ સીલ કરી દેવામાં આવી છે. નવી ગાઇડલાઇન મુજબ, યુરોપથી આવેલા તમામ લોકોને બે અઠવાડિયા માટે ફરજિયાત ઔઆઇસોલેશનમાં રાખવામાં આવશે અને જે લોકો આવી ગયા છે તેમણે જાતે જ બે અઠવાડિયા માટે આઇસોલેશનમાં જતા રહેવાનું છે. બીજી તરફ તુર્કીએ તો બ્રિટન ઉપરાંત ડેન્માર્ક, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકાથી આવતી-જતી ફ્લાઇટ્સ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## બ્રિટન-ફ્રાન્સ સરહદ ખોલવા વાટાઘાટો થશે, યુરોપના હજારો ટ્રક ફસાયા

લંડન : બ્રિટન અને ફ્રાન્સમાં કોરોના વાઇરસનો વધારે ચેપી નવો પ્રકાર મળી આવતાં ભય ફેલાયો છે ત્યારે ઘણાં યુરોપિયન ટ્રકર્સ ફ્રાન્સે મુકેલા નિયંત્રણોને કારણે બ્રિટન સાઇડે ફસાતા તેમને પરત લાવવા માટે ફ્રાન્સ અને બ્રિટનના પરિવહન પ્રધાનો સરહદ ખોલવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. નવો મ્યુટન્ટ પ્રસરવાના ભયે ઘણાં દેશોએ યુકે સાથેની પ્રવાસન કડીઓ તોડી નાંખી છે. ફ્રાન્સે કોરોના વાઇરસનો નવો મ્યુટન્ટ પ્રસરવાના ભયે બ્રિટન સાથેની સરહદ સીલ કરી દેતાં લગભગ ૧૫૦૦ જેટલી ટ્રક સરહદે અટવાઈ પડી છે. બંને સરકારોના પ્રધાનો આ ટ્રક ડ્રાઈવરોનો સામૂહિક ટેસ્ટ કરીને સરહદ પર અવરજવર ફરી શરૂ કરવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. જો અવરજવર શરૂ થાય તો આ ટ્રક ડ્રાઇવરો નાતાલમાં ઘરે પહોંચી શકશે. ગૃહ પ્રધાન પ્રીતિ પટેલે જણાવ્યું હતું કે ટેસ્ટ કરવાનું કામ ઝડપથી થઈ શકે તેમ છે પણ તેની શરતો નક્કી કરવા માટે બંને દેશોના પરિવહન પ્રધાનો મંત્રણાઓ કરી રહ્યા છે.

## યુએસમાં કોરોના વાયરસ બેકાબુ, દરેક ૩૩ સેકન્ડે એક વ્યક્તિનું મોત

ન્યૂયોર્ક : વિશ્વનાં વિવિધ દેશોમાં કોરોના સંકટ વિકરાળ બન્યું છે, તેમાં પણ વિશ્વનાં સૌથી શક્તિશાળી દેશ અમેરિકામાં કોરોનાથી દરેક ૩૩ સેકન્ડે એક વ્યક્તિનું મોત કોરોનાથી થાય છે, રાજ્ય અને કાઉન્ટી રિપોર્ટનાં એક રોયટરનાં વિશ્લેષણ અનુસાર કોરોનાનાં કારણે ગત સપ્તાહે એટલે કે ૨૦ ડિસેમ્બર સુધી ૧૮૦૦૦થી વધુ લોકોનાં પ્રાણ ગયા જે ૨૦ ડિસેમ્બરવાળા સપ્તાહ પહેલાથી લગભગ ૬.૭% વધુ છે. આરોગ્ય અધિકારીઓએ દરેક અમેરિકન નાગરિકને અપીલ કરી હતી કે તે વર્ષનાં અંતમાં શરૂ થતી રજાઓનાં દરમિયાન દેશનાં અલગ-અલગ ભાગોમાં ન જાય, પરંતુ તેની કોઇ અસર ન થઇ, દલીલો છતાં શુક્રવાર અને રવિવારે ૩૨ લાખ લોકો અમેરિકાનાં એરપોર્ટ પર જોવા મળ્યા, આરોગ્ય અધિકારીઓ આ બાબતથી વધુ ચિંતાતુર છે કે રજામાં કાર્યક્રમો યોજાવાનાં કારણે સંક્રમણમાં વૃધ્ધી થશે, અને તેનાં કારણે હોસ્પિટલો પર અસર થશે. અમેરિકામાં નવી રસીનો શુભારંભ થઇ ગયો છે, પરંતુ જે રીતે કોરોના સંક્રમણનાં કેસ વધી રહ્યા છે, તે જ કારણે સરકારનાં પ્રયાસો પર પાણી ફરી શકે છે, ગત સપ્તાહે કોવિડનાં કેસની સંખ્યા ૧% ઘટીને લગભગ ૧૫ લાખ થઇ ગઇ હતી. રોયટર્સનાં વિશ્લેષણ મુજબ ટેનેસી, કેલિફોર્નિયા, અને રોડ આઇલેન્ડમાં પ્રતિ વ્યક્તિ નવા કેસ સૌથી વધુ હતા.

## નવી બિમારી નેગ્લરિયા ફાઉલેરીથી અમેરિકામાં ફફડાટ, તંત્ર દોડતું થયું

વોશિંગ્ટન : દુનિયા આખી કોરોના મહામારનો પ્રકોપ સહન કરી રહી છે. હજી સુધી આ મહામારીમાંથી છુટકારો નથી મળ્યો ત્યારે કોરોનાના સૌથી મોટા પીડિત એવા અમેરિકામાં એક નવી જ બિમારીએ દેખા દીધી છે. અમેરિકામાં અમીબા સાથે સંબંધીત એક બિમારીએ માઝા મુકી છે.

મગજને ખતમ કરી નાખતા અમીબાથી અમેરિકામાં મોતની ઘટનાઓ સામે આવી છે. આ અમીબાનું વૈજ્ઞાનિક નામ નેગ્લરિયા ફાઉલેરી છે. ડોક્ટરોથી લઈને વૈજ્ઞાનકો સુધી તમામ લોકો આ જાણકારી મેળવી રહ્યાં છે કે, આ આખરે અમીબા આવ્યું ક્યાંથી.

તાજેતરમાં જ નેગ્લેરિયા ફાઉલેરી અમીબા અમેરિકાના દક્ષિણ રાજ્યોમાં ફેલાયો છે. અમિબાના સંક્રમણનું મુખ્ય કારણ જળવાયુ પરિવર્તન ને માનવામાં આવી રહ્યું છે. અહેવાલ અનુસાર નેગ્લરિયા ફાઉલેરી નામના આ ઘાતક અમીબા મગજને જ ખાઈ જાય છે.

અમેરિકાના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રોઅનુસાર, આ બીમારી હવે ઉત્તર અમેરિકાના રાજ્યોમાં પણ ફેલાવવાનું શરૂ થઈ ગયું છે. વૈજ્ઞાનિકોએ તેના માટે ચેતવણી પણ આપી છે કે, જીવલેણ નેગ્લરિયા ફાઉલેરી અમીબા પાણી સાથે જોડાયેલ છે અને પાણી આપણા જીવનનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે.

# બોક્સિંગ-ડે ટેસ્ટ માટે ભારતીય ટીમની તૈયારી શરૂ

નવીદિલ્હીઃ સિરીઝની પ્રથમ ટેસ્ટમાં કારમા પરાજયને ભૂલીને ભારતીય ટીમે મેલબોર્નના એમસીજી ગ્રાઉન્ડ પર બોક્સિંગ ડે ટેસ્ટ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિરાટ કોહલી ભારત પરત આવી જતાં તેને સ્થાને નવા કેપ્ટન અજિંક્ય રહાણેની આગેવાની હેઠળ ટીમે પોતાનું સમગ્ર ધ્યાન રેડ બોલ ક્રિકેટ પર કેન્દ્રિત કર્યું હતું. શુભમન ગિલ સહિત તમામ ખેલાડીઓએ તનતોડ નેટ પ્રેક્ટિસ કરી હતી.



નોંધનીય છે કે ગુલાબી બોલમાં રમાયેલી વોર્મ-અપ મેચમાં ૪૩ અને ૬૫ રનનો સ્કોર કરવા છતાં પણ ગિલને પ્રથમ ટેસ્ટમાં તક આપવામાં આવી ન હતી. તેણે મયંક અગ્રવાલે ભારે પ્રેક્ટિસ કરી હતી, જે નિર્દેશ કરે છે કે બીજી ટેસ્ટમાં આ જોડી જ દાવની શરૂઆત કરશે. ૨૧ વર્ષનો ગિલ રણજી ટ્રોફીમાં પણ પંજાબ માટે ઓપનિંગ કરે છે અને હાલમાં ફોર્મલેસ પૃથ્વી શોની સરખામણીએ સારો વિકલ્પ બની શકે. બીજા એક ખેલાડી કે જેની બીજી ટેસ્ટમાં સમાવેશ થવાની મજબૂત શક્યતા છે તે કે એલ રાહુલે પણ લાંબા સમય માટે નેટમાં પ્રેક્ટિસ કરી હતી. પ્રેક્ટિસ દરમિયાન રવિ શાસ્ત્રીએ પણ હાજર રહીને ટીમને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### બીજી ટેસ્ટ મેચ પહેલા જ વોર્નર-એબોટ આઉટ

૨૬ ડિસેમ્બરે મેલબોર્નમાં રમાનારી ટેસ્ટ મેચ બોક્સીંગ ડે ટેસ્ટ સાબિત થાશે તેવો અંદાજ છે. આ ખરાખરીની મેચ પહેલા જ ઓસ્ટ્રેલિયાના બે ધરખમ ખેલાડીઓ ટીમની બહાર થઈ ગયા છે. ત્રીજી ટેસ્ટ મેચમાંથી ઓસ્ટ્રેલિયન સ્ટાર ખેલાડી સીન એબોટ બહાર થઈ ગયો છે. ડેવિડ વોર્નર મેદાનમાં પાછો ફરશે તેમ માનવામાં આવતુ હતું પરંતુ હજી ડેવિડ વોર્નરે બીજી ટેસ્ટમાંથી પણ બહાર રહેવુ પડશે.

### બોક્સિંગ-ડે ટેસ્ટમાં રવીન્દ્ર જાડેજાનું રમવું હજુ અનિશ્ચિત

એડિલેડઃ ભારતીય ટીમ મેનેજમેન્ટ ૨૬મી ડિસેમ્બરથી ઓસ્ટ્રેલિયા સામે રમાનારી બોક્સિંગ-ડે ટેસ્ટ પહેલાં પોતાના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની ઇજા ઉપર સતત નજર રાખી રહ્યું છે. પ્રથમ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ દરમિયાન જાડેજાને માથામાં બોલ વાગ્યો હતો. ત્યારબાદ પગના સ્નાયુ ખેંચાઇ જતાં તે પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઇ ગયો હતો.

## બેડમિન્ટન ફાઈનલ્સ સહિત ત્રણ સ્પર્ધા માટેની ટીમમાં સિંધૂ - સાઈનાનો સમાવેશ

નવી દિલ્હીઃ પીવી સિંધૂ અને સાઇના નેહવાલ સહિત આઠ સભ્યની ટીમ વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનની વર્લ્ડ ટૂર ફાઇનલ્સ સહિત બેંગકોકમાં રમાનારી આગામી ત્રણ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. ભારતીય બેડમિન્ટન એસોસિયેશનને ઓલિમ્પિક ક્વોલિફિકેશનને ધ્યાનમાં રાખીને જાન્યુઆરીમાં રમાનારી આ ટૂર્નામેન્ટ્સ માટે સોમવારે આઠ સભ્યોની મજબૂત ટીમની પસંદગી કરી હતી. ભારતીય ટીમમાં પીવી સિંધૂ, સાઇના નેહવાલ, બી. સાઇ પ્રણીત, કિદામ્બી શ્રીકાંત, સાત્વિક સાઈરાજ રેડ્ડી, ચિરાગ શેટ્ટી, અશ્વિની પોનપ્પા તથા એન સિક્કી રેડ્ડીનો સમાવેશ



કરવામાં આવ્યો છે. ભારતીય ખેલાડીઓ ૧૨મીથી ૧૭મી જાન્યુઆરીની તથા ૧૯મીથી ૨૪મી જાન્યુઆરીએ રમાનારી થાઈલેન્ડ ઓપન ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. ત્યારબાદ ૨૭મીથી ૩૧મી જાન્યુઆરી સુધી વર્લ્ડ ટૂર ફાઇનલ્સ રમાશે. ૨૦૨૦ના માર્ચમાં કોરોના વાઈરસના કારણે લાદવામાં આવેલા લૉકડાઉનના કારણે ઘણી ટૂર્નામેન્ટ સ્થગિત કે રદ કરી દેવામાં આવી હતી.

## BCCIનો નિર્ણય : IPL 2021માં ૧૦ના બદલે આઠ જ ટીમો રમશે

નવી દિલ્હી : ૨૦૨૦ના વર્ષમાં યુએઇ ખાતે રમાયેલી આઈપીએલની ૧૩મી સિઝન બાદ અટકળો શરૂ થઈ ગઈ હતી કે ૨૦૨૧ના વર્ષમાં બે નવી ટીમો સામેલ થઈ શકે છે. કેટલાક સમય પહેલાં એવા અહેવાલ મળ્યા હતા કે ૨૦૨૧ની સિઝનમાં આઠના બદલે ૧૦ ટીમો વચ્ચે

આઈપીએલ રમાશે પરંતુ હવે સ્થિતિ બદલાઈ ચૂકી છે. બીસીસીઆઈએ આગામી સિઝનમાં વધુ બે ટીમોને સામેલ નહીં કરવાનો નિર્ણય લીધો છે અને આગામી સિઝનમાં આઠ જ ટીમો આઈપીએલમાં રમતી જોવા મળશે. ભારતીય ક્રિકેટ બોર્ડે હાલપૂરતો આગામી સિઝનમાં આઠના બદલે ૧૦ ટીમો વચ્ચે લીગ રમાડવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. ૨૪મી ડિસેમ્બરે બીસીસીઆઈના વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) યોજાવાની છે જેમાં આ નિર્ણયની જાહેરાત થાય તેવી પૂરી સંભાવના છે. ૨૦૨૧ની આઈપીએલમાં બે નવી ટીમોને સામેલ કરવાના વિચાર અંગે બોર્ડમાં બે જૂથ થઈ ગયા છે. કેટલાક વધુ ટીમો સામેલ નહીં કરવાની તરફેણમાં છે.

બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૨૧માં બે નવી ટીમોને લોન્ચ કરવા માટે હવે ઘણો ઓછો સમય બાકી રહ્યો છે.

### ક્રિકેટર યુજવેન્દ્ર ચહલ કોરિયોગ્રાફર અને યુટ્યૂબર ધનશ્રી સાથે લગ્નગ્રંથીથી જોડાયા



ભારતનાં સ્ટાર સ્પિનર યુજવેન્દ્ર ચહલે કોરિયોગ્રાફર અને યુટ્યૂબર ધનશ્રી સાથે લગ્ન કરી લીધા છે, આ લગ્ન ગુરૂગ્રામમાં ૨૨ ડિસેમ્બરનાં રોજ થઇ, ચહલ અને ધનશ્રી બંનેએ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ખાસ તસવીરો શેઅર કરી છે, આ તસવીરો ઝડપથી સોસિયલ મિડિયા પર વાયરલ થઇ રહી છે, ચહલ અને ધનશ્રીએ આ વર્ષે ઓગસ્ટ મહિનામાં જ સગાઇ કરીને સૌને ચોંકાવી દીધા હતાં.

## ૨૦૨૦ના ટોપ ATP એવોર્ડ માટે નાડાલ, જોકોવિચ, ફેડરર, તિયાફોઈની પસંદગી

લંડનઃ નોવાક જોકોવિચ, રોજર ફેડરર, રાફેલ નડાલ અને ફ્રાન્સિસ તિયાફોઈનો ૨૦૨૦ માટે એટીપીના ટોચના એવોર્ડ જીતનારા ટેનિસ ખેલાડીઓમાં સમાવેશ થાય છે. જોકોવિચે રેકોર્ડની બરાબરી કરતાં છઠ્ઠી વાર વર્ષનો અંત નંબર એક ખેલાડીના રૂપમાં કર્યો હતો. તેણે ૨૦૨૦માં રેકોર્ડ આઠમી ઓસ્ટ્રેલિયન ઓપન ખિતાબ સહિત કુલ ચાર ખિતાબ જીત્યા હતા. અમેરિકન ઓપન ચેમ્પિયન મેટ પાવિચ અને બ્રૂનો સોરેસની જોડી નંબર એક રહી હતી. આ વર્ષે ફક્ત છ સિંગલ મુકાબલા રમનારા રોજર ફેડરર સિંગલ ખેલાડીઓમાં



પ્રશંસકોનો સૌથી પ્રિય ખેલાડી રહ્યો હતો. સતત ૧૮મા વર્ષે આ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો હતો. રોલાં ગૈરો પર ૧૩મો ખિતાબ જીતવાવાળો નડાલ સતત ત્રીજીવાર સ્ટિફન એડબર્ગ ખેલ ભાવના પુરસ્કાર જીત્યો છે. સ્પેનના ૧૭ વર્ષના કાર્લોસ અલકારેઝને આ વર્ષનો ઊભરતો ખેલાડી જાહેર કરવામાં આવ્યો હતો.

### મહાન બેટ્સમેન સર ડોન બ્રેડમેનની ટેસ્ટ કેપ રૂ. ૨.૫૦ કરોડમાં વેચાઈ

સિડનીઃ ઓસ્ટ્રેલિયાના એક બિઝનેસમેને મહાન બેટ્સમેન સર ડોન બ્રેડમેનની પ્રથમ બેગી ગ્રીન ટેસ્ટ કેપને લિલામીમાં ચાર લાખ પચાસ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર્સમાં ખરીદી લીધી છે જે અમેરિકન ડોલર્સ પ્રમાણે ત્રણ લાખ ચાળીસ હજાર ડોલર્સ અને ભારતીય રૂપિયા પ્રમાણે આશરે રૂ. ૨.૫ કરોડ થાય છે. ક્રિકેટને લગતી યાદગાર ચીજોની લિલામી થતી હોય છે તેમાં આ બીજા નંબરની સર્વાધિક કિંમત ગણાય છે. રોડ માઈક્રો ફાઈનાન્સના સ્થાપક પીટર ફ્રિડમેન મારફત ૧૯૨૮માં ટેસ્ટ પ્રવેશ દરમિયાન પહેરવામાં આવેલી આ કેપ સંપૂર્ણ ઓસ્ટ્રેલિયામાં ફેરવવાની યોજના છે.



## સિરી-એ ફૂટબોલમાં રાફેલ લીઓએ માત્ર છ સેકન્ડમાં ગોલ ફટકાર્યો

સાસુઓલો : એસી મિલાનના યુવા ખેલાડી રાફેલ લીઓએ સિરી-એ ફૂટબોલ મુકાબલામાં સાસુઓલો સામે માત્ર છ સેકન્ડમાં ગોલ નોંધાવીને ઈટાલીની ડોમેસ્ટિક ફૂટબોલ લીગમાં સૌથી ઓછા સમયમાં ગોલ નોંધાવવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. મેચની પ્રથમ મિનિટની અંદર જ લીગમાં ટોચના ક્રમે રહેલી એસી મિલાન માટે હૈક્કન ક્લાંઘોગ્લુએ કિકી ઉપર લીઓએ ગોલ કરીને સોસુઓલો ટીમને સ્તબ્ધ કરી દીધી હતી. રાફેલ લીઓએ પાઓલો પોગીના આઠ સેકન્ડમાં ફાસ્ટેસ્ટ ગોલ કરવાના રેકોર્ડને તોડી નાખ્યો હતો. પિયાસેન્જા ટીમ માટે પોગીએ ૨૦૦૧માં ફિયોરેન્ટિના સામે આ રેકોર્ડ નોંધાવ્યો હતો. મેચન્જા પ્રારંભમાં જ કોઈ ખેલાડી આટલી એટેકિંગ રમત દાખવે તેવું ભાગ્યે જ બનતું હોય છે. એસી મિલાને લીગમાં સોસુઓલોને ૨-૧થી પરાજય આપ્યો હતો. મિલાન તરફથી બીજો ગોલ એલેક્સિસ સીલમેકર્સે નોંધાવ્યો હતો. સોસુઓલો સામેના વિજય સાથે એસી મિલાન સિરી-એ પોઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહી છે. તે ઈન્ટર મિલાન કરતાં એક પોઈન્ટ આગળ છે જેણે અન્ય મુકાબલામાં સ્પેજિયાને ૨-૧થી પરાજય આપ્યો હતો. લીગમાં એટલાન્ટએ રોમાને એકતરફી મુકાબલામાં ૪-૧થી તથા લેઝિયોએ નેપોલીને ૨-૦થી પરાજય આપ્યો હતો.

### ઈંગ્લેન્ડની ટીમ ૭ કોચ સાથે શ્રીલંકા જશે, કાલિસની બેટિંગ કોચ તરીકે વરણી કરાઈ

લંડનઃ સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર જેક્સ કાલિસની આગામી મહિને શ્રીલંકામાં રમાનારી બે ટેસ્ટ મેચની શ્રોણી માટે ઈંગ્લેન્ડની ટીમના બેટિંગ સલાહકાર તરીકેની વરણી કરવામાં આવી છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે જણાવ્યું હતું કે ટીમ બીજી જાન્યુઆરીએ શ્રીલંકા રવાના થશે અને તેની સાથે સાત કોચનું જૂથ પણ પ્રવાસ ખેડશે. આફ્રિકન ઓલરાઉન્ડર કાલિસ ઈંગ્લેન્ડની ટીમ સાથે બેટિંગ કોચ તરીકે જોડાશે. ૪૫ વર્ષીય કાલિસે ગયા વર્ષે સાઉથ આફ્રિકન ટીમના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન શાનદાર કામ કર્યું હતું.


KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com
HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
No Pressure
No Obligation
Just Answers to Your Questions...Its that Simple!
You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.
ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે
અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો
JUST LISTED
Bayview And Finch
$459,900
Stunning & Immaculate One Bedroom + Den Near Bayview & Finch! Upscale Beautiful Boutique Condo In North York. Spacious & Functional Layout W/ Large Den. Laminate Thru-Out. Master Bdrm Includes A Large Closet & Floor To Ceiling Windows For Lots Of Natural Sunlight. Bright & Spacious. Open Concept Thru-Out. Open Balcony View W/ No Obstruction. Upgraded Kitchen W/Stainless Steel Appliances.
JUST LISTED
Murison Blvd/ Sheppard Ave E
$1,099,900
4+1 bed, 2 wash, 2 kitchens, loaded with lots of upgrades. Ready To Move-In, Beautifully Landscaped, Updated Home In Desirable Community Close To School, Park, Shopping And 401. Finished Bsmt With Bedroom, Kitchen & Washroom. Bsmnt Kitchen Features Quartz Counter Top, Built-In S/S Appliances And Back-Splash
WISHING YOU A SEASON OF PEACE, LOVE AND KINDNESS
happy holidays!
NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS
CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.
Use The Advantage of a Team,
Because...Teamwork Makes Your Dreams Work !
Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE
BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!
AIR MILES Travel and More
MASTERS ruby
Grand Centurion Office
Shamim & Amin Kharodia
Sales Representatives
info@kharodiarealestate.com
2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303
647.501.6786 SHAMIM I 647.308.2941 AMIN
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


VICTORIA SUPERMARKET
DECEMBER 25 - 31 COUPON FLYER
OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA
GALA APPLES REGULAR $1.49 SALE 1.09 LB
GREEN MANGO REGULAR $2.49 SALE 1.89 LB
FRESH METHI BUNCH REGULAR $1.99 SALE .99 EACH
COCONUT WRAP REGULAR $2.49 SALE 1.85 EACH
ROHU 3KG AND UP REGULAR $2.99 SALE 2.49 LB
BASA FILLET 3.75 LB REGULAR $9.99 SALE 6.99 EACH
ASSORTED SURATI SNACKS REGULAR $2.49 SALE 1.79 EACH
KCB 200G NAN KHATIE REGULAR $2.25 SALE 1.49 EACH
GITS 200G KHAMAN DHOKLA MIX REGULAR $1.79 SALE .99 EACH
KEMCHHO PLAIN KHARI REGULAR $2.49 SALE 1.49 EACH
LAMB SHANK REGULAR $5.49 SALE 4.99 LB
CHICKEN DRUMSTICKS REGULAR $2.99 SALE 2.29 LB
RANI 4LB BESAN REGULAR $4.99 SALE 2.99 EACH
RANI 4LB TOOR DAL REGULAR $5.99 SALE 4.49 EACH
RANI 400G PEANUTS REGULAR $3.99 SALE 1.19 EACH
RANI 10 LB PREMIUM BASMATI RICE REGULAR $14.99 SALE 7.99 EACH
CRISPY METHI ROTI 15 PACK REGULAR $3.29 SALE 2.25 EACH
LAZEEZ PLAIN / GARLIC NAAN 5 PACK REGULAR $2.99 SALE 2.49 EACH
RANI 1KG JAGGERY REGULAR $2.99 SALE 1.79 EACH
SURATI UNDHIYU MIX REGULAR $2.49 SALE 1.49 EACH
SURATI MOONGDAL KACHORI REGULAR $4.49 SALE 2.99 EACH
AASHIRVAAD ATTA 9 KG REGULAR $13.99 SALE 11.49 EACH
LAZEEZ ONION PARATHA 5 PACK 4 FOR $1.00 SALE 1.00 /4
LAZEEZ 12 PACK SPRINGROLL/ SAMOSA REGULAR $2.99 SALE 1.99 EACH
SOME CONDITIONS MAY APPLY
ORDER ONLINE. FREE DELIVERY.
HALAL MEAT WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER
FRESH HOT FOOD TO GO INSIDE


Cedarbrae
Dental Center
Use it or Lose it! Don't Let Your Benefits Expire!
અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર
સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ
Dr. Ghazala & Associates
Female Dentist For All Your Dental Need
Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)
State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.
Hours of operation
• Monday: 9:00am - 7:00pm
• Tuesday: 9:00am - 7:00pm
• Wednesday: 9:00am - 5:00pm
• Thursday: 9:00am - 7:00pm
• Friday: 9:00am - 5:00pm
• Saturday: 9:00am - 5:00pm
• Sunday: 9:00am - 5:00pm
Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.
Monthly special get free teeth whitening with cleaning (New patients only) expires 10/31st
Pls call to schedule you appointment today at 416-945-1000.
Dr. Ghazala Zaid, DMD
3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6
416-945-1000, 416-945-2800
http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com


CLUB CERAMIC
Lapoto Finish
Matt Fiish
પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી
Porcelain tiles starting from $0.89 per square feet only
Ceramic tiles starting from $0.50 per square feet only
સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી
• Porcelain & Ceramic tiles at Direct factory price
• Price match guarantee + we will beat price with additional 5% discount
• Tiles available for Floor, Wall and Outdoor Parking
• પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
• અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
• ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે
-: Available Size :-
24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"
MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
www.clubceramic.com, Email : sales@clubceramic.com